પાનાં : ૨૪+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ► સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૧૩ વર્ષ : ૯૪, અંક : ૨૮૯ ► ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ► http://www.gujaratsamachar.com AHMEDABAD
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ► મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ► RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4








SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873658180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.


KAPIVA
શુગરના મૂળ પર કરે હુમલો
DIA FREE JUICE
કારેલા: ગ્લુકોઝને ઊર્જામાં બદલવામાં મદદ કરે છે
જામુન: પેન્ક્રિયાસને યોગ્ય રીતે કાર્ય કરવામાં મદદ કરે છે
મેથીના દાણા: ગ્લુકોઝના યોગ્ય ઉપયોગમાં મદદ કરે છે
કુટકી: લીવરના સ્વાસ્થ્યને સપોર્ટ કરે છે
વિજયસાર: શુગરમાં થતા વધારા-ઘટાડાને સંતુલિત કરવામાં મદદ કરે છે
અને 6 અન્ય જડીબુટ્ટીઓ
11 જડીબુટ્ટીઓ
ખાંડ નિયંત્રણમાં રાખવામાં મદદ
KAPIVA
Dia Foods
DIA FREE JUICE
Helps manage blood sugar
Karela, Vijaysar & 9 Herbs
10 લાખ+
લોકોનો ભરોસો
₹18
પ્રતિ ગ્લાસ
આજે જ લો.
3 મહિનામાં
તફાવત જુઓ.
તમારા નજીકના મેડિકલ સ્ટોર અને આયુર્વેદિક દુકાનોમાં ઉપલબ્ધ છે
અથવા ઓનલાઇન ઓર્ડર કરો: www.kapiva.in
ગ્રાહક સંપર્ક: 1800-274-2575
amazon
zepto
bigbasket
SMART BAZAAR
Apollo

પાનાં : ૨૪+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૧૩ વર્ષ : ૯૪, અંક : ૨૮૯ ▶ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

### ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો

## તાઈવાનમાં ચાંપી વાવાઝોડું ત્રાટકતાં પૂર્વ એશિયાની હજારો ફ્લાઈટ કેન્સલ

તાઈપેઈ, તા. ૨૩

તાઈવાનના કાંઠે શક્તિશાળી વાવાઝોડું ત્રાટકતાં શાળા-કોલેજો બંધ રાખવાની સાથે ઈમરજન્સી જાહેર કરાઈ છે. ૧૯૧થી ૨૦૦ કિલોમીટર

(અનુસંધાન ૧૧મે પાને)

### જાપાનના ઓકિનાવા ટાપુમાં વીજળી ગૂલ: તાઈવાનમાં ભારે વરસાદથી પૂરની ભીતિ, એકનું મોત




## યુરોપમાં કાળઝાળ ગરમીથી ૫૦ હજાર લોકોનાં મોત

વાંચો પાના નં. ૧૫

### દિલ્હીની વાત

### ઉત્તર પ્રદેશના સાથી પક્ષોની નારાજગી દુર કરવા અમિત શાહના પ્રયત્નો

નવીદિલ્હી, તા. ૨૩

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માથા પર છે. ચૂંટણી પહેલા ભાજપના સાથી પક્ષોનો મિજાજ બદલાયો છે. ખાસ કરીને નિષાદ પાર્ટીની વર્તણૂકને કારણે ભાજપ ચિંતીત છે. બીજી તરફ સોહેલ દેવ ભારતીય જનતા પાર્ટીની બળવાખોરીને કારણે એનડીએની મુશ્કેલી વધી ગઈ છે. ગોરખપુરમાં ભાજપના એમએલસી દેવેન્દ્ર પ્રતાપ સિંહએ એમએલસી ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના ઉમેદવારને ખુલ્લેઆમ આપેલો ટેકો પણ ભાજપને અસ્વસ્થ કરે છે. હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૩૦મી ઓક્ટોબરે લખનૌ જઈ રહ્યા છે. એમ મનાય છે કે ઉત્તર પ્રદેશ ભાજપના સંગઠનની નબળાઈ બહાર આવવાથી અમિત શાહ લખનૌ જઈને બાજી પોતાના હાથમાં લઈ લેવા માંગે છે. શાહનું માનવું છે કે વિધાનસભા ચૂંટણી નજીક હોવાથી કેટલાક સાથી પક્ષો ભાજપ પર દબાણ લાવીને વધુ ટીકીટ મેળવવાની કોશિશ કરે છે.

(અનુસંધાન ૭મે પાને)

સેમ્પલ હાઉસ રેડી
2 BHK
98250 07752








ટેક્નોલોજી હોય, ફુલ હોય કે આપણી આસપાસના સંબંધો....બધા પર જ જાણે આર્ટિફિશિયલનું આવરણ ચઢી ગયું છે. એક તરફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જે જાતે શીખે છે અને માનવીય બુદ્ધિમત્તાની નકલ કરી વિશ્વભરમાં રોજ નવા તરખાટ મચાવી રહ્યું છે. તો બીજી તરફ કૃત્રિમ એટલે કે આર્ટિફિશિયલ વસ્તુઓ પણ સાચી વસ્તુઓને ઝાંખી પાડી બજારમાં ઘર કરી ગઈ છે. ઘર સુશોભનમાં વપરાતા વિવિધ પ્રકારના રંગબેરંગી તાજા ફૂલોને સ્થાને હવે આર્ટિફિશિયલ દેખાવે સુંદર પણ સુગંધરહિત ફુલો દિવાળી ઘરસુશોભનમાં તૈયાર છે. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

## લોકોએ કાગળ શોધવા કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે

# અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ તેમજ ટેક્સ ખાતાના જૂના દસ્તાવેજો ઓનલાઈન મૂકાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ અને ટેક્સ સહિતના ખાતાઓને લગતા કોઈપણ મહત્વના જૂના દસ્તાવેજો લોકોને જોઈતા હોય તો અત્યાર સુધી કચેરીમાં ધક્કા ખાવા પડે છે. પરંતુ હવે લોકો સાથે સીધા જ જોડાયેલા આ બંને ખાતાના મહત્વના દસ્તાવેજોની જૂની ફાઈલો સ્કેન કરીને ઓનલાઈન મૂકવાનું આયોજન કરાયું છે. દસ્તાવેજો સ્કેન કરવા માટે રૂ.એક કરોડની કામગીરીની દરખાસ્ત આજે ઈ-ગર્વનન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટિરિયલ પ્રોક્યોરમેન્ટ કમિટીમાં મંજૂર કરાઈ છે.

## મહત્વની ફાઈલોના સ્કેનિંગનું કામ ગુજરાત ઈન્ફોટેક લિ.ને રૂપિયા એક કરોડમાં આપવાની દરખાસ્ત કમિટીમાં મંજૂર

અમદાવાદ શહેરમાં નવી અને જૂની મળીને કુલ ૨૨થી ૨૪ લાખ જેટલી મિલકતો છે. નવી મિલકતોના દસ્તાવેજો તો લોકોને સરળતાથી મળી જાય છે. પરંતુ જૂની મિલકતોના દસ્તાવેજો શોધવા માટે મ્યુનિ.ની જુદી જુદી કચેરીઓમાં વારંવાર ધક્કા ખાવા પડે છે. ત્યાર બાદ પણ ફાઈલોમાંથી શોધીને દસ્તાવેજો મળશે કે કેમ? તે નક્કી હોતું નથી. લોકોને મોટાભાગે મ્યુનિ.ના એસ્ટેટ અને ટેક્સ ખાતાના જૂના દસ્તાવેજોની વધારે જરૂર પડતી હોય છે. ત્યારે આ બંને ખાતાના દસ્તાવેજો પહેલાં સ્કેન કરાશે. ત્યાર બાદ અન્ય જરૂરી ખાતાના જૂના દસ્તાવેજોને પણ તેમાં સમાવી લેવાશે. દસ્તાવેજો સ્કેન કરવાની રૂ.એક કરોડની કામગીરી ગુજરાત ઈન્ફોટેક લિ.ને આપવાની દરખાસ્ત આજે મ્યુનિ.ની કમિટીમાં પાસ કરાઈ છે.

### લોકોને કેવા પ્રકારના દસ્તાવેજો ઓનલાઈન મળશે?

એસ્ટેટ વિભાગ

* બાંધકામની મંજૂરી, બીયુ પરમિશન, બિલ્ડિંગના પ્લાન-લેઆઉટ, પ્રોપર્ટી કાર્ડ, કબજા નોટિસ, ગેરકાયદેસર બાંધકામોની નોટિસ, મિલકત ટ્રાન્સફરની વિગતો, ટેક્સ ક્લિયરન્સ સર્ટિ., ફાઈનલ પ્લોટનો નંબર અને વિગતો, ટીપી સ્કીમનો નકશો, ઝોન અંગેનું પ્રમાણપત્ર.

ટેક્સ વિભાગ

* પ્રોપર્ટી ટેક્સ બિલ, ટેક્સ ભર્યાની રસીદ, નો ડ્યુ સર્ટિફિકેટ, ટેનામેન્ટ નંબર, ૭-૧૨, ૮-અ, વેચાણ દસ્તાવેજની નકલ, સોસાયટી સંબંધિત દસ્તાવેજો, કાનૂની દસ્તાવેજો.

### શહેરીજનો ચાર્જ ચૂકવી દસ્તાવેજો મેળવી શકશે

મ્યુનિ.ની ઈગર્વનન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટિરિયલ પ્રોક્યોરમેન્ટ કમિટીના ચેરમેન હિતેન્દ્ર પરમારના જણાવ્યા અનુસાર અત્યારે જેવી રીતે લોકો ઓફલાઈન ફી ભરીને જૂના દસ્તાવેજો મેળવી શકે છે, તેવી રીતે નિયત ફી ચૂકવી ઓનલાઈન દસ્તાવેજો મેળવી શકશે. સ્કેનિંગથી લાંબા સમય સુધી દસ્તાવેજોની જાળવણી પણ થશે.

### ૮૦-૯૦ વર્ષ સુધીના જૂના દસ્તાવેજો હશે

અમદાવાદ આમ તો ભારતની આઝાદી પહેલાંથી જ મોટા શહેર તરીકે વિકસેલું છે. ત્યારે મ્યુનિ. કચેરીમાં ૮૦-૯૦ વર્ષ સુધીના જૂના દસ્તાવેજો પણ હશે. આવા જૂના દસ્તાવેજો શોધવામાં જ લોકોને મુશ્કેલી પડતી હોય છે. જેનું સ્કેનિંગ કરાયા બાદ સરળતાથી ઓનલાઈન મળી શકશે.

## પૂર્વ કુલપતિની કથિત ગેરરીતિઓના વિવાદ વચ્ચે હવે

# કાર્યકારી કુલપતિ બંગલાની કાયાપલટ કરવા જતા ફસાયાઃ યુનિ.માં જ વિરોધ

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ કુલપતિ દ્વારા થયેલી કથિત ગેરરીતિઓને લઈને ચાલેલા વિવાદ વચ્ચે હવે ઈન્ચાર્જ કુલપતિ માટેના બંગ્લાના રિનોવેશનને લઈને વિવાદ ઉભો થયો છે. ઈન્ચાર્જ કુલપતિ મૂળ એચઆરડીસીના ડિરેક્ટર છે અને ડિરેક્ટર તરીકેના તેમના બંગલાનું રીનોવેશન કરાયા બાદ તેની જ બાજુમાં વર્ષોથી ખાલી પડેલા કવાર્ટરમાં ૩૦ લાખના ખર્ચે રીનોવેશન થઈ રહ્યુ છે ત્યારે યુનિ.ના કેમિસ્ટ્રી વિભાગના એચઓડીએ આ મુદ્દે પ્રોફેસરોના વોટ્એસગ્રુપમાં વિરોધ કરીને ફરિયાદ ઉઠાવી છે કે બંગ્લા માટે રીનોવેશન થાય છે પરંતુ કેમિસ્ટ્રીના વિદ્યાર્થીઓ માટેની લેબ સમયસર બનતી નથી.એચઓડીએ ગ્રુપમાં મુકેલી આ પોસ્ટ વાઈરલ થઈ જતા વિવાદ ઉભો થયો છે.

## કેમિસ્ટ્રી HODએ વોટ્સએપ ગ્રુપમાં બંગલાના રીનોવેશનનો વિરોધ કરી લેબ માટે કરેલી માંગણીની ચેટ વાઈરલ થઈ

ગુજરાત યુનિ.ના પૂર્વ અને પ્રથમ મહિલા કુલપતિ એવા ડૉ.નિરજા ગુપ્તા સામે ભ્રષ્ટાચાર-ગેરરીતિઓ અને આડેધડ ભરતીની ઉઠેલી ફરિયાદોનો એક પછી એક સીલસીલો ચાલ્યો પરંતુ યુનિ.માં તો પરંપરા છે કે કુલપતિ પૂર્વ હોય કે કાયમી કે હોય કે ઈન્ચાર્જ વિવાદનો વંટોળ તો દરેકે વોરવો જ પડે છે.તો બીજી બાજુ હાલની સ્થિતિને તો એ કહેવત ચાસી પડતી હોય તેમ લાગે છે કે હાથના કરેલા હૈયે વાગ્યા. પૂર્વ કુલપતિના વિવાદો વચ્ચે ઈન્ચાર્જ કુલપતિનું જ્યાં કાયમી થવુ લગભગ નક્કી જ છે અને ઈન્ચાર્જ કુલપતિ પણ પોતાની રીતે વિદ્યાર્થીલક્ષી નિર્ણયો-જાહેરાતો,કાર્યક્રમો સાથે સારી કામીગીરીમાં જોતરાઈ પણ ગયા છે પરંતુ બન્યુ એવુ કે કાર્યકારી કુલપતિનો પગ કુંડાળામાં પડ્યો હોય તેમ તેમની સામે યુનિ.ના જ એક એચઓડીએ રણશિંગુ ફૂંક્યુ. કાર્યકારી કુલપતિ પોતાના બંગલાની કાયાપલટ એટલે કે રીનોવેશન કરવા જતા ફસાયા છે.કાર્યકારી કુલપતિ ડૉ.જગદિશ જોશી એચઆરડીસી ડિરેક્ટર છે અને તેઓને ડિરેક્ટરના હોદ્દાની રૂએ બંગલો મળેલો છે.જે અનેક વર્ષો બાદ થોડા સમય પહેલા રંગરોગાન સાથે રીનોવેટ કરીને સારો બનાવી દેવાયો છે.પરંતુ આ બંગલાની બાજુમાં વર્ષો જુના ખાલી પડેલા કવાર્ટર્સને પણ રીનોવેટ કરવાનું તેમને મન થયુ.કેમ થયુ એ ચર્ચા-સંશોધનનો વિષય છે પરંતુ મળતી માહિતી મુજબ ૨૫થી૩૦ લાખના ખર્ચે કવાર્ટર્સને રીનોવેટ કરીને બંગ્લાનું રૂપ અપાઈ રહ્યુ હોવાની ચર્ચા છે અને જ્યાં લેન્ડસ્કેપિંગ-પેવર બ્લોક સાથે આલિશાન નિવાસ સ્થાન બનાવાઈ રહ્યુ છે.જે બાબત યુનિ.ના કેમેસ્ટ્રી વિભાગના એચઓડીને ખૂંચી અને તેઓએ થોડા દિવસ પહેલા પ્રોફેસરોના વોટ્સએપ ગ્રુપમાં લખી નાખ્યુ કે પોતાના માટે બંગ્લાનું રીનોવેશન કરાવાય છે પરંતુ કેમિસ્ટ્રીના વિદ્યાર્થીઓ માટે લેબ નથી બનથી. લેબ માટેની ફાઈલ ખોવાય જાય છે. ટીચર આસિ.ના પગાર માટે પણ ધક્કા ખાવા પડે છે.ફાઈલો લઈને ફરવુ પડે છે અને બેસાડી રખાય છે.હવે કાયમી કુલપતિ બનાવવા માટેના સરકારના પ્રયોગમાં ખરેખર આ પ્રયોગશાળા કેટલી નડશે તે તો સમય બતાવશે.

### લેબોરેટરીથી બંગલા સુધીનો શું છે વિવાદ ?

જે લેબ માટે માંગણી થઈ રહી છે અને બંગ્લાનો વિરોધ થઈ રહ્યો છે તે લેબની બાબત શું છે તેની તપાસ કરતા ધ્યાને આવ્યુ કે યુનિ.માં અટલ કલામ બિલ્ડીંગ જામે વર્ષો જુનું કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ બિલ્ડીંગ જર્જરીત થયા બાદ જીયુસેક બિલ્ડીંગ નજીક પાંચ માળનું નવું બિલ્ડીંગ બનાવાયુ છે.જેમાં ઈનોવેશન લેબ પણ બનાવાઈ છે એન આ લેબનું ઉદઘાટન પણ પ્રોફેસરની ચેટ વાઈરલ થયા બાદ ગઈકાલે ઈન્ચાર્જ કુલપતિએ કરી દીધુ છે.જો કે વિદ્યાર્થીઓ-પ્રોફેસરની માંગણી હતી કે જુના બે માળના બિલ્ડીંગમાં નવી લેબ બનાવવામા આવે.જે માટે ૨૭ લાખની ગ્રાન્ટ નક્કી કરાઈ છે.જેમાંથી ૧૦ લાખ ફાળવી દેવાયા છે.હાલ પેલ્ટફોર્મ સહિતની વસ્તુઓ લાગી ગઈ છે.પરંતુ હજુ વાયરિંગ,ગટરલાઈન અને વિન્ડો-ગ્રીલિંગ સહિતની કામગીરી બાકી છે.જેથી એચઓડીની ફરિયાદ છે કે ઘણા મહિનાથી આ લેબની કામગીરી પેન્ડિંગ ચાલી રહી છે.જો કે ઈ.કુલપતિએ થોડા દિવસો પહેલા સરકાર પાસે કેમિસ્ટ્રી માટેની ૨૧ કરોડની એડવાન્સ લેબ માટેની પણ માંગણી કરી છે.

## સીએનજીના ભાવ વધતાં મુસાફરોની ચિંતા વધી

# કાર ચલાવવી હવે દુર્લભ, રીક્ષામાં મુસાફરી કરવી પણ નહીં પોષાય

અમદાવાદ,શુક્રવાર

રાજ્યમાં સીએનજીના ભાવમાં ઝીંકાયેલા અસહ્ય વધારાને કારણે વાહન ચાલકો સહિત સામાન્ય જનતાની કમર ભાંગી ગઈ છે. સીએનજી ગેસના આસમાને પહોચતા સીએનજી કાર ચલાવવી મોંઘી થશે. એટલુ જ નહીં, કારમી મોંઘવારીમાં અમદાવાદ જેવા શહેરોમાં રીક્ષાની મુસાફરી કરવી પણ નહી પોષાય તેવુ ચિત્ર ઉભુ થયુ છે.

## આર્થિક બોજો વધતાં ભાડા વધારો નક્કી, હવે સ્કૂલ વાન ચાલકો વાલીઓના ખિસ્સા ખંખેરશે

સીએનજીના સતત ભાવ વધતાં રિક્ષા અને ટેક્સી ચાલકો પર આર્થિક કટોકટી સર્જાઈ છે. રોજિંદો ખર્ચ ઈંધણ પાછળ જ ખર્ચાઇ જાય છે પરિણામે ચાલકોની દૈનિક કમાણીમાં ફટકો પડ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે ઘર ચલાવવા માટે હવે સીએનજી સ્કૂલ વાન અને રિક્ષા એસોસિએશનોએ તો ભાડામાં વધારો કરવાની હિલચાલ શરૂ કરી દીધી છે.

એકબાજુ મોંઘવારી માર મારી રહી છે, ત્યારે બીજી બાજુ સ્કૂલ વાન અને રિક્ષાના ભાડાં વધવાના એંધાણથી વાલીઓ ચિંતામાં મુકાયા છે. નવા શૈક્ષણિક સત્ર કે ચાલુ માસથી જ સ્કુલવાન ચાલકો માસિક ભાડામાં વધારો ઝીંકી શકે છે, જેના કારણે મધ્યમવગીય પરિવારોના ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ જશે. આ ઉપરાંત શહેરમાં અવરજવર કરતાં આમલોકો માટે હવે રીક્ષામાં બેસી મુસાફરી કરવું નહી પોષાય. આ કારણોસર શહેરીજનોએ તો એએમટીએસ બસનો સહારો લેવો પડે તેવી સ્થિતીનુ નિર્માણ થયુ છે. ઈંધણના ભાવવધારાએ પરિવહન ક્ષેત્રે આક્રોશ જન્માવ્યો છે. સરકાર આમાં કોઈ રાહત આપે તેવી શક્યતા ઓછી છે. આ જોતા આમજનતાએ વધુ આકરા દિવસો જોવા તૈયાર રહેવું પડશે તે નક્કી છે.

## ડિજિટલ પોર્ટલ દ્વારા આપવામાં આવતાં

# સરકારી ઈ-પ્રમાણપત્રો હવે સત્તાવાર રાઉન્ડ સીલ સાથે આવશે

અમદાવાદ,શુક્રવાર

સરકાર દ્વારા ડિજિટલ પોર્ટલ દ્વારા આપવામાં આવતા તમામ પ્રમાણપત્રો અને દાખલાઓ પર તે જારી કરનાર સક્ષમ અધિકારીની કચેરીની વિગતો સાથેનો અધિકૃત ગોળ સિક્કો દર્શાવવાનો નિર્ણય લેવાયો છે. જેના પગલે નાગરિકોને કચેરીના ધક્કામાંથી મળશે મુક્તિ મળશે.

## પ્રમાણપત્ર મંજૂર કરનારા અધિકારીની કચેરીની સંપૂર્ણ વિગતો પણ સિક્કા સાથે દર્શાવાશે

સામાન્ય વહીવટ વિભાગદ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ હાલમાં ડિજિટલ પોર્ટલ પરથી મળતાં ઈ-પ્રમાણપત્રો પર પ્રમાણપત્ર આપનાર અધિકારીનો ગોળ સિક્કો દર્શાવવામાં આવતો નહીં હોવાને કારણે અરજદારોને સિક્કો કરાવવા માટે સંબંધિત કચેરીમાં જવું પડતું હતું. આ વધારાની પ્રક્રિયાને કારણે નાગરિકોના સમયનો વ્યય થતો હતો તથા કામગીરીમાં વિલંબ થવાની સ્થિતિ ઊભી થતી હતી.

આ સમસ્યાના ઉકેલ માટે હવે પ્રમાણપત્રો અને દાખલાઓ પર લાગુ કાયદા, નિયમો અને સૂચનાઓ અનુસાર અધિકૃત ગોળ સિક્કો દર્શાવવાની વ્યવસ્થા વિકસાવવામાં આવશે. સિક્કા સાથે પ્રમાણપત્ર મંજૂર કરનાર સક્ષમ અધિકારીની કચેરીની સંપૂર્ણ વિગતો પણ દર્શાવાશે.

## સેટેલાઈટ આશાવરી એપાર્ટમેન્ટની ઘટના

# મહિલા ઘરઘાટીએ મિત્ર સાથે મળી દાગીના-રોકડની ચોરી કરી

અમદાવાદ,શુક્રવાર

સેટેલાઈટમાં આવેલા આશાવરી એપાર્ટમેન્ટમાં રહેતી મહિલાને ત્યાં રહેતી ઘરઘાટી મહિલાએ તેની સાથે રહેતી મિત્ર સાથે મળીને ઘરમાંથી રૂપિયા એક લાખની રોકડ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની ફરિયાદ સેટેલાઈટ પોલીસ મથકે નોંધવામાં આવી છે.

## ઘરઘાટી યુવતીના ફોનમાંથી દાગીનાનો ફોટો મળી આવતા ચોરી કર્યાનો ભાંડો ફૂટ્યો

આશાવરી ટાવર સેટેલાઈટમાં રહેતા હેતલબેન શાહ શહેરના વિવિધ વિસ્તારોમાં પીજી ધરાવે છે. તેમણે ૧૫ દિવસ પહેલા તેમને ત્યાં દક્ષાકુમારી રોત (રહે. ડુંગરપુર,રાજસ્થાન) નામની યુવતીને ઘરઘાટી તરીકે રાખી હતી અને સર્વન્ટ ક્વાટર્સમાં રહેતી હતી. થોડા દિવસ પહેલા તેની સાથે નિલમ કલાસવા નામની તેની મિત્ર રહેવા માટે આવી હતી. જે ઘરના કામમાં મદદ કરતી હતી. હેતલબેનને બહાર જવાનું હોવાથી તે બેડરૂમના કબાટમાં સોનાના દાગીના લેવા માટે ગયા હતા. પરંતુ, દાગીના અને રોકડ ત્યાં નહોતી. જેથી દક્ષાને પુછતા તેણે દાગીના લીધા ન હોવાનું જણાવ્યું હતું.પરંતુ, હેતલબેનને શંકા જતા દક્ષાની બહેનપણી નિલમ પર શંકા જતા તેનો મોબાઈલ તપાસ્યો ત્યારે દાગીનાનો ફોટો મળી આવ્યો હતો. જે ફોટો અન્ય કોઈને મોકલ્યા હતા. જે અગે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

## વટવાની રાજારામ વિદ્યાવિહાર સામે ફરિયાદ

# ફી મુદ્દે વિદ્યાર્થિનીને પરીક્ષામાં ન બેસવા દેવાતા સ્કૂલને નોટિસ

અમદાવાદ,શુક્રવાર

શહેરના પૂર્વમાં વટવા વિસ્તારમાં આવેલી રાજારામ વિદ્યાવિહાર સામે વાલીએ ફરિયાદ કરી છે કે ફી મુદ્દે વિદ્યાર્થિનીને પરીક્ષામાં બેસવા દેવાતી નથી.આ ફરિયાદ બાદ શહેર ડીઈઓએ સ્કૂલને શો કોઝ નોટિસ આપી છે.

## ફી ભરવા બાબતે દબાણ કરીને પરીક્ષાની ધમકી અપાતા હોવાની વાલીની ડીઈઓમાં ફરિયાદ

વાલીએ ફરિયાદ કરી હતી કે તેમની પાંચમાં ધોરણમાં ભણતી દિકરીને ફી બાબતે હેરાન કરવામા આવતી હતી અને સ્કૂલ તરફથી ફી ભરવા માટે દબાણ કરીને ધમકી આપવામા આવતી હતી કે આગામી ત્રણ મહિના ફી તાકીદે નહીં ભરાય તો ૨૨મીથી શરૂ થતી પરીક્ષામાં બેસવા દેવામા નહીં આવે. આ ફરિયાદ બાદ શહેર ડીઈઓએ સ્કૂલને નોટિસ આપી છે અને ખુલાસો રજૂ કરવા આદેશ કર્યો છે.નોટિસનો વિગતો મુજબ ડીઈઓએ વાલી દ્વારા ૨૧મીએ જ ભરાયેલી ૯૬૦૦ રૂપિયાની ફી બાબતે રસીદ રજૂ કરવા આદેશ કરાયો છે.વાલીનો આક્ષેપ છે કે અગાઉની બસ ફી ભરવા છતાં આગામી ૩ મહિનાની ફી ભરવા દબાણ કરાય છે. ફી ભરવામાં વિલંબ થતા વિદ્યાર્થિનીને શાળામાં પણ આવવા દેવામા મુશ્કેલી ઉભી કરવામા આવી હતી અને ઘરે બેસવાની સ્થિતિ ઉભી થઈ હતી.

# સાણંદમાંથી ૬૦૦ બોટલ કફ સીરપના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ જિલ્લાના ડરણ ગામમાં ગ્રામ્ય પોલીસના એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ૬૦૦ જેટલી કફસીરપનો જથ્થો જપ્ત કરીને ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. જે અંગે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધીને પોલીસે તપાસ શરૂ કરી છે.અમદાવાદ ગ્રામ્ય પોલીસના એન્ટી નાર્કોટિક્સ વીંગના અધિકારીઓને બાતમી મળી હતી કે સાણંદના ડરણમાં રહેતા કિરણ ચૌહાણ અને તેના સાગરિતો દ્વારા મોટા પ્રમાણમાં કફસીરપનો જથ્થો લાવીને આસપાસના વિસ્તારમાં સપ્લાય કરવામાં આવે છે. તેણે હાલ કફસીરપનો જથ્થો મેળવ્યો છે. જેના આધારે પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી કિરણ ચૌહાણ, રમઝાનશા ફકીર, અરબાઝખાન પઠાણને ઝડપીને તેમની પાસેથી ૬૦૦ બોટલ કફસીરપનો જથ્થો જપ્ત કર્યો હતો.

## ક્યાંક વધારાનો ચાર્જ, ક્યાંક નવી નિમણૂક-જવાબદારી અપાઈ

# ૧૪ IASની બદલી, ત્રણને વધારાનો ચાર્જ : મહેસાણા, આણંદમાં નવા કલેક્ટર

અમદાવાદ,શુક્રવાર

રાજ્ય સરકાર દ્વારા ૧૭ આઈએએસ અધિકારીઓની બદલી કરાઈ છે સાથે સાથે અન્યને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જેમાં આદિજાતિ વિકાસ વિભાગના સચિવ અલોક કુમાર પાંડેને રાહત કમિશનર તરીકેની વધારાની જવાબદારી સોંપાઈ છે. આ ફેરફારો અંતર્ગત જી.ટી. પંડ્યાને માહિતી વિભાગના ડાયરેક્ટરપદે નિયુક્તિ અપાઈ છે. આ ઉપરાંત મહેસાણા અને આણંદના કલેક્ટર પણ બદલાયાં છે. વલસાડ, બનાસકાંઠા, તાપી, અમરેલી અને છોટાઉદેપુર સહિતના વિવિધ જિલ્લાઓમાં ડીડીઓની નિમણૂક કરીને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

| આઈએએસ | હાલના હોદ્દો | નવો હોદ્દો |
|---|---|---|
| આલોક કુમાર પાંડે | સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ | રાહત કમિશનર |
| જી. ટી. પંડ્યા | અધિક સચિવ, શિક્ષણ વિભાગ | ઈન્ફોર્મેશન ડાયરેક્ટર, ગાંધીનગર. |
| ગૌરાંગ મકવાણા | એમડી.યુજીવીસીએલ, મહેસાણા | એમડી,ઈન્ડેક્સ-બી |
| એસ. કે. પ્રજાપતિ | કલેક્ટર, મહેસાણા | અધિક ગ્રામ વિકાસ કમિશનર,ગાંધીનગર. |
| ડાૅ. હ ષત પૃથ્વીરાજ ગોસાવી | અધિક સચિવ,ગૃહ વિભાગ | કલેક્ટર, મહેસાણા. |
| પ્રવીણ ચૌધરી | કલેક્ટર, આણંદ | સીઈઓ, ધોલેરા-માંડલ-બેચરાજી સર |
| એમ. જે. દવે | ડીડીઓ,પાલનપુર | કલેક્ટર, વાવ-થરાદ. |
| ઉત્સવ ગૌતમ | ડીડીઓ,ભુજ | કલેક્ટર, આણંદ |
| સી. સી. કોટક | ના.મહાનિર્દેશક, સ્પીપા | વિશેષ નિયામક, રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા,અમદાવાદ. |
| રામ નિવાસ બુગાલિયા | ડીડીઓ,તાપી | ડીડીઓ,પાલનપુર. |
| અતિરાગ ચપલોત | ડીડીઓ,વલસાડ | ડીડીઓ,કચ્છ, ભુજ. |
| સચિન કુમાર | ડીડીઓ,છોટાઉદેપુર | નાયબ સચિવ, ગૃહ વિભાગ |
| વંદના મીના | પ્રોજેક્ટ એડમિનિ. આદિજાતિ પેટા યોજના, મહીસાગર | ડીડીઓ, વલસાડ. |
| રાજેશ કુમાર મૌર્ય | પ્રોજેક્ટ એડમિનિ. આદિજાતિ પેટા યોજના, સોનગઢ | ડીડીઓ,અમરેલી. |
| સ્વપ્રિલ મહાદેવ સિસલે | પ્રોજેક્ટ એડમિનિ. આદિજાતિ પેટા યોજના, વાંસદા, | ડીડીઓ,તાપી. |
| ઓમકાર રાજેન્દ્ર શિંદે | પ્રોજેક્ટ એડમિનિ. આદિજાતિ પેટા યોજના, છોટાઉદેપુર | ડીડીઓ, છોટાઉદેપુર. |
| બી. એન. પટેલ | એક્ઝિ.ડિરેક્ટર, ગુજરાત ગેસ લિમિટેડ | ડિરેક્ટર જનરલ, સ્પોર્ટ્સ ઓથોરિટી આૅફ ગુજરાત |

## આલોક પાંડે ફરી વાર રાહત કમિશનર, જી.ટી.પંડ્યા માહિતી નિયામકઃ તાપી, ભુજ,વલસાડ, છોટાઉદેપુર ડીડીઓ બદલાયા

## ગાર્ડન સિટી બંગલોઝ-ગ્રીનવૂડ રિસોર્ટના રહીશો ત્રસ્ત

# બંગલાના માલિકો રહેણાંક વિસ્તારમાં ચાલતા PG સામે હાઈકોર્ટમાં પહોંચ્યા

અમદાવાદ,શુક્રવાર

રેસિડેન્સીયલ સોસાયટીમાં પીજીના ન્યુસન્સને લઈ ગુજરાત હાઈકોર્ટમાં વધુ એક રિટ અરજી દાખલ થઈ છે. અમદાવાદના ઓગણજ વિસ્તારમાં આવેલી ગાર્ડન સિટી બંગલોઝ અને ગ્રીનવુડ લેક રિસોર્ટ સોસાયટીના રહીશોએ પોતાના રહેણાંક વિસ્તારમાં અનિયંત્રિત રીતે વધી રહેલી વ્યાપારી પ્રવૃત્તિઓ, ગેરકાયદે પેઈંગ ગેસ્ટ (પીજી), હોસ્ટેલ અને મંજૂરી વિનાના બહુમાળી બાંધકામો સામે હાઈકોર્ટમાં કરેલી અરજીમાં જસ્ટિસ પ્રણવ ત્રિવેદીએ રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પીજી રહેતાં સંબંધિત લોકો વિરુધ્ધ નોટિસ જારી કરી સમગ્ર મામલે જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે કેસની સુનાવણી દરમ્યાન રહેણાંક વિસ્તારોમાં નિયમો નેવે મૂકી અને હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના ચુકાદાને ઘોળીને પી જઈ બેફામ રીતે ચાલતી પીજી પ્રકારની વ્યાપારી પ્રવૃત્તિને લઈ ગંભીર નારાજગી વ્યકત કરી હતી અને અમ્યુકોને તીખા સવાલો કર્યા હતા.

## હાઈકોર્ટે રાજ્ય સરકાર, મ્યુનિ. કોર્પો. અને પીજીમાં રહેતાં સંબંધિત લોકો વિરૂધ્ધ નોટિસ જારી કરી જવાબ માંગ્યો : મ્યુનિ.કોર્પો.ને હાઈકોર્ટના સવાલો

ઓગણજની ગાર્ડન સિટી બંગલોઝમાં ગેરકાયદે પીજી અને કોમર્શિયલ બાંધકામો સામે સ્થાનિક રહીશો તરફથી કરાયેલી અરજીમાં (એનઓસી) જેવા પ્રાથમિક મંજૂરીપત્રો પણ નથી.સાંકડા રહેણાંક રસ્તાઓ પર અનિયંત્રિત રીતે વધી રહેલી આ પીજી હોસ્ટેલોના કારણે સ્થાનિક રહીશો માટે ટ્રાફિક જામ, ગેરકાયદે પાર્કિંગ, મોડી રાત સુધી ધ્વનિ પ્રદૂષણ અને મહિલાઓ, બાળકો તથા વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સામે જોખમ ઊભું થયું છે.

### કોર્પો. દ્વારા જ નોટિફિકેશન બહાર પડાયા છે, છતાં પોતે જ પગલાં લેતું નથી

અરજદારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું કે, એએમસી દ્વારા પોતે જ જાહેર નટિફિકેશન બહાર પાડીને અનધિકૃત રીતે રેસિડેન્શિયલમાંથી હોસ્ટેલમાં ફેરવવામાં આવતી મિલકતો સામે ચેતવણી આપવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની તપાસ, સીલિંગ કે ડિમોલિશનની કામગીરી કરવામાં આવી નથી. આ સંજોગોમાં એએમસી અને પોલીસ તંત્રને તાત્કાલિક તપાસ કરી ગેરકાયદેસર પરિસરોને સીલ કરવા, મંજૂરી વિનાના બાંધકામો અટકાવવા અને વિસ્તારના રહેણાંક સ્વરૂપની જાળવણી કરવા કડક નિર્દેશો આપવામાં આવે એ મતલબની અરજદારોએ હાઈકોર્ટ સમક્ષ માંગ કરી હતી.

રજૂઆત કરાઈ હતી કે, આ સમગ્ર વિસ્તાર ૨૦૦થી વધુ પરિવાર અને ૫૦૦થી વધુ પ્લોટ ધરાવતો એક મંજૂર થયેલો ગ્રીન વુડ રીસોર્ટના નામે જાણીતો રેસિડેન્શિયલ ઝોન છે. આમ છતાં, હાલમાં ૨૦થી વધુ રહેણાંક મિલકતોમાં ગેરકાયદેસર રીતે વ્યાપારી હોસ્ટેલો, બોર્ડિંગ હાઉસ અને પીજી ચલાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, એએમસી પાસેથી કોઈ પણ પ્રકારની ડેવલપમેન્ટ પરમિશન (ડીપી) કે બિલ્ડિંગ યુઝ (બિયુ) પરમિશન મેળવ્યા વિના માત્ર વ્યાપારી ફાયદા માટે પાંચથી છ જેટલા બહુમાળી બાંધકામો ઊભા કરી દેવાયા છે અથવા તો તેનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે.

આ તમામ પ્રવૃત્તિઓ ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ અને કોમ્પ્રીહેન્સિવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન, ૨૦૧૭ (સીજીડીસીઆર-૨૦૧૭) ના વૈધાનિક જોગવાઈઓનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરે છે. આ વ્યાપારી એકમો પાસે ફાયર સેફ્ટી ક્લિયરન્સ, પોલીસ ટેનન્ટ વેરિફિકેશન કે હાઉસિંગ સોસાયટીનું નો વાંધા પ્રમાણપત્ર

## કોતરપુરમાંથી બે કિલો ગાંજા સાથે મહિલાની ધરપકડ

અમદાવાદ, શુક્રવાર

નાના ચિલોડામાં જય ભોલે સોસાયટી પાસે રાતના સમયે દરોડો પાડીને ગાંજાનું વેચાણ કરી રહેલી ભારતી વાઘેલાને અમદાવાદ એસઓજીના સ્ટાફે ઝડપી લીધી હતી. તેની પાસેથી બે કિલો ગાંજો મળી આવ્યો હતો. જે અંબાજીમાં રહેતી એક મહિલા પાસેથી ખરીદીને સ્થાનિક વિસ્તારમાં વેચાણ કરતી હતી. આ અંગે પોલીસે એનડીપીએસનો કેસ નોંધીને કાર્યવાહી કરી છે.

## દિવાળી પહેલાં મુસાફરોને રાહત આપવા રેલવેની તૈયારી

# કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ૯થી ૧૨ ફરી શરૂ કરવા કવાયત



અમદાવાદ, શુક્રવાર

દિવાળીના તહેવારમાં વતન જવા નીકળતા અને અમદાવાદ આવનારા મુસાફરોને પડતી ભીડની મુશ્કેલી ઓછી થાય તે માટે કાલુપુર રેલવે સ્ટેશન પર બંધ કરાયેલા પ્લેટફોર્મ નંબર ૯થી ૧૨ને ફરી શરૂ કરવા તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કારણે બંધ કરાયેલા આ ચાર પ્લેટફોર્મ પર ફરી ટ્રેન દોડે તે પહેલાં રેલવે તંત્ર દ્વારા જરૂરી તપાસ કરવામાં આવી રહી છે. આગામી ૨૭ ઓક્ટોબરે કમિશનર ઓફ રેલવે સેફ્ટી દ્વારા નિરીક્ષણ કરાશે. મંજૂરી મળ્યા બાદ જ પ્લેટફોર્મને ફરી શરૂ કરવામાં આવશે.

## ૨૭ ઓક્ટોબરે સીઆરએસનું સેફ્ટી ઈન્સ્પેક્શન, મંજૂરી બાદ ચારેય પ્લેટફોર્મ પર ફરી ટ્રેન દોડશે

રેલવે દ્વારા આ ચારેય પ્લેટફોર્મ પરના પાટા, ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન અને સિગ્નલિંગ સિસ્ટમની હાલ ચકાસણી કરવામાં આવી રહી છે. પ્લેટફોર્મ નંબર ૯ પર હાલ અવરોધ હોવાથી તેને દૂર કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. બીજી તરફ, પ્લેટફોર્મ નંબર ૧૦,૧૧ અને ૧૨ને મીટરગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતરિત કરાયાં છે. આથી ટ્રેન વ્યવહાર શરૂ કરતા પહેલાં સીઆરએસની સલામતી મંજૂરી લેવી જરૂરી બનતી હોય છે. રેલવેમાંથી મળતી માહિતી મુજબ, આ ચારેય પ્લેટફોર્મ ગત એપ્રિલમાં જ શરૂ થવાની આશા હતી, પરંતુ કામ પૂર્ણ ન થતાં સમયમર્યાદા ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી હતી. ટેકનિકલ કારણોસર વિલંબ થયાં બાદ હવે દિવાળી પહેલાં તેને શરૂ કરવા રેલવેએ તડામાર તૈયારી શરૂ કરી દીધી છે. ચારેય પ્લેટફોર્મ શરૂ થયા બાદ રેલવે પ્લેટફોર્મ નંબર ૪થી ૭ પર પુનવિકાસની કામગીરી હાથ ધરાશે. આ દરમિયાન વધારાના પ્લેટફોર્મ ઉપલબ્ધ રહેવાથી ટ્રેનોની અવરજવરનું આયોજન સરળ બનશે. જોકે,ચારેય પ્લેટફોર્મ ક્યારથી શરૂ થશે તેનો અંતિમ નિર્ણય સીઆરએસની તપાસ અને મંજૂરી બાદ જાણ થશે.

### નાસીરનગર ડિમોલિશનના ચકચારભર્યા કેસમાં આખરે

# સુરત મનપા કમિશનર અને સ્ટે.ચેરમેન સામે હાઈકોર્ટ દ્વારા કન્ટેમ્પ્ટ પ્રોસિડિંગ્સ

અમદાવાદ,શુક્રવાર

સુરતના નાસીરનગર વિસ્તારમાં મકાનો તોડી પાડવાના ચકચારભર્યા કેસમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિખિલ કેરીયલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી) ના અધિકારીઓ સામે ફોજદારી અદાલતી અવમાનના (ક્રિમિનલ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ) ની કાર્યવાહી શરૂ કરી છે અને આગામી સુનાવણીની તારીખ ૨૭ નવેમ્બરના રોજ સુરત મ્યુનિસિપલ કમિશનર તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને રૂબરૂ હાજર રહેવા ફરમાન કર્યું છે.

## સુરત મનપા કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને ૨૭મી નવેમ્બરે હાઈકોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહેવા ફરમાન

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, સુરતના મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, કે જેમણે મકાનો તોડી પાડવામાં આવ્યા છે તેવા લોકોને વૈકલ્પિક આવાસ નહી આપવાનો નિર્ણય કર્યો છે, તેઓ બંને ઉક્ત તારીખે આ કોર્ટ સમક્ષ હાજર રહે અને ખુલાસો કરે કે આ કોર્ટ સંબંધિત અધિકારીઓ સામે ક્રિમિનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી કેમ ન શરૂ

### જે લોકોએ નિર્ણય બદલ્યો છે તેમણે વલણ બદલવા મુદ્દે જાતે ખુલાસો કરવો પડશે

હાઈકોર્ટે સાફ શબ્દોમાં જણાવ્યું કે, સુરત મનપાના અધિકારીઓએ પોતાના કૃત્યથી આ કોર્ટને પ્રથમદર્શી રીતે અવમાનનાની કાર્યવાહી શરૂ કરવા માટે પ્રેરિત કરી છે. તેમની કોર્ટમાં હાજરી આવશ્યક છે. આ એક અસાધારણ પરિસ્થિતિ છે, જ્યાં દેશના નાગરિકોના નિવાસ્થાનો કોર્પોરેશન દ્વારા તોડી પાડવામાં આવ્યા છે અને કોર્પોરેશને અમુક તબક્કે આવા વ્યક્તિઓને યોગ્ય આવાસ આપવાની ખાતરી આપી હતી, પરંતુ બાદમાં કોર્પોરેશન આપવામાં આવેલી ખાતરીમાંથી હવે છટકવાનો પ્રયાસ કરી રહ્યુ છે. કોર્ટે વધુમાં ઉમેર્યું કે, જે લોકોએ આ નિર્ણય લીધો છે તેમણે કોર્ટ જ અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહીને પોતાનું વલણ સ્પષ્ટ કરવું પડશે, કારણ કે આ કોર્ટના મત મુજબ, વકીલ ક્યારેય પણ વલણમાં આવેલા આ બદલાવ અંગે કોર્ટ સમક્ષ અસરકારક રીતે રજૂઆત કરી શકશે નહીં. આમ કહીને હાઈકોર્ટે એસએમસીના કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા રજૂ કરાયેલી દલીલોને ફગાવી દીધી હતી.

### કલેકટર અનિલ ધામેલિયા વધુ એક કેસમાં ફસાયા

# વડોદરા કલેકટરની ન્યાયિક અધિકારી વિરૂધ્ધ ટિપ્પણીથી હાઈકોર્ટ નારાજ

અમદાવાદ,શુક્રવાર

બિનખેતીની જમીન રૂપાંતરિત કરવાની મંજૂરીઓ અને ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલના આદેશો સાથે સંકળાયેલા કેસમાં વડોદરા જિલ્લા કલેકટર અનિલ ધામેલિયાએ તેમના સોગંદનામામાં ન્યાયિક અધિકારી વિરુદ્ધ બિનજરૂરી ટિપ્પણીઓ કરી હતી, જેના પર જસ્ટિસ નિરલ મહેતાએ ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી.

## ધામેલિયાએ માફી માંગી પરંતુ હાઈકોર્ટે ફગાવી : સામાન્ય વહીવટી વિભાગને ખુલાસો પૂછી પગલાં લેવા સૂચન

હાઈકોર્ટની નારાજગી અને મિજાજ પારખી વડોદરા કલેક્ટર દ્વારા બિનશરતી માફી માંગીને એફિડેવિટ પાછી ખેંચવાની વિનંતી કરવામાં આવી હતી, જો કે, હાઈકોર્ટે તેને ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, વડોદરા કલેકટર અનિલ ધામેલિયા હાઈકોર્ટ સમક્ષ એકથી વધુ વખત જુદા જુદા કેસોમાં તેમની વિવાદીત કામગીરી અને વર્તનને લઈને ફસાયા છે.

કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ નિરલ મહેતાએ મૌખિક ટિપ્પણી કરતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે અધિકારીએ પોતાની મર્યાદા વટાવી દીધી છે અને તેઓ કોઈ પણ પ્રકારના કવચ કે પ્રતિકારક શક્તિ હેઠળ નથી, જે તેમણે સમજવું પડશે. કોર્ટે સામાન્ય વહીવટ વિભાગના ઈન-ચાર્જ અધિક મુખ્ય સચિવ ટી. નટરાજનને ઓનલાઈન હાજર રહેવા આદેશ કર્યો હતો અને આ અધિકારી સામે કાયદેસર તેમજ શિસ્તભંગનાં શું પગલાં લઈ શકાય તે અંગે સૂચનો રજૂ કરવા જણાવ્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં તંત્રને પોતાની મેળે યોગ્ય સ્ટેન્ડ લેવા માટે વધુ એક તક આપવામાં આવી છે, અન્યથા અદાલત સમક્ષ અવમાનના (કન્ટેમ્પ્ટ) ની કાર્યવાહીનો વિકલ્પ ખુલ્લો જ છે.આ વિવાદ જમીનના બિનખેતી ઉપયોગની મંજૂરીઓ અને મહેસૂલી ટ્રિબ્યુનલના આદેશોના અમલને લગતી કાનૂની કાર્યવાહી દરમિયાન સામે આવ્યો હતો.

કરે.હાઈકોર્ટે આ બાબતને અત્યંત ગંભીરતાથી લેતા તેને એક અસાધારણ સ્થિતિ ગણાવી છે, કારણ કે બંને અધિકારીઓએ ડિમોલિશનના પીડિતોને યોગ્ય વૈકલ્પિક રહેઠાણ આપવા અદાલત સમક્ષ બાંહેધરી આપ્યા છતાં હવે વિસ્થાપિતોને વૈકલ્પિક આવાસો ફાળવવાનો ઈનકાર કર્યો છે અને એવો તર્ક રજૂ કરે છે કે આ બાંધકામો જાહેર રસ્તા પર હોવાથી ડિમોલિશન કરવામાં આવ્યું હતું. એસએમસી તરફથી હાજર રહેલા વકીલે કન્ટેમ્પ્ટની કાર્યવાહી પર સ્ટે (સ્થગિત) આપવાની પણ માંગણી કરી હતી. જો કે કોર્ટે આગામી અઠવાડિયાને બદલે ત્રણ અઠવાડિયા કરતા વધુનો સમય આપીને કેસની વધુ સુનાવણી આવતા મહિને તા.૨૭મી નવેમ્બર પર મુકરર કરી હતી. હાઈકોર્ટ નાસીરનગરના એ પીડિતોની પિટિશન પર સુનાવણી કરી રહી હતી કે , મકાનો તેમને કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા વિના અને કાયદાની પ્રક્રિયાનું પાલન કર્યા વિના તોડી પાડવામાં આવ્યા હતા.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

## વાત વાતમાં

# જીવનની ૯ કડવી સચ્ચાઈઓ !

જીવનની અમુક સચ્ચાઈઓની ખબર આપણને મોડી મોડી પડતી હોય છે. છતાં હજી મોડું થયું નથી ! ચાલો, સમજી લો...

* * *

સચ્ચાઈ નંબર (૧)

તમારા શરીરનો એક હિસ્સો એવો છે જેને તમે કદી સાબુ વડે સાફ કરી શકતા નથી... એ છે તમારી આંખોના ડોળા !

* * *

સચ્ચાઈ નંબર (૨)

તમારા શરીરનો એક હિસ્સો એવો પણ છે જેને તમે 'પોતાના' હાથ વડે ખંજવાળી શકતા નથી... યુ આર રાઈટ ! તમારી પીઠનો ચોક્કસ એક પોઈન્ટ !

* * *

સચ્ચાઈ નંબર (૩)

તમે તમારા માથા ઉપર ઉગેલા વાળ કદી ગણી શકતા નથી ! હા, કોઈ પાસે ગણાવી શકો ખરા... જો કાપીને આપો તો !

* * *

સચ્ચાઈ નંબર (૪)

તમે છીંક ખાતી વખતે તમારું મોં બંધ રાખી શકતા નથી ! તમારી પત્ની હાજર ના હોય તો પણ ! (ટ્રાય કરી જોજો.)

* * *

સચ્ચાઈ નંબર (૫)

તમે બગાસું ખાતાં ખાતાં પાણી, ચા, કોફી, શેરડીનો રસ, દૂધનો ઉકાળો, ગરમ પાણી, ઠંડુ પાણી... આમાંનું કંઈ પી શકતા નથી. પણ બગાસાનો એક ફાયદો એ છે કે તમે પરમિશન લીધા વિના પણ પત્ની સામે તમારું મોં ખોલી શકો છો ! બોલો.

* * *

સચ્ચાઈ નંબર (૬)

એ તમારો ભ્રમ છે કે અંધારામાં તમારો પડછાયો તમારો સાથ છોડી દે છે... હકીકતમાં અજવાળું ના હોવાથી એ તમને દેખાતો નથી ! શાબ્બાશ !

* * *

સચ્ચાઈ નંબર (૭)

તમે તમારી જીભ વડે તમારા તમામ દાંતને અડી શકતા નથી !

* * *

સચ્ચાઈ નંબર (૮)

અત્યારે અડધો અડધ વાચકો પોતાની જીભ મોંમાં ફેરવી રહ્યા હશે !

* * *

સચ્ચાઈ નંબર (૯)

જે રીતે જીભ ફેરવ્યા પછી જ ખબર પડે છે કે અમુક સચ્ચાઈઓ સાચી નથી હોતી.. એ જ રીતે ન્યુઝ ચેનલો ફેરવ્યા પછી જ ખબર પડે છે કે ન્યુઝ 'ન્યુઝ' માટે નહીં, પણ 'વ્યુઝ' માટે હોય છે !

\- મન્નુ શેખચલ્લી

## વીજ ગ્રાહકોને

(છેલ્લા પાનાનું ચાલુ)

યુનિટ દીઠ સરેરાશ ૩૦ થી ૪૫ પૈસાનો વધારો થશે. જ્યારે નાના કારખાના,ફેક્ટરી અને લઘુ ઉદ્યોગો પર દર મહિને હજારો રૂપિયાનો વધારાનો બોજ પડશે પરિણામે ઉત્પાદન ખર્ચ વધે તેમ છે. જોકે, ખેતીવાડી કનેક્શન ધરાવતા ખેડૂતોને આ વીજભાવવધારામાંથી મુક્તિ અપાઈ છે.

વીજ કંપનીઓ આ વધારા પાછળ કોલસા, ગેસ અને અન્ય રાજ્યમાંથી ખરીદાતી વીજળીના ભાવમાં થતાં ફેરફારનું બહાનું આગળ ધરી રહી છે. પરંતુ સામાન્ય જનતાએ એવો સવાલ ઉઠાવ્યો છે કે જો બધો બોજ ગ્રાહકો પર જ નાખવો હોય, તો સરકાર અને વીજ કંપનીઓ ઈંધણની ખરીદીનો પારદર્શક હિસાબ જાહેરમાં કેમ મૂકતી નથી. સતત વધતી મોંઘવારી વચ્ચે આ અણધાયી ભાવવધારો સામાન્ય પરિવારોના ઘરનું બજેટ ખોરવી નાખશે તે નક્કી છે.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

## અદાણી ગેસે

(છેલ્લા પાનાનું ચાલુ)

કારણે ખાસ કરીને રિક્ષા ચાલકોમાં ભારે અસંતોષ અને નારાજગી વ્યાપી ગઈ છે. રિક્ષાચાલકોની મુખ્ય રજૂઆત છે કે ગેસના ભાવમાં સતત અને જંગી વધારો થઈ રહ્યો છે, પરંતુ તે સરખામણીએ વાહન વ્યવહાર કમિશનર દ્વારા રિક્ષાભાડામાં પૂરતો વધારો મંજૂર કરવામાં આવતો નથી. અગાઉ પણ ભાડા વધારા અને ઓનલાઈન કેબ/રિક્ષા એપ્લિકેશનો સામે રિક્ષાચાલકોએ હડતાળ પાડીને વિરોધ નોંધાવ્યો હતો. તેવામાં દિવાળીના સમયે જ થયેલા આ નવા ભાવવધારાને કારણે રિક્ષાચાલકો સહિત સામાન્ય વાહનચાલકોનું ઘરચલાવવાનું બજેટ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

### આ વર્ષે પીજી મેડિકલની બેઠકો પણ વધશે

# પીજી મેડિકલના મેરિટમાં ૫૯૭૦ વિદ્યાર્થી: આ વર્ષે ૨૫ ટકાનો વધારો

અમદાવાદ,શુક્રવાર

પીજી મેડિકલ ડિગ્રી-ડિપ્લોમા કોર્સીસમાં સ્ટેટ ક્વોટાની બેઠકોમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં રજિસ્ટ્રેશન પુરુ થયાના ઘણા દિવસો બાદ અંતે આજે મેરિટ લિસ્ટ જાહેર કરી દેવામા આવ્યુ છે. રજિસ્ટ્રેશન કરનારા ૬૩૪૦ વિદ્યાર્થીમાંથી ૫૯૭૦ વિદ્યાર્થીઓનો મેરિટ લિસ્ટમાં સમાવેશ થયો છે અને ૩૧૩ વિદ્યાર્થી ગેરલાયક ઠરતા મેરિટમાંથી હાલ બાકાત રખાયા છે. આ વર્ષે પીજી મેડિકલમાં ૨૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે.

## ગત વર્ષ કરતા ૧૧૮૦ વિદ્યાર્થીઓ વધ્યા: ૩૧૩ વિદ્યાર્થીઓ ગેરલાયક ઠરતા મેરિટમાં ન સમાવાયા

સરકારની મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા આજે જાહેર કરવામા આવેલા પીજી મેડિકલ પ્રવેશ મેરિટ લિસ્ટમાં કુલ ૫૯૭૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.જેમાં ઓપન કેટેગરીમાં ૨૨૫૫, ઈડબલ્યુએસમાં ૧૪૯૨, એસઈબીસીમાં ૧૪૬૬, એસસી કેટેગરીમાં ૩૮૨ અને એસટી કેટેગરીમાં ૩૭૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. પીડબલ્યુડી અને એનઆરઆઈ ક્વોટામાં ફોર્મ ભરનારા ૫૭ વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન ચાલી રહ્યુ હોવાથી તેઓને વેરિફિકેશન બાદ મેરિટ લિસ્ટમાં સમાવાશે. જ્યારે જુદા જુદા કારણોસર ૩૧૩ વિદ્યાર્થીઓને મેરિટ લિસ્ટમાંથી હાલ બાકાત રખાયા છે કારણકે તેઓને ડિસ્ક્વોલિફાઈ લિસ્ટમાં મુકવામા આવ્યા છે.ગત વર્ષે ડિસ્ક્વોલિફાઈડ વિદ્યાર્થીઓ પણ ૫૦ ટકા જેટલા વધ્યા છે.ગત વર્ષે પીજી મેડિકલ એમડી-એમએસ -ડિપ્લોમા કોર્સીસમાં પ્રવેશ માટે ૪૭૯૦ વિદ્યાર્થીઓ હતા.જ્યારે આ વર્ષે ૧૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ વધતા ૨૫ ટકાનો વધારો થયો છે. હાલ પીજી મેડિકલમાં રાજ્યમાં ડિગ્રી-ડિપ્લોમાની ૩૪૦૦થી વધુ બેઠકો છે.જેમાં ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકોને બાદ કરતા સ્ટેટ ક્વોટાની ૨૮૦૦થી વધુ બેઠકો છે.આ વર્ષે પણ ગુજરાતમાં ૩૦૦થી૪૦૦ બેઠકો વધે તેમ છે.

### ફીઝિયો-નર્સિંગમાં સરકારી બેઠકો માટે વધુ એક રાઉન્ડ

ધો.૧૨ પછીના બોર્ડ પરિણામ આધારીત નર્સિંગ-ફીઝિયો સહિતના કોર્સીસમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં ત્રણ કોમન ઓનલાઈન રાઉન્ડ પુરા થયા બાદ ખાલી પડેલી સરકારી બેઠકો માટે ચોથો ઓનલાઈન રાઉન્ડ થયો હતો.જે ૪૪૪ બેઠકો માટે થયો હતો.આ રાઉન્ડ બાદ પણ ૨૯૪ બેઠકો ખાલી છે.જેથી પાંચમો રાઉન્ડ જાહેર કરાયો છે.જેમાં ૨૬મી સુધી ચોઈસ ફિલિંગ થશે. હાલ એએનએમમાં ૮૫, ઓડિયોલોજીમાં ૩, ઓપ્ટોમેટ્રીમાં ૧૧, ફીઝિયોથેરાપીમાં ૬૫, બીએસસી નર્સિંગમાં ૨૩ અને જનરલ નર્સિંગમાં ૧૦૭ બેઠકો ખાલી પડી છે.

### પીજી આયુર્વેદ-હોમિયોપેથી માટે ૨૯મી સુધી રજિસ્ટ્રેશન: ૬૫૭ બેઠકો

પીજી મેડિકલ બાદ હવે પીજી આયુર્વેદ અને પીજી હોમિયોપેથીમાં પ્રવેશ માટેની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામા આવી છે.ગત વર્ષ કરતા આ વર્ષે પીજી આયુર્વેદ-હોમિયોપેથીમાં ૧ મહિનો પ્રવેશ પ્રક્રિયા મોડી શરૂ થઈ છે.

આયુર્વેદ-હોમિયોપેથી પ્રવેશ માટે ૨૯મી સુધી ઓનલાઈન પિન વિતરણ અને રજિસ્ટ્રેશન થશે.૩૦મી સુધી હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટ વેરિફિકેશન થશે.હાલ રાજ્યમાં પીજી આયુર્વેદ(એમડી-એમએસ)ની ૩૧૪ અને પીજી હોમિયોપેથી (એમડી)ની ૩૪૩ બેઠકો સહિત કુલ ૬૫૭ બેઠકો છે.ગત વર્ષે સ્ટેટ ક્વોટામાં ૬૦૦થી વધુ વિદ્યાર્થી મેરિટમાં હતા.પીજી આયુર્વેદ-હોમિયોપેથીમાં ઓલ ઈન્ડિયા પીજી એન્ટ્રન્સ ટેસ્ટથી પ્રવેશ અપાય છે.

### પશ્ચિમ રેલવે દ્વારા પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી

# ગુજરાતમાં રેલવેના ૪ ડિવિઝનમાંથી પાણીના ૧૦ હજાર નમૂના લેવાયા

અમદાવાદ, શુક્રવાર

રેલવે સ્ટેશનો પર મુસાફરોને પીવાનું પાણી સ્વચ્છ અને સુરક્ષિત મળી રહે તે માટે પશ્ચિમ રેલવેના મેડિકલ વિભાગે ૨૭ ઓગસ્ટથી ૨૧ ઓક્ટોબર સુધીમાં વિવિધ ડિવિઝનમાંથી કુલ ૧૯,૦૧૮ ટેસ્ટ કર્યા હતાં. જેમાં ક્લોરિનના ૧૬,૨૭૬ અને બેક્ટેરિયોલોજિકલના ૨,૭૩૯ નમૂના લેવાયાં હતાં. જેમાં ખાસ કરીને ગુજરાતના વિવિધ ચાર ડિવિઝનો પૈકી અમદાવાદમાંથી ૩,૭૦૦, વડોદરામાંથી ૩,૨૬૦, રાજકોટમાંથી ૧,૨૨૪ અને ભાવનગરમાંથી ૧,૯૦૨ મળીને ગુજરાતમાંથી કુલ ૧૦,૦૮૬ નમૂના લેવામાં આવ્યાં હતાં. અને આ ચારેય ડિવિઝનમાં તપાસેલા તમામ નમૂના સંતોષકારક રહ્યાં હોવાનો રેલવેનો દાવો છે. જોકે, તપાસના પરિણામો ભલે હકારાત્મક આવ્યો હોય છતાં રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તા સતત જળવાય રહે તે માટે પાણીની ટાંકીઓની સમયસર સફાઈ, નળની સ્વચ્છતા અને નિયમિત સેમ્પલિંગ પર ધ્યાન આપવું જરૂરી છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
\- જાહેરખબર મેનેજર


















## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી મનુભાઈ મથુરભાઈ, તથા (૨) શ્રી વજુભાઈ મથુરભાઈ, બંને ઠેકાણું-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે જુવાલના સર્વે/બ્લોક નંબર-૩૨૩ (જુના સર્વે/બ્લોક નંબર-૫૧૬) ની ખાતા નંબર-૮૫૯ ધરાવતી કુલ ૧૦૩૨૪૯ ચોરસમીટર જમીન પૈકી ૬૦૦૦ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૩-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી મનુભાઈ મથુરભાઈ કોળી પટેલ, (૨) શ્રી વજુભાઈ મથુરભાઈ કોળી પટેલ, તથા (૩) શ્રી મંછાભાઈ મથુરભાઈ કોળી પટેલ, સર્વે ઠેકાણું-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે જુવાલના સર્વે/બ્લોક નંબર-૩૨૪ (જુના સર્વે/બ્લોક નંબર-૫૧૫ પૈકી) ની ખાતા નંબર-૫૨૬ ધરાવતી કુલ ૫૨૨૨૧ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૩-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અમૃતભાઈ તળજાભાઈ દેસાઈ,રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૧૦૦૨.૮૭ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર ઘનશ્યામ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે 'સુરભી એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાય છે. જેમાં આવેલ ફલેટ નંબર-૩૮ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેમની સંપુર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ મિલકત ઉપર તેઓએ બંધન બેંક લિમિટેડ માંથી લોન મેળવેલ છે, તે સિવાય સદરહુ મિલકત ઉપર તેમણે કોઈપણ પ્રકારનો બોજો, લીયન કે ચાર્જ કરેલ નથી અને સદરહુ મિલકતના બંધન બેંક લિમિટેડના બોજા સહિતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર બંધન બેંક લિમિટેડ સિવાય કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના બંધન બેંક લિમિટેડના બોજા સહિતના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૨૩-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન: (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, દેસાઈ ઈશ્વરલાલ તાલજાભાઈ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૫૦૬ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર નિલકંઠ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે ''સુરભી એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે. જેમાં આવેલ ફલેટ નંબર-૨૯ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેમની સંપુર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ મિલકત ઉપર તેઓએ આઈ.સી.આઈ.સી.આઈ બેંક માંથી લોન મેળવેલ છે, તે સિવાય સદરહુ મિલકત ઉપર તેમણે કોઈપણ પ્રકારનો બોજો, લીયન કે ચાર્જ કરેલ નથી અને સદરહુ મિલકતના આઈ. સી. આઈ. સી. આઈ બેંકના બોજા સહિતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર આઈ.સી.આઈ.સી.આઈ બેંક સિવાય કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના આઈ.સી.આઈ.સી.આઈ બેંકના બોજા સહિતના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૨૩-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન: (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.


A TATA PRODUCT
આપનાથી જ પરીપૂર્ણ,
દરેક શણગાર
Solah Shringaar
COLLECTION
BY
TANEIRA
હેન્ડક્રાફ્ટેડ ડિઝાઇનર સાડી
ખરીદી પર આકર્ષક ગિફ્ટ વાઉચર્સ મેળવો*
સાડી | કુર્તા | કુર્તા સેટ | બ્લાઉઝ | ડ્રેસ મટિરિયલ
Shop online at TANEIRA.com TATA CLiQ Myntra amazon Flipkart taneira_sarees +91 8147 349 464 Shop on call 1800 266 0123
AHMEDABAD: Rajhans Society, Near - NABARD Quarters, H.L. College Road, Ph: 7486044351


MARUTI SUZUKI
NEXA
EVERY CELEBRATION DESERVES A GRANDEUR ARRIVAL.
This festive season, drive home your favourite NEXA car.
EFFECTIVE PRICE ₹9.57 LAKH*
EFFECTIVE PRICE ₹11.07 LAKH#
NEXA SAFETY SHIELD
GRAND VITARA
XL6
UP TO 100% WAIVER ON CAR LOAN PROCESSING FEE**
SCAN TO CONNECT TO A SHOWROOM NEAR YOU

મહા કૌભાંડી મિહીર પરીખની નવી મોડસ ઓપરેન્ડી

# અમેરિકામાં રહેતા યુવકની બોગસ સહી કરીને રૂપિયા ૧.૭૪ કરોડનું સોનું પડાવ્યું

અમદાવાદ,શુક્રવાર

વીમા, શેર બજાર અને અન્ય રોકાણ પર ઉંચા વળતરની લાલચ આપીને કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવનાર મિહીર પરીખ અને તેની ગેંગ વિરૂદ્ધ એક પછી એક ફરિયાદો નોંધાઈ રહી છે. ત્યારે મિહીર પરીખે એક મહિલાને બુલિયનમાં રોકાણના નામે રૂપિયા ૧.૭૪ કરોડની કિંમતનું સોનું પચાવી પાડ્યું હતું. સૌથી નવાઈની વાત એ હતી કે મિહીર પરીખે સોનું લઈને અમેરિકામાં રહેતા એક યુવકની બોગસ સહી કરીને સમગ્ર કૌભાંડ આચર્યું હતું. ત્યારે આ અંગે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## રોકાણ પર માસિક ૨ ટકા વળતરની લાલચ આપીને અનેક લોકોને છેતર્યા : મિહીર પરીખ વિરૂદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ

શહેરના પ્રહલાદનગરમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ કદમ્બ એપાર્ટમેન્ટમાં રહેતા બિરવાબેન ગાંધીએ ફરિયાદ નોંધાવી છે કે તે તેમના વીમા, મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય રોકાણ મિહીર પરીખ મારફતે કરતા હતા.આ દરમિયાન મિહીર પરીખની ઓફિસમાં સીએફઓ તરીકે કામ કરતા ભુમિ શાહ અને હેમરાજસિંહ સાથે પરિચય થયો હતો. વર્ષ ૨૦૨૫માં મિહીર પરીખ અને ભૂમિ શાહ બિરવાબેનની ઓફિસ પર આવ્યા હતા અને જણાવ્યું હતુ કે બુલિયન સોદામાં સોનાનું રોકાણ કરવામાં આવે તો દર મહિને સોનાની તે સમયની કિંમત પ્રમાણે ૨ ટકા વળતર અપાશે. આ માટે ૮૫ ટકા ફીઝીકલ ગોલ્ડની જરૂર છે. જેથી બિરવાબેને તેમની પાસે રહેલું ૧૩૦૦ ગ્રામ ગ્રામ સોનાની લગડી કે જેની કિમત ૧.૭૪ કરોડ હતી. જે તમામ સોનું મિહીર પરીખને આપ્યું હતું. જેની સામે મોનીષ ગાંધીના નામથી લખાણ આપ્યું હતું અને કારણ આપ્યુ હતું કે મોનીષ તેમના બુલિયનનું કામ કરે છે. શરૂઆતમાં તેણે નાણાં ચુકવ્યા હતા. પરંતુ, જાન્યુઆરી ૨૦૨૬માં વળતર આપ્યું નહોતું. જેથી તે ગોળગોળ જવાબ આપતો હતો અને ઓફિસમાં મળતો નહોતો.

આ દરમિયાન મિહીર પરીખ અને તેની ગેંગના કારસ્તાન સામે આવ્યા હતા અને પોલીસ ફરિયાદ થતા બિરવાબેન બુલિયનનો કરાર કરી આપનાર મોનીષ ગાંધીના પ્રેમચંદનગર નજીક અજયદીપ સોસાયટીમા આવેલા મકાન પર તપાસ કરવા ગયા હતા. ત્યારે તો ચોંકી ઉઠ્યા હતા. કારણ કે મોનીષ ગાંધી વર્ષ ૨૦૧૯થી અમેરિકામાં રહે છે અને તે ભારતમાં આવ્યો જ નહોતો. તેમ છતાંય, મિહીર પરીખે તેની બોગસ સહી કરીને કરાર કર્યો હતો. આ અંગે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

દુબઈમાં ૪૨ જેટલા સફળ પ્રોજેક્ટ કર્યાનો દાવો

# એઆઈ કંપનીમાં ભાગીદારીનું કહીને બે ભાઈઓએ કરોડોની ઠગાઈ આચરી

અમદાવાદ,શુક્રવાર

વસ્ત્રાલમાં રહેતા-જીમની માલિકી ધરાવતા બે ભાઈઓએ એઆઈ કંપનીમાં રોકાણની સામે સારો નફો અને કંપનીમાં ભાગીદારી આપવાનું કહીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે. બંને ભાઈઓએ કંપનીની વેલ્યુ ૧૪૦ કરોડ જશે અને તેમને સ્વર્ણિમ યુનિવર્સિટીના પ્રોજેક્ટ સાથે દુબઈમાં ૪૨ જેટલા પ્રોજેક્ટ પુરા કર્યાનું કહીને વિશ્વાસમાં લઈને રોકાણકારોને છેતર્યા હતા.

## કંપનીની વેલ્યુ રૂ.૧૪૦ કરોડ સુધી જશે, યુનિવર્સિટીઓનો પ્રોજેક્ટ મળ્યા હોવાનું કહીને વિશ્વાસ કેળવ્યો હતો

વસ્ત્રાલમાં આવેલા સહજાનંદ બંગ્લોઝમાં રહેતા તેજસભાઇ પટેલે બાકરોલમાં એન્જિનિયરિંગનું કારખાનું ધરાવે છે. થોડા વર્ષો પહેલા તેજસભાઈ વસ્ત્રાલમાં આવેલા એક જીમમાં જતા હતા. જ્યાં જીમના માલિક મયુરસિંહ રાજપુત સાથે તેમની મુલાકાત થઈ હતી. બાદમાં મિત્રતા થતા મયુરસિંહે જણાવ્યું હતું કે દુબઈમાં તેમની વિદ્યાસેતુ પ્રા. લીમીટેડની આઈટી કંપની છે. જેમણે દુબઈની ઓફિસથી ૪૨ જેટલા પ્રોજેક્ટ કર્યા છે. સાથે સાથે વિવિધ યુનિવર્સિટીનો પ્રોજેક્ટ મળ્યો હોવાનું કહીને રોકાણ કરવાનું કહ્યું હતું. તેમજ ખાતરી આપી હતી કે તેમની કંપનીની વેલ્યું ૧૪૦ કરોડ રૂપિયા થશે. તેમની કંપની એઆઈ સર્ચ એન્જિન તેમજ વિવિધ સોફ્ટવેર બનાવે છે. મયુરસિંહની સાથે માધવસિંહ પણ રોકાણ માટે કહેતો હતો. જેથી વિશ્વાસ કરીને તેજસભાઈએ ૫૮ કરોડ અને તેમના મિત્ર મયુરભાઈએ ૫૦ લાખનું રોકાણ કર્યું હતું. તેમણે કંપનીની ઓફિસ એસપી રીંગ રોડ અક્ષરધામ હાઈટ્સ કોમ્પલેક્સમાં શરૂ કરી હતી.

આ દરમિયાન તેજસભાઇ એક દિવસ ઓફિસમા ગયા ત્યારે જાણવા મળ્યું હતું કે મયુરસિંહ અને માધવસિંહ ચૌહાણ કંપનીના નામે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી રહ્યા છે. બાદમાં તપાસ કરતા વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. કે મયુરસિંહના કોઇ પ્રોજેક્ટ ચાલતા નહોતા.

## કૃષિ, સહકારની ૮૦૦ કચેરીઓ સોલાર રૂફટોપથી સજ્જ કરાશે

અમદાવાદ, શુક્રવાર

રાજ્યમાં આવેલી કૃષિ, પશુપાલન, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળની ૮૦૦ કચેરીઓ સોલાર રૂફટોપથી સજ્જ કરાશે. જેના દ્વારા દૈનિક અંદાજે ૮૭૫૦ યુનિટ અને વર્ષ દરમિયાન અંદાજે ૩૧.૯૪ લાખ યુનિટ ગ્રીન વીજળીનું ઉત્પાદન થવા અંદાજ છે. આ કારણે રાજ્ય સરકારને વાર્ષિક રૂપિયા ૨.૫૦ કરોડના વીજ બિલની બચત થશે. ભવિષ્યમાં તમામ માર્કેટિંગ યાર્ડના ગોડાઉન, ડોમ અને સ્ટોરેજ વ્યવસ્થાને તબક્કાવાર સોલારથી સજ્જ કરવાની દિશામાં આયોજન કરાઈ રહ્યું છે.

રૂ.પાંચથી ૩૫ લાખ સુધીની સહાય અપાશે

# મ્યુનિ.ની નવી સ્ટાર્ટઅપ પોલિસી, નવા સાહસને ૩ વર્ષ ૫૦% વેરામાફી

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગત માર્ચ માસમાં નવા સ્ટાર્ટઅપ્સ માટે સહાયની પોલિસી જાહેર કર્યા બાદ આજે નવી સ્ટાર્ટઅપ પોલિસીને મંજૂરીની મહોર મારવામાં આવી છે. જેમાં નવા સ્ટાર્ટઅપ્સને રૂ.પાંચથી ૩૫ લાખની સહાય વિવિધ નિયમોને આધિન આપવાનું નક્કી કરાયું છે. આખા દેશમાં મ્યુનિ. સ્તરે આ સૌપ્રથમ પહેલ છે.

## પાણી પુરવઠા, આરોગ્ય, સોલિડ વેસ્ટ, બીઆરટીએસ, સ્ટ્રીટ લાઈટ વગેરેના કામમાં સ્ટાર્ટઅપ્સને તક મળશે

અમદાવાદ મ્યુનિ.ની ઈ-ગર્વનન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટિરિયલ પ્રોક્યોરમેન્ટ કમિટીની આજે મળેલી બેઠકમાં નવી સ્ટાર્ટઅપ પોલિસી મંજૂર કરવામાં આવી છે. અગાઉ કરાયેલી જાહેરાત અનુસાર દર વર્ષે ૫૦ કરોડ લેખે પાંચ વર્ષ માટે કુલ રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રૂ.૫૦ કરોડથી વધુની રકમના સ્ટ્રીટ લાઈટ વગેરે ક્ષેત્રમાં નવા સ્ટાર્ટઅપ્સને તક આપવામાં આવશે. ઉપરાંત પોલિસીમાં કેટલીક નવી બાબતો ઉમેરવામાં આવી છે. જેમ કે, પાંચ લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને કમિટી દ્વારા સીધી જ મંજૂરી આપવામાં આવશે. જ્યારે ૧૫ લાખથી વધુનું કામ હશે તો તેના માટે ફરજિયાત ટેન્ડરિંગ કરવું પડશે. એએમસી

### સ્ટાર્ટઅપ પોલિસીની મહત્વની બાબતો

* પાંચ લાખ રૂપિયા સુધીની સીધી મંજૂરી સ્ક્રીનિંગ કમિટી જ આપશે
* ૧૫ લાખથી વધુના કામમાં ટેન્ડર પ્રક્રીયા ફરજિયાત
* એક સાહસિકને એક જ વખત સહાય મળશે
* પસંદ કરાયેલા સ્ટાર્ટઅપ્સને ૫થી ૩૫ લાખની સહાય
* બિલ કે ઈન્વોઈસનો આગ્રહ રાખવામાં આવશે નહીં
* કમ્યુનિટી હોલ અને ઓડિટોરિયમનો સ્ટાર્ટઅપ હબ તરીકે ઉપયોગ
* સ્ટાર્ટઅપે વિકસાવેલી ટેકનોલોજી અને સોલ્યુશન પર જ તેનો અધિકાર
* મ્યુનિ.ના પ્રોજેક્ટમાં ૧૫ ટકા કામ અનામત
* દર વર્ષે ૩થી ૫ દિવસનો ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ફેસ્ટ

પ્રોજેક્ટમાં ૧૫ ટકા કામગીરી નવા સ્ટાર્ટઅપ્સ માટે અનામત રાખવામાં આવશે. મ્યુનિ.ના પાણી પુરવઠા, આરોગ્ય, સોલિડ વેસ્ટ, બીઆરટીએસ, સાથે કાર્યરત સ્ટાર્ટઅપ્સને ૨૫૦ ચોરસ મીટર સુધીની ઓફિસ માટે ત્રણ વર્ષ સુધી પ્રોપર્ટી ટેક્સમાં ૫૦ ટકા રાહત આપવાનું પણ નક્કી કરાયું છે.

સિટી ડેપ્યુટી કલેક્ટરે ફરિયાદ નોંધાવી

# નિકોલમાં કરોડોની જમીન એનએ કરવા બિલ્ડરે ખોટુ સોગંદનામું કર્યું

અમદાવાદ,શુક્રવાર

શહેરના નિકોલમાં આવેલી કરોડો રૂપિયાની જમીન બિનખેતી કરવા માટે નિતીન પ્રજાપતિ નામના બિલ્ડરે કલેક્ટર કચેરીમાં ખોટું સોગંધનામું કરીને સરકાર સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નિકોલ પોલીસ મથકે નોંધવામાં આવી છે. સૌથી ચોકાવનારી વિગતો એવી છે કે આ વિવાદાસ્પદ જમીન પર બાંધકામ પણ થઈ ગયુ છે અને લોકો રહેવા પણ આવી ગયા છે.

## જમીનના દાવા કોર્ટમાં ચાલતા હોવાની વાત છુપાવીને જમીન પર બાંધકામ કરી નંખાયું

લાલ દરવાજા મહેસૂલ ભવન ખાતે સીટી ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવતા રોનકભાઈ પટેલે નિકોલ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે સોલામાં આવેલા મલય વિદ્યા બંગ્લોઝમાં રહેતા નિતીનભાઈ પ્રજાપતિ નામના વ્યક્તિએ કલેક્ટર કચેરીમાં ૪૬૦ અને ૪૬૨ (૧) સર્વેનંબરની જમીન અંગે સોગંધનામુ રજૂ કર્યું હતું કે આ જમીન તેમના કબ્જામાં છે અને તેનો કોઈ કેસ કોર્ટ કે સત્તા મંડળમાં પેન્ડિંગ નથી. પરંતુ, ઓઢવમાં રહેતા રાકેશ પટેલ નામના વ્યક્તિએ આ સોગંધનામું ખોટું હોવા અંગે અરજી કરવાની સાથે સિવિલ કોર્ટમાં દાવા પેન્ડિંગ હોવાના પુરાવા આપ્યા હતા. જેની ચકાસણી કરતા નિતીન પ્રજાપતિએ ખોટુ સોગંધનામું રજૂ કર્યું હોવાનું સામે આવતા આ અંગે સરકારી કચેરી અને અદાલતમાં ખોટા પુરાવા ઉભા કરવા અને બનાવટી સોગંધનામું રજૂ કર્યા અંગેનો ગુનો નિકોલ પોલીસ મથકે નોંધાયો છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ વિવાદાસ્પદ જમીન પર હાલ એપાર્ટમેન્ટની સ્કીમ પણ બની ગઈ છે અને તેમાં ૭૦ ટકાથી વધુ લોકો રહેવા માટે પણ આવી ગયા છે. જેના કારણે મકાન ખરીદનારાઓમાં ચિંતા છે. ત્યારે આ કેસની તપાસમાં મોટા ખુલાસા થઈ શકે છે.

ગેસ સંકટ, નિકાસ બંધ સમયે વધુ એક ચિંતા

# સિરામિક ઉદ્યોગના પ્રોપેન ગેસમાં પ્રતિ ટન રૂ. ૭,૩૦૦નો ભાવવધારો

મોરબી,શુક્રવાર

મોરબીનો સિરામિક ઉદ્યોગ ઈરાન-અમેરિકા યુદ્ધ શરુ થયું ત્યારથી ગેસ સંકટનો સામનો કરી રહ્યો છે. છેલ્લા છ માસ કરતા વધુ સમયથી ગેસ સંકટ, એક્સપોર્ટ બંધ, કન્ટેનરના ભાડામાં વધારો સહિતના પ્રશ્નોથી ઝઝૂમી રહ્યો છે ત્યારે આટલી મુશ્કેલી ઓછી હોય તેમ પ્રોપેન ગેસના ભાવમાં વધારો ઝીંકાયો છે.

## નેચરલ ગેસ કરતા થોડો સસ્તો મળતો હોવાથી ઉદ્યોગકારો તેનાથી કામ ચલાવી લેતા હતા, પરંતુ હવે બન્નેનાં ભાવ સરખાં

મોરબી સિરામિક ઉદ્યોગમાં વપરાતા પ્રોપેન ગેસના ભાવમાં પ્રતિ ટન રૂા. ૭૩૦૦નો વધારો થયો છે. જેમાં કંડલા અને પોરબંદરથી આવતા પ્રોપેન ગેસના ભાવમાં વધારો ઝીકવામાં આવ્યો છે. નેચરલ ગેસ અને પ્રોપેન ગેસના ભાવમાં થોડો તફાવત હતો અને નેચરલ ગેસ કરતા થોડો સસ્તો મળતો હોવાથી ઉદ્યોગકારો તેનાથી કામ ચલાવી લેતા હતા. પરંતુ હવે પ્રોપેન ગેસનો ભાવ પણ નેચરલ ગેસની આસપાસ પહોંચી ગયો છે. દિવાળી પૂર્વે રાહતની આશા હોય પરંતુ પડ્યા પર પાટૂ પડ્યું છે અને પ્રોપેન ગેસના ભાવો ઉદ્યોગકારોને રડાવી રહ્યા છે. હજુ યુધ્ધ સંપૂર્ણ શાંત થયું નથી અને સિરામિક ઉદ્યોગકારો હજુ પણ મંદી સામે ઝઝૂમી રહ્યા છે તો સામે પક્ષે ગેસના સતત વધતા ભાવથી પ્રોડક્શન કોસ્ટને પહોંચી વળાતું નથી.

ટેન્સાઈલ સ્ટીલ લિ.ના કરોડોના જમીન કૌભાંડમાં

# અમદાવાદના બિલ્ડર ભાવેશ અમીનની આગોતરા જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

ટેન્સાઈલ સ્ટીલ કંપનીના કરોડોના જામીન કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાયેલા ગુનામાં અમદાવાદના બિલ્ડર ભાવેશ અમીને પોલીસ ધરપકડથી બચવા અગોતરા જામીન અરજી મૂકતા અદાલતે અરજી નામંજૂર કરી હતી.ન્યાયાધીશે ચૂકાદામાં નોંધ્યું હતું કે,આરોપી હાલ વિદેશમાં છે અને તેનો સાચો ઈરાદો જાણવા કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન જરૂરી જણાઈ રહ્યું છે.

## ૧૨૩ કરોડના રોકાણને ડુબાડવાનો પ્રયાસ થતાં ફરિયાદ થઈ હતી : ડીઆરટીના સ્ટે છતાં લીઝ ડીડ કરાયું હતું

ઉલ્લેખનીય છે કે, ટેન્સાઈલના પૂર્વ ડાયરેક્ટર અમીત શાહે એક પ્રમોટરને કંપની બેઠી કરવા તૈયાર કર્યા બાદ તેણે બોગસ લીઝ ડીડ બનાવીને અમદાવાદના બિલ્ડરને આપી દઈ હાઈકોર્ટના હુકમનું ઉલ્લંઘન કરતાં ગુનો નોંધાયો હતો.સ્નેહદીપ રિયાલ્ટિ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ટેન્સાઈલ સ્ટીલ લિમિટેડની કિંમતી જમીન બાબતે ૧૨૩ કરોડ રૂપિયાથી વધુના રોકાણને ડૂબાડવાના ઈરાદે આરોપીઓ દ્વારા ગુનાહિત કાવતરું રચી બનાવટી લીઝ ડીડ તૈયાર કરવામાં આવી હતી.આ કરોડો રૂપિયાની ગુનાહિત ઠગાઈ અને કાવતરાના કેસમાં, શ્રીમ કન્સ્ટ્રકશન પ્રા.લી.ના ડાયરેક્ટર અને હાલ યુ.એસ.એ. ખાતે રહેતા ભાવેશ નરેશચન્દ્ર અમીન (રહે. થલતેજ રોડ, બોડકદેવ, અમદાવાદ તથા સેન્ડિએગો કેલિફોર્નિયા, યુએસએ)એ તેમજ પુરાવાને ધ્યાને લઈ અરજદાર ભાવેશ અમીનની જામીન અરજી નામંજૂર કરતા ચૂકાદામાં નોંધ્યું હતું કે, મુંબઈ ડીઆરટીનો મનાઈ હુકમ અને બેંક મોર્ગેજની જાણ હોવા છતાં, રાજીનામાની તારીખોના ખોટા દસ્તાવેજો ઊભા કરી ટેન્સાઈલ સ્ટીલ કંપનીની જમીન અંગે લીઝ ડીડ કરી છેતરપિંડી આચરવામાં આવી હોવાનું જણાય છે.

### ૧૫ કરોડના કૌભાંડમાં પણ બિલ્ડરના આગોતરા નામંજૂર

યુનિટી સ્મોલ ફાઈનાન્સ બેન્કના મોર્ગેજ હક્કો અને ડીઆરટી.ના આદેશોની જાણ હોવા છતાં ખોટા દસ્તાવેજો ઊભા કરી રૂા. ૧૫ કરોડથી વધુના ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો કરી બેન્ક સાથે વિશ્વાસઘાત કરવાના બનાવમાં પણ અમદાવાદના બિલ્ડર ભાવેશ અમીનની આગોતરા જામીન અરજી ન્યાયાધીશે નામંજૂર કરી હતી.ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાયેલા રૂા.૧૫ કરોડથી વધુના આર્થિક કૌભાંડ અને ગુનાહિત વિશ્વાસઘાતના ગુનામાં આરોપી ભાવેશ નરેશચંન્દ્ર અમીન (રહે. શ્રીમ હાઉસ, થલતેજ રોડ, બોડકદેવ, અમદાવાદ, હાલ રહે. યુએસએ)એ ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી મૂકી હતી. ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ તેમજ પુરાવાને ધ્યાન લઈ અરજી નામંજૂર કરી હતી.

આગોતરા જામીન અરજી મૂકતા તેની સુનાવણીમાં મુખ્ય સરકારી વકીલ અનિલ દેસાઈએ દલીલ કરી હતી કે, આરોપી વિદેશમાં બેસીને આર્થિક કૌભાંડ આચરી રહ્યા છે.ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ

## અસારવા બ્રિજ પાસે ટીપી રોડ પર ૧૦ ઝુંપડા તોડાયા

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદના મધ્ય ઝોનમાં શાહીબાગ વોર્ડમાં અસારવા ઓવર બ્રિજનું નવીનીકરણ ચાલી રહ્યું છે. ત્યારે બ્રિજની સમાંતર બંને તરફના ટીપી રોડ પર થયેલા દબાણો હટાવવા એકાદ સપ્તાહ પહેલાં નોટિસો આપવામાં આવી હતી. આજે મ્યુનિ.ના એસ્ટેટ વિભાગે જેસીબી સહિતના કાફલા સાથે સ્થળ પર જઈને કાચા-પાકા ઝુંપડા અને ઓટલા-એક્સટેન્શન સહિતના ૧૦ જેટલા દબાણો તોડી પાડ્યા હતા.



























### જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના તાલુકા દશક્રોઈના ગામ મોજે ચોસરની સીમના (એ) રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૫૭૭ (જુના બ્લોક નંબર-૯૦ પૈકી) ની ૮૦૬૮ ચોરસમીટર જમીન તથા (બી) રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૫૭૮ (જુના બ્લોક નંબર-૯૦ પૈકી) ની ૮૬૯૦ ચોરસમીટર જમીન એમ મળીને કુલ્લે ૧૬૭૫૮ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) ભીખુભાઈ પોપટભાઈ ગજેરા (વ.વ.૫૦%ના હિસ્સેદાર) (૨) ધર્મેશ બાબુલાલ ગેલાણી (વ.વ.૨૫%ના હિસ્સેદાર) તથા (૩) હિરેન કાંતિલાલ સોજીત્રા (વ.વ.૨૫%ના હિસ્સેદાર)એ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૮૬૬૫
તારીખ : ૨૪-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

### જાહેર નોટિસ

**મોજે - વિરમગામ**

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ વિરમગામ તાલુકાના મોજે-વિરમગામ ગામની સીમના (એ) સર્વે નં. ૨૭૦/૩/૨ ની જમીનનો સમાવેશ સીટી સર્વે કચેરી : વિરમગામ, સીટી સર્વે વોર્ડ : વિરમગામ (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA૨૭૦/૩/૨ ની ચો.મી. ૧૧૮૯૦ પૈકી અગાઉ વેચાણ થયેલ ચો.મી. ૬૨૭૦.૯૬ ની જમીન બાદ જતાં ચો.મી. ૫૬૧૯.૦૪ ની બિનખેતીની જમીન તેમજ (બી) સર્વે નં. ૨૭૦/૪ ની જમીનનો સમાવેશ સીટી સર્વે કચેરી : વિરમગામ, સીટી સર્વે વોર્ડ : વિરમગામ (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA૨૭૦.૪ ની ચો.મી. ૧૯૭૨૯ પૈકી ચો.મીટર : ૧૩૪૫૮.૦૪ ની બિનખેતીની જમીન (૧) જીગ્નેશ નાગજીભાઈ હીરપરા, (૨) દિપકભાઈ નાગજીભાઈ હિરપરા, (૩) અનિલકુમાર બાબુભાઈ પટેલ તથા (૪) આનંદ બાબુલાલ પટેલની તેમજ બાકી રહેતી ચો.મી.૬૨૭૦.૯૬ ની બિનખેતીની જમીન અનિલકુમાર બાબુભાઈ પટેલની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ.જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## ગુજરાતના ઓર્ગેનિક ઉત્પાદનોના સર્ટિફાઈડ લિસ્ટમાં અડધાથી વધુ ફેલ

# ઓર્ગેનિક સર્ટિફિકેશન એજન્સીમાં જ 'ભેળસેળ': ૪૪૦થી વધુ રદ થયેલા ઉત્પાદકો

અમદાવાદ, શુક્રવાર

આજકાલ ખાવાની વાનગીઓ કે વસ્તુ પર 'ઓર્ગેનિક' શબ્દ ઉમેરાય એટલે જાણે અમરત્વ મળ્યું હોય એવો આભાસ ગ્રાહકોના મન પર છવાઈ જાય છે. પરંતુ પેકેટ પર 'ઓર્ગેનિક સર્ટીફાઈડ' લખ્યું હોય તો તે કેટલું વિશ્વસનીય છે? આ સવાલ હવે વધુ મહત્ત્વનો બની ગયો છે. ગુજરાતમાં ઓર્ગેનિક સર્ટીફિકેશન કરતી એજન્સીની જાહેર યાદીઓ જોતાં સ્પષ્ટ થાય છે કે સર્ટીફાઈડ થનારા કરતાં રદ થનારાની સંખ્યા વધુ છે.

## ઓર્ગેનિક ઉત્પાદન સાથે જૂજ કંપનીઓ કે સંસ્થાઓ સામે હજારો 'ઓર્ગેનિક'નો દાવો કરીને લેબલિંગ કરતી કંપનીઓનો રાફડો

GOPCAની વર્તમાન યાદી મુજબ વ્યક્તિગત સ્તરે આશરે ૩૦૦ સર્ટીફાઈડ ઓપરેટર્સ છે, જ્યારે ઉત્પાદક જૂથો (ICS)ની સંખ્યા આશરે ૪૭ છે. આમ કુલ સક્રિય સર્ટીફાઈડ ઓપરેટર્સ આશરે ૩૫૦ની આસપાસ છે. તેની સામે ડિસ્કન્ટિન્યુડ (રદ થયેલા) ઓપરેટર્સની યાદીમાં ૪૪૦થી વધુ નામો છે. એટલે કે સર્ટીફાઈડ થયેલા કરતાં વધુ લોકોનું સર્ટીફિકેશન રદ થયું છે. દેશમાં APEDAના ૨૦૨૪-૨૫ના આંકડા મુજબ NPOP હેઠળ કુલ ૧૨,૬૩૭ સર્ટીફાઈડ ઓપરેટર્સ છે. ગુજરાતમાં આ સંખ્યા તેની સરખામણીએ નાની છે, પરંતુ રદ થયેલાનું પ્રમાણ ઊંચું છે. આ યાદીઓમાં રદ થવાના કારણો જાહેર કરવામાં આવ્યા નથી. જોકે, આવા કિસ્સાઓમાં જમીનના નમૂનામાં જંતુનાશકના અવશેષ મળવાના કારણો પણ સામેલ હોવાનું જાણવા મળે છે. કેન્દ્ર સરકારના ૨૦૨૪-૨૫ના આંકડા પ્રમાણે ગુજરાતમાં કુલ ૧૨,૩૮૭ ખાદ્ય નમૂનાઓની તપાસ થઈ હતી. તેમાંથી ૯૦૧ નમૂના નિયમવિરુદ્ધ નીકળ્યા હતા. ૮૫૯ કેસમાં દંડ થયો અને ૯૧ ફોજદારી કેસમાં દોષસિદ્ધિ નોંધાઈ. આ આંકડા તમામ ખાદ્યપદાર્થોના છે. ઓર્ગેનિકના ખોટા દાવા અથવા જંતુનાશકની ભેળસેળના અલગ આંકડા જાહેરમાં ઉપલબ્ધ નથી. FSSAIનું 'જૈવિક ભારત' પોર્ટલ સર્ટીફાઈડ ઉત્પાદનો ચકાસવા માટે ઉપલબ્ધ છે. ગ્રાહકો ત્યાંથી કંપની અથવા ઉત્પાદનનું નામ શોધીને સ્ટેટસ ચકાસી શકે છે. પરંતુ ગુજરાતમાં ઓર્ગેનિકના ખોટા દાવા બદલ નોંધાયેલા કેસોની અલગ સંખ્યા સ્પષ્ટ નથી. સર્ટીફાઈડ લેબલ હોવું એક બાબત છે અને તે કેટલું શુદ્ધ છે તે બીજી બાબત છે. સક્રિય સર્ટીફાઈડ ઓપરેટર્સ કરતાં રદ થયેલાની સંખ્યા વધુ હોવી ગ્રાહકો માટે ચિંતાનો વિષય છે. ઊંચી કિંમત ચૂકવીને ઓર્ગેનિક ખરીદતા લોકો માટે હવે માત્ર કિંમતનો નહીં, પરંતુ વિશ્વાસનો પણ સવાલ છે. ભારતમાં કોઈ ટ્રેન્ડ ચાલે તેની સાથે જ તેના ડુપ્લિકેશનની વિરોધી દિશા સાચા ઓર્ગેનિક ઉત્પાદકો માટે અંતરાય રૂપ બની જાય છે. જેના કારણે જે સંસ્થાઓ શુદ્ધ પ્રોડક્ટ વેચતી હોય તેમને પણ નુકસાન થાય છે.










## સ્થાનિક - જ્ઞાતિગત સમીકરણોના આધારે પસંદગી

# ગાંધીનગરનું મેયરપદ કોના શિરે સીએમ નિવાસસ્થાને મહામંથન

અમદાવાદ,શુક્રવાર

પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૪૪માંથી ૩૮ બેઠકો પર ભગવો લહેરાવી ભાજપે વિજય મેળવ્યો છે. હવે ગાંધીનગરના આગામી મેયર કોણ બનશે તે મુદ્દે અત્યારથી જ રાજકીય અનુમાન થવા માંડ્યા છે. સાથે સાથે ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદ માટે ભાજપ શાસિત મોવડીમંડળમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આજે મુખ્યમંત્રી નિવાસસ્થાને પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજાઈ હતી, જેમાં નામો નક્કી કરવા કલાક સુધી ગહન મંથન ચાલ્યું હતું.

## થરા અને ઓખા પાલિકામાં પ્રમુખ બનાવવા ચર્ચા ભાજપ હાઈકમાન્ડ નામ પર આખરી મહોર મારશે

મુખ્યમંત્રી નિવાસે યોજાયેલી બેઠકમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને સંગઠન મહામંત્રી સહિતના પક્ષના વરિ હોદ્દેદારોની ઉપસ્થિતીમાં સ્થાનિક સ્તરેથી આવેલા સંભવિત દાવેદારોના નામોની સમીક્ષા કરવામાં આવી હતી. પાર્લામેન્ટ્રી બોર્ડ સમક્ષ રજૂ કરાયેલી નામોની પેનલ પર વરિ નેતાઓએ લાંબી ચર્ચા-વિચારણા કરી હતી. પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે ગાંધીનગર મનપાનું મેયર પદ પ્રભાવશાળી અને સંગઠન સાથે જોડાયેલા ચહેરાને જ કમાન સોંપશે તે નક્કી છે. રાજકીય વર્તુળોમાં કેટલાક નામો ચર્ચામાં છે. આ ઉપરાંત ક્ષત્રિય ઠાકોર સમાજમાંથી પણ કેટલાક નામો પર વિચારણા ચાલી રહી છે.આ બેઠક માત્ર ગાંધીનગર પૂરતી સીમિત નહોતી. ભાજપે વિજય મેળવ્યો છે તેવી થરા અને ઓખા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ પદના હોદ્દેદારો નક્કી કરવા માટે પણ આ બેઠકમાં સમાંતર મંથન કરવામાં આવ્યું હતું. સ્થાનિક અને જ્ઞાતિગત સમીકરણોને ધ્યાનમાં હોદ્દેદારોની પસંદગી કરાશે.ભાજપની પરંપરા મુજબ, પાર્લામેન્ટ્રી બોર્ડમાં નામો ફાઈનલ થયા બાદ હાઈકમાન્ડ બંધ પરબિડીયામાં 'મેન્ડેટ' મોકલાવશે. ટૂંક જ સમયમાં ભાજપ આ અંગે સત્તાવાર નામોની જાહેરાત કરી દેશે. પાટનગરની ગાદી પર કોણ બેસશે તે સસ્પેન્સ પરથી હવે ગમે ત્યારે પડદો ઊંચકાઈ શકે છે.

## ગુલબાઈ ટેકરા પાસે કારની ટક્કરથી પાંચ વર્ષના બાળકનું મોત

અમદાવાદ,શુક્રવાર

ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેંજ પાસે રહેતા મહેશભાઈ રાઠોડના પાંચ વર્ષના પુત્ર નિલેશને લઈને તેની દાદી નજીકની દુકાનમાં ખરીદી કરવા માટે ગયા હતા. રસ્તો ક્રોસ કરતા સમયે કારની ટક્કર લાગતા મહિલા કારચાલક બાળકને લઈને સારવાર માટે લઇ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ અંગે બી ડિવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.




# રાજકોટ જિલ્લામાં એક જ દિવસમાં ૧૮ બોગસ ડોકટરો ઝપટે ચડ્યા

રાજકોટ, શુક્રવાર

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બોગસ ડોક્ટરો કે જે ઝોલા છાપ ડોક્ટરો તરીકે પણ ઓળખાય છે, મોટી સંખ્યામાં પ્રેક્ટિસ કરી દર્દીઓના આરોગ્ય સાથે માત્ર ચેડા જ નહીં પરંતુ જીવલેણ રમત રમતા હોવાની મોટાપાયે ફરિયાદો બાદ ગઈકાલે જિલ્લામાં દરોડા પાડી ૧૮ બોગસ ડોક્ટરોને ઝડપી લેવાયા હતા. તમામને ત્યાંથી એલોપેથીક દવાઓ, ઈન્જેકશન વગેરે મળી રૂા. ૩ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

## ગંધ આવી જતાં અમુક બોગસ ડોક્ટરો ભાગી ગયા, હજુ પણ ઝુંબેશ યોજવામાં આવશે

અત્યાર સુધી પોલીસ એકલ દોકલ બોગસ ડોક્ટરોને પકડતી હતી. પરંતુ રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરને મોટી સંખ્યામાં બોગસ ડોક્ટરો ગ્રામ્ય વિસ્તારોમાં પ્રેક્ટિસ કરતા હોવાની માહિતી મળી હતી. જેના આધારે આવા લેભાગુઓને શોધી કાઢવા એસઓજીની ટીમોને કામે લગાડાઇ હતી. એસઓજીએ માહિતી એકત્રિત કર્યા બાદ એસપીએ તમામ તાલુકાના ઈન્ચાર્જને તેમના વિસ્તારમાં ક્યા-ક્યા બોગસ ડોક્ટરો પ્રેક્ટિસ કરે છે તેની માહિતી આપી દરોડા પડાવ્યા હતા.સ્થાનિક પોલીસ સાથે એસઓજીની ટીમોએ પણ દરોડા પાડ્યા હતા. એસઓજીએ પાંચ બોગસ ડોક્ટરોને ઝડપી લીધા હતા. બાકીના ૧૩ને સ્થાનિક પોલીસે ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓમાં ત્રણ ગ્રેજ્યુએટ છે. બાકીના ધો. ૧૦થી લઈ ધો. ૧૨ સુધી પાસ છે. મોટાભાગના આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેઓ અગાઉ ડોક્ટરને ત્યાં નોકરી કરતા હતા.બાદમાં પોતાનું ક્લિનિક શરૂ કરી દીધું હતું. મોટાભાગના આરોપીઓ એલોપેથીની દવાઓ આપતા હતા. અમુક બોગસ ડોક્ટરો તો છેલ્લા ૨૫ વર્ષથી પ્રેક્ટિસ કરતા હોવા છતાં તંત્રને ગંધ આવી ન હતી.






## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા અમદાવાદનાં મોજે ગામ કાસીન્દ્રાની સીમના ખાતા નંબર ૨૧૭૧ બ્લોક નંબર ૧૦૯૦ (જુનો બ્લોક નંબર ૫૩૭, જુનો સર્વે નંબર ૪૫૧) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૪૭-૫૬ આકાર રૂ. ૪.૩૮ પૈસાની બીનખેતીના હેતુ માટે પ્રીમિયમને પાત્ર જુની શરતની ખેતીની જમીન., દેવેન્દ્ર રમણીકલાલ શાહના કુલ સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા બોજામુક્ત હોવાનું જણાવી અમારા અસીલએ અમારી પાસે સદર જમીનના ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૩/૧/૨૦૨૬

**Kavya Manish Shah, Advocate**
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad – 380 015.
Ph.no.- 87809 42447

## જાહેર નોટિસ

**મોજે-આગોલ**

ડીસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે- આગોલ ગામની સીમના રી - સર્વે મુજબના નવા એકત્ર સર્વે નં. ૧૯૯૩ (જુના સર્વે નં. ૧૨૩૦) (એકત્ર પહેલાના રી - સર્વે મુજબના સર્વે નંબર : ૧૯૯૬ ના જુના સર્વે નંબર : ૧૧૮૦/૧ / પૈકી ૧) ની બિનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે 'સુર્યમ રીપોઝ' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ (એ) પ્લોટ નં. સી/૮૭ની ચો.મી. ૩૧૩ તથા રોડ - રસ્તા તથા કોમન પ્લોટની વગર વહેચાયેલ ચો.મી. ૧૫૦ની જમીન એમ મળી કુલ ચો.મી. ૪૬૩ તથા (બી) પ્લોટ નં. સી/૮૮ ની ચો .મી. ૩૧૩ તથા રોડ - રસ્તા તથા કોમન પ્લોટની વગર વહેચાયેલ ચો.મી. ૧૫૦ ની જમીન એમ મળી કુલ ચો.મી. ૪૬૩ એમ બંને પ્લોટોની મળીને કુલ ચો.મી. ૯૨૬ ના રહેણાંક હેતુમાટેની ખુલ્લા પ્લોટવાળી મિલકત જયુલકુમાર ધીરજલાલ વાઘાણી તથા જુલી જયુલકુમાર વાઘાણીની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - અડાલજ**

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર (ઝોન- ૨) ગાંધીનગર તાલુકાના મોજે - અડાલજ ગામની સીમના બ્લોક નં. ૮૫૨/અ ની ચો.મી.૧૩૬૯૬ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર : ૧૦ (અડાલજ - પોર) માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૧૦૧/૧/૧ ની ચો.મી. ૫૯૭૨ તથા ફાઈનલ પ્લોટ નં.૧૦૧/૧/૨ ની ચો.મી.૨૯૨૮ એમ મળી કુલ ચો.મી. ૮૯૦૦ (જુના ફાઈનલ પ્લોટ નં. ૧૦૧ ની ચો.મી.૮૯૦૩) ની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વે કચેરી : ગાંધીનગર માં કરીને ફાળવેલ સીટી સર્વે વોર્ડ : અડાલજ (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં.NA852/A ની ચો.મી.૮૯૦૩ પૈકી ઉત્તર દિશા તરફની બાકી રહેતી ચો.મી. ૬૩૯૫ ની મલ્ટીપર્પઝ હેતુની બિનખેતીની જમીન અશોકભાઈ સુંદરદાસની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને પૈકી ચો.મી. ૩૪૬૪ (બ્લોક નં.૮૫૨/અ પૈકી ચો.મી.૩૮૫૮) ની જમીનનું અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

આથી મારા અસીલો (૧) સવિતાબેન ઈશ્વરલાલ પંચાલ વા/ઓ યશવંતલાલ પંચાલ રહે.અમદાવાદ, (૨) સુલોચના નરેશચંદ્ર પંચાલ રહે.અમદાવાદ, (૩) હેમા નરેશચંદ્ર પંચાલ, રહે.અમદાવાદ, (૪) કવિતાબેન નરેશચંદ્ર પંચાલ વા/ઓ રાજેશ બાબુલાલ શાહ, રહે. અમદાવાદ (૫) કિન્નરી નરેશચંદ્ર પંચાલ રહે. અમદાવાદ (૬) સરોજબેન પ્રમોદચંદ્ર પંચાલ રહે.અમદાવાદ (૭) મનોજ પ્રમોદચંદ્ર પંચાલ રહે.અમદાવાદ (૮) ધર્મેન્દ્ર પ્રમોદચંદ્ર પંચાલ રહે.અમદાવાદ (૯) પારૂલબેન પ્રમોદચંદ્ર પંચાલ વા/ઓ હિમાંશુભાઈ પંચાલ રહે.આણંદ (૧૦) તુષાર મુળશંકર પંચાલ, રહે.અમદાવાદ (૧૧) રીના મુળશંકર પંચાલ વા/ઓ વિનોદભાઈ પંચાલ રહે.કલોલ (૧૨) કલ્પના જીતેન્દ્ર પંચાલ રહે.અમદાવાદ (૧૩) ભારતીબેન મંગળદાસ પંચાલ રહે.અમદાવાદ વાળાની સુચના મુજબ લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જાણ કરવાની કે, ગુજરાત રાજયના અમદાવાદ જિલ્લાના વટવા તાલુકાના ગામ મોજેઃ ઓઢવ ની સીમમા આવેલ રેવન્યુ સર્વે નં.૬૦૮ પૈકી હે.૦૦-૪૧-૬૧ ચો.મી., સર્વે નં.૬૦૯/૪ હે.૦૧-૨૧-૪૧ ચો.મી., સર્વે નં.૬૧૧ પૈકી હે.૦૨-૬૧-૦૨ ચો.મી. અને સર્વે નં.૬૧૨ પૈકી હે.૦૦-૨૪-૫૧ ચો.મી.વાળી જમીનો રજી.વેચાણ દસ્તાવેજથી મારા અસીલોના મુળ પુરુષ 'મણીલાલ પરસોતમભાઈ પંચાલ' એ સ્વતંત્ર માલિકી દરજજે ખરીદ કરેલ તેના ઉતરોતર ઉપરોકત તમામ મારા અસીલો વારસદારો છે. ઉપરોકત તમામ જમીનો પૈકી મારા અસીલોના મુળપુરુષ 'મણીલાલ પરસોતમભાઈ પંચાલ'' એ રજીસ્ટર્ડ અનુક્રમ નં.૯૩૫૮ તારીખઃ૧૪-૧૨-૧૯૬૦ ના રોજ ૯૯૯-વર્ષના ભાડાપટ્ટે અમદાવાદ જિલ્લાના વટવા તાલુકાના ગામ મોજેઃ ઓઢવ ની સીમમા આવેલ રેવન્યુ સર્વે નં.૬૦૮ પૈકી, સર્વે નં.૬૦૯/૪, સર્વે નં. ૬૧૧ અને સર્વે નં. ૬૧૨ પૈકી કુલ જમીન ચો.વાર-૨૫૦૦૦ "અમદાવાદ ફલેકસીબલ ટયુબ મેન્યુફેકચરીંગ કંપની પ્રાઈવેટ લીમીટેડ", ફેકટરી એડ્રેસઃ- વલ્લભ નગર, ઓઢવ રોડ, મુ.ઓઢવ, તાલુકો-વટવા, જિ.અમદાવાદ વાળાને અમુક ચોકકસ સમય અને મર્યાદા(શરતો)ને આધીન રહીને ભાડા કરાર કરી આપેલ હતો પરંતુ નકકી કરેલ શરતો મુજબ પાલન-વર્તન કરેલ ન હોય તેથી સદરહુ ભાડા કરાર "Breach of condition" ના કારણે રદબાતલ જાહેર કરીએ છીએ અને આ જમીનો અંગે અન્ય કોઈએ પણ મારા અસીલોના માલિકી હકક અધિકારો વિરુધ્ધ કે સહી-સંમતિ વગર કોઈપણ જાતનો વ્યવહાર કે કરાર કે વેચાણ કે અદલા-બદલાનો વ્યવહાર કે તેવી કોઈપણ સમજુતી ઉપરોકત પ્રાઈવેટ કંપની સાથે કે તેના લાગતા વળગતા કે મુખત્યાર, એજન્ટ વિગેરે સાથે કરવો-કરાવવો નહી આમ છતા તેવા કોઈ વ્યવહાર કરવામા આવશે કે કરેલ અત્યાર સુધી કરેલ હશે તો તે મુળથી જ "Void" એટલે કે નિરર્થક ગણાશે અને મારા અસીલોને તે બંધનકર્તા રહેશે નહી તેની નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૨/૧૦/૨૦૨૬

**હસમુખ ડી.લખાણી-એડવોકેટ**
126, Gala Magnus, Safal Parisar Road, South Bopal, Ahmedabad 380058 M. 9227241851

## જાહેર નોટિસ

**મોજે-નાસ્મેદ**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે- નાસ્મેદ ગામની સીમના રી-સર્વે મુજબના સર્વે નં. ૪૫૧ તથા ૪૫૩ (જુના સર્વે નં. ૨૭૮/૨ તથા ૨૭૮/૧) વિગેરેની બિનખેતીની જમીન ઉપર 'આંતરક્ષિતિજ' નામની પ્લોટોની યોજના આવેલ છે, તેમાં લે-આઉટ મુજબના ફેઝ - ૫ માં આવેલ પ્લોટ નં. ૫૨ ની ચો.મી. ૭૦૮.૧૯ ના ખુલ્લા પ્લોટવાળી મીલકત કલ્પના મહેન્દ્ર ગાંધીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે અમારા અસીલ (૧) આશિષ અમરતભાઈ પટેલ રહે-૧૧૩-માધવપાર્ક-૪, રાધે ચેમ્બર સામે, વસ્ત્રાલ, અમદાવાદ (૨) દર્શનકુમાર જયંતિભાઈ પટેલ રહે,બી-૭૦૪, પુષ્કર સ્કાઈ, સત્વ ઈકોન પાસે,એસ.પી.ચાર રસ્તા, નિરાંત ક્રોસ રોડ, વસ્ત્રાલ, અમદાવાદનાઓએ મોજે ગામ-જીંજર તા-મહેમદાવાદ જી-ખેડાની ખાતા નં.૬૫૮ બ્લોકાસર્વે નં.૫૪૧-અ+બ ક્ષેત્રફળ.૦-૬૧-૯૮ પૈકી ૦-૨૭-૦૦ હે.આરે.ચો.મી આકાર રૂ.૩.૧૩ પૈસાવાળી જમીનના માલિક (૧)પુજાબેન તે પ્રવિણભાઈ વાઘજીભાઈ પટેલના વિધવા (૨)ધર્મેન્દ્રભાઈ વાઘજીભાઈ પટેલ વિગેરેનાઓ રહે-રબારીવાસ, જાલમપુરા તા,મહેમદાવાદ જી,ખેડાનાઓની પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ હોઈ જેથી અમારા અસીલ ટાઈટલ ક્લીયર કરવા માગતા હોઈ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોકત જમીનમાં કોઈપણ પ્રકારે લાગ, ભાગ, હક્ક-હિસ્સો, કબજો ભોગવટો રહેલો હોઈ કે કોઈપણ પ્રકારે બોજો, ગીરો, વેચાણ, બક્ષીસ, વિલ કે સદર જમીનમા ખોરાકી, પોષાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હક્ક-હિસ્સો, પોષાતો હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી દિન-૭ (સાત) માં નીચેના નામ સરનામે રજી.એ.ડી દ્વારા લેખીત દસ્તાવેજ પુરાવાઓ સહીત જાણકારી વાંધો નોધાવવો તેમ છતાં મજકુર જમીન અંગે વાંધો નોધાવવામાં નહી આવે તો ઉપરોકત જમીનમા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ હક્ક-હિત, હિસ્સો પોષાતો હોય તો જ યાને કે વેઈવ (WAIVE) કરેલ છે. તેમ સમજી મુદત વીત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની તાકીદે નોધ લેશો.

તા.૨૩/૧૦/૨૦૨૬
સ્થળ-મહેમદાવાદ

**SURESH K. BHOI**
**B.COM, LL.B., LL.M**
**(ADVOCATE)**
OFFICE :- BESIDE RAJ CLINIC NENPUR CROSS ROAD, NENPUR, DIST. KHEDA.
Mo. 8511684342

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રિક્ટ :અમદાવાદ, તાલુકાઃ સાણંદ, મોજેઃ માણકોલ ની સીમના સર્વે નં. ૧૯૬૪/૧/૩૫ ની ક્ષેત્રફળ ૧૨,૯૫૦ ચોરસમીટર ની ખેતીની જમીન (''સદરહુ જમીન'') (૧) હર્ષવર્ધન અનિલકુમાર દવે તથા (૨) નિખિલભાઈ અનિલકુમાર દવે ના નામે ચાલે છે, તેવી સદરહુ જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, માલિકી, કબજા-ભોગવટાની બોજા રહિત તથા કાનૂની વિવાદોથી મુક્ત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, તે અંગે અમારા અસીલે અમારી પાસે સદરહુ જમીન ના ટાઇટલ ક્લીયર હોવા બાબતના સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વ શખ્સો કે અન્ય કોઈપણ વ્યક્તિ નો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ પર કોઇપણ પ્રકારે હક્ક, હિત, હિસ્સો, બોજો કે લાગભાગ હોય અથવા કોઈનો કોઈપણ પ્રકારે કોઈપણ ભાગમાં વારસાઇ, મોર્ટગેજ, ગીરો, પ્લેજ, વેચાણ, એક્સ્ચેન્જ, ટ્રાન્સફર, સોંપણી, કબજો, ભાડાપટ્ટો, પેટાભાડા, લાઈસન્સ, પેટા- લાયસન્સ, ટેનેન્સી, શેર, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈઝમેન્ટ, રસ્તા નો અધિકાર, ભેટ, વીલ, લિસ પેન્ડન્સ, વિનિમય, મેન્ટેનન્સ, ખોરાકી-પોષકી, ડેવેલોપમેન્ટ, એફ.એસ.આઈ./ ટી.ડી.આર, ફાળવણી દ્વારા જમીનો ના માલિકની માલિકીના અધિકાર / ટાઇટલ / હિતના સંદર્ભમાં અને/ અથવા કોઈપણ અન્ય બોજો (ક્લેઈમ્સ) હોય, તે ઉપર સામે કોઈ દાવા અને/અથવા માંગ ધરાવતા સર્વ શખ્સો એ તેની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૧૦ માં લેખિત અને અસલ દસ્તાવેજી પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા વાંધો નોંધાવાનો રહેશે. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો કે લાગભાગ નથી અને હોય તો તે તમામ જતા (વેવ) કરેલ છે તેમ સમજી સદરહુ જમીન અંગેની અમારા અસીલ તેમની ઈચ્છાનુસાર યોગ્ય વેચાણ લેવા અંગેની કાર્યવાહી સંપૂર્ણ કરશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નકકી સમજવું.

**For,**
**Cyril Amarchand Mangaldas,**
**Advocates and Solicitors.**
**Siddharth Singh,**
**Partner, Advocate. & Notary**
Block A-1512, 15th Floor, Navratna Corporate Park, Ambli Bopal Road, Bodakdev, Ahmedabad – 380 058.
Ph: +91 79 3503 9999.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ શહેર વિભાગ-૨ (વાડજ)ના તાલુકે સાબરમતીના મોજે રાણીપ ગામની સીમના સર્વે નં.૧૭૩/ પૈકી ૨ ની ૧૦૯૨ સ.ચો.મીટર જમીન તથા સર્વે નં.૧૭૪/૧/પૈકી ૨ ની ૧૩૩૫ સ.ચો.મીટર જમીન મળી કુલે-૨૪૨૭ સ.ચો.મીટર બહુહેતુક ઉપયોગ માટેની બિનખેતીની જમીન (મજકુર મુળ સર્વે નં.૧૭૩ તથા મુળ સર્વે નં.૧૭૪/૧ ની કુલે-૪૦૪૭સ.ચો.મીટર જમીનને ટી.પી.સ્કીમ નં.૬૬ (રાણીપ-ચેનપુર-ચાંદલોડીયા) માં આવરી લઈ ટી.પી.સ્કીમની રૂઈએ જરૂરી કપાત કરી ફાળવવામાં આવેલ ફા.પ્લોટ નં.૧૩૨ ની ૨૪૨૮ સ.ચો.મીટર મળવાપાત્ર જમીન) તેના માલીકો લક્ષ્મણભાઈ ભાથીભાઈ દેસાઈ તથા નાગજીભાઈ બબાભાઈ મકવાણા તથા ગોવિંદભાઈ બબાભાઈ દેસાઈ તથા રામાભાઈ બબાભાઈ દેસાઈ તથા પરેશભાઈ ઈશ્વરભાઈ દેસાઈ તથા આશિષભાઈ ઈશ્વરભાઈ દેસાઈ તથા ધર્મેશ રામજીભાઈ દેસાઈ તથા ઉમેશ રામજીભાઈ દેસાઈ, સર્વે પૈકીના રહેવાસીઃ- રબારી વાસ, કાળી ગામ, તા.સાબરમતી, જિ-અમદાવાદ-૩૮૨૪૭૦નાની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તથા સર્વે પ્રકારના બોજાઓમાથી મુકત હોવાનુ જણાવી મજકુર જમીનના માલીકોએ અમારી પાસે મજકુર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે માંગણી કરેલી છે. આથી મજકુર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, હીત સંબંધ, ગણોત હકક, ભાડુઆત હકક કે બોજો, તકરાર અગર કોઈપણ પ્રકારની કોર્ટ કાર્યવાહી ચાલતી હોય કે સદર જમીન અંગે સરકારી, બેંક કે અન્ય કોઈપણ વ્યકિત કે સંસ્થાનુ લેણુ હોય કે સદર જમીન અંગે કોઈ બાનાચિઠ્ઠી, બાનાખત, વેચાણ કરાર, કબજા કરાર, ભાડા કરાર, ગણોત હકક તબદીલીના કરાર, ગણોત કરાર, વેચાણ દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની, લખાણો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિત ખરી નકલવાળા પુરાવા સાથે રજીસ્ટર્ડ એ.ડી.થી જાણ કરવી.નહિ તો મુદ્દત પુરી થયા બાદ સદર જમીનમા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, હીત સંબંધ વિગેરે નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની મજકુર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટેની કાર્યવાહી કરવામા આવશે.ત્યારબાદ કોઈની તકરાર કે વાંધો વચકો ચાલશે નહી.જેની સર્વેએ નોંધ લેવી.

તા.૨૩/૧૦/૨૦૨૬.

**એન.કે.પટેલ, એડવોકેટ તથા**
**હરેશ એન. પટેલ, એડવોકેટ**
**ઉજાસ એચ. પટેલ,એડવોકેટ**
૩૨૪ થી ૩૨૬,થર્ડ ફ્લોર,''શુકન મોલ'' વિસત પેટ્રોલ પંપની પાસે, સાબરમતી, અમદાવાદ- ૩૮૦૦૦૫
મો.નં.૯૮૨૫૬૧૭૨૮૮

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડિસ્ટ્રીક્ટ દહેગામ ના તાલુકા દહેગામ ના મોજે ધમીજ ની સીમના ખાતા નં.૧૯૧ માં ચાલતા રિ-સર્વે/ બ્લોક નં.૧૨૪૪ (જુના સર્વે નં.૯૫૯) ની ૩- ૩૫-૨૬ હે.આરે.ચો.મી., આકાર રૂા.૫.૦૦ પૈસાના ક્ષેત્રફળવાળી ખેતીની જમીન બેચરભાઈ ગોવાભાઈ, ત્રિકમભાઈ નાથાભાઈ, કનુભાઈ નાથાભાઈ, શૈલેષકુમાર નાથાભાઈ, મહેશભાઈ નાથાભાઈ, ઈન્દુબેન નાથાભાઈ, નારણભાઈ ગાંડાભાઈ મેવાડા, સુખદેવભાઈ ગાંડાભાઈ મેવાડા, સવિતાબેન ગાંડાભાઈ મેવાડા, કમળાબેન ગાંડાભાઈ મેવાડા, શારદાબેન તે બેચરભાઈ ગોવાભાઈની પત્ની, ગીતાબેન બેચરભાઈ, નરેશભાઈ બેચરભાઈ, ચંદ્રકાંત બેચરભાઈ, દીનાબેન બેચરભાઈ, દિપીકાબેન બેચરભાઈ નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ,ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકે કલોલના મોજે અઢાણાની સીમના પ્રમોલગેટેડ રેવન્યુ સરવે/બ્લોક નંબર-૫૫૮ (જુના સરવે/ બ્લોક નંબર-૩૪૨) ક્ષેત્રફળ-૨૬૦૨૨ સમચોરસમીટર પૈકી વગર વહેંચાયેલ ૧૨૧૮૩ સમચોરસમીટરની ખાતા નંબર-૧૧૩૫ વાળી જુની શરતની ખેતીની જમીન (૧) દર્શન મનુભાઈ પટેલ (૨) પાર્થ સુરેશભાઈ પટેલ તથા (૩) સંદીપ ગોવિંદભાઈ પટેલ, તમામ રહેવાસી : અમદાવાદનાએ તેઓની કુલ સ્વતંત્ર પરંતુ સહમાલીકી અને સહપ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો એટલેકે વ્યક્તિ, હાલના તથા અગાઉના માલીકો તથા તેમના વંશ, વાલી, વારસો, પેઢી, બેન્ક, નાણાંકીય સંસ્થા વગેરે કે જેઓ સદરહુ જમીન સામે કે ઉપર કોઈપણ પ્રકારે કોઈપણ હક્ક, હીત, હીસ્સો, દાવો, ઈલાખો જેવા કે રસ્તાનાં હક્કો, પાણી લેવાના હક્કો તથા અન્ય સુખાધીકારોનાં હક્કો, બાનાખતના હક્કો, મુખત્યારનામાં, કબજા કરાર, સમજુતી કરાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) ની અંદર તેઓ જે કાંઇ હક્ક વગેરે ધરાવતા હોય તો તેના દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ સહીતની લેખીત ખબર તે માંહે ફાઇલ નંબર-૪૪૮૯ (MR) દર્શાવીને રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે મોકલી આપવી, નહીંતર આવા હક્ક વગેરે ઉપર કોઇપણ પ્રકારનું લક્ષ આપ્યા સિવાય તેમજ જે કોઇનો આવો હક્ક વિગેરે હોય તો તેમણે જતો કર્યો છે તેમ માનીને સદરહુ જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની પણ કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની આથી નોંધ લેશો.

આજ તારીખ ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬ ના દિને.

**મે.લાખાણી ગાંધી એન્ડ કું.(અમદાવાદ)**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ નોટરી,**
૬૦૪, ચીનુભાઈ સેન્ટર, નહેરૂબ્રીજના નાકે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન નંબર :-૨૬૫૭૮૩૩૧ તથા ૨૬૫૭૮૫૫૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪ (પાલડી) તાલુકે વેજલપુરના મોજે મકરબાની સીમના રેવન્યુ સરવે/બ્લોક નંબર- ૫૪૮/૨૮, ક્ષેત્રફળ-૫૧૬૦ સમચોરસમીટર ખાતા નંબર-૧૯૮૦ વાળી જમીન કે જેનો ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦૪ (સરખેજ-ઓકાફ-મકરબા-વેજલપુર-આંબલી) માં સમાવેશ થતા તેના ફાઈનલ પ્લોટ નંબર-૫૧૧, ક્ષેત્રફળ-૩૦૯૬ સમચોરસમીટર ફાળવવામાં આવેલ જુની શરતની ખેતીની જમીન સ્વાતિબેન હરીલાલ વોરા તે અનિલભાઇ હિરાલાલ શાહની અ.સૌ ઓરત, રહેવાસી : અમદાવાદના એ તેઓની કુલ સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો એટલેકે વ્યક્તિ, હાલના તથા અગાઉના માલીકો તથા તેમના વંશ, વાલી, વારસો, પેઢી, બેન્ક, નાણાંકીય સંસ્થા વગેરે કે જેઓ સદરહુ જમીન સામે કે ઉપર કોઈપણ પ્રકારે કોઈપણ હક્ક, હીત, હીસ્સો, દાવો, ઈલાખો જેવા કે રસ્તાનાં હક્કો, પાણી લેવાના હક્કો તથા અન્ય સુખાધીકારોનાં હક્કો, બાનાખતના હક્કો, મુખત્યારનામાં, કબજા કરાર, સમજુતી કરાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) ની અંદર તેઓ જે કાંઇ હક્ક વગેરે ધરાવતા હોય તો તેના દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ સહીતની લેખીત ખબર તે માંહે ફાઇલ નંબર-૪૬૨૬ (MR) દર્શાવીને રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે મોકલી આપવી, નહીંતર આવા હક્ક વગેરે ઉપર કોઇપણ પ્રકારનું લક્ષ આપ્યા સિવાય તેમજ જે કોઇનો આવો હક્ક વિગેરે હોય તો તેમણે જતો કર્યો છે તેમ માનીને સદરહુ જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની પણ કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની આથી નોંધ લેશો.

આજ તારીખ ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૨૬ ના દિને .

**મેસર્સ લાખાણી ગાંધી એન્ડ કું. (અમદાવાદ)**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ નોટરી,**
૬૦૪, ચીનુભાઈ સેન્ટર, નહેરૂબ્રીજના નાકે, આશ્રમ રોડ, અમદાવાદ, ૩૮૦૦૦૯.
ફોન નંબર -૨૬૫૭૮૩૩૧, ૨૬૫૭૮૫૫૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ચંદ્રેશ જશવંતરાય દવે, રહે.અમદાવાદનાએ રજી.ડી. અમદાવાદ સબ-ડી. અમદાવાદ-૪(પાલડી), જી.અમદાવાદના તા.સાબરમતીના મોજે પાલડી ગામની સીમમાં ભુદરપુરા - આંબાવાડી વિસ્તારમાં આવેલ સર્વે નં. ૧૬૪/બની જમીન, ટી.પી. સ્કીમ નં.૨૧ના ફાયનલ પ્લોટ નં.૪૭૨ની ૩૮૫૮ સ.ચો.મી.ના ક્ષેત્રફળવાળી જુની શરતની રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીન ઉપર આવેલ ધી નાગરીક કો.ઓ.હા.સો.લી.(રજી.નં.બી/ ૨૧૦૫, તા.૨૮-૧૦-૧૯૫૭)ની ''નાગરીક સોસાયટી'' નામથી ઓળખાતી રેસીડેન્સીયલ ટેનામેન્ટ્સવાળી સ્કીમમાં ૧૨૪.૨૮ સ.ચો.મી. પ્લોટ એરીયા તથા તેની ઉપર અ.મ્યુ.કો.ના ટેક્ષ બિલ મુજબ ૫૪.૯૮સ.ચો.મી.ના બાંધકામવાળી ટેનામેન્ટ નંબર-૧ તરીકે ઓળખાતી અને સદર સોસાયટીના સભ્ય તથા શેર હોલ્ડર તરીકેની જમીન/મિલકત એમની સ્વતંત્ર/સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી અને ન દાવાવાળી હોવાનું અમોને જણાવી સદર મિલકત પરત્વેના એમના રાઈટ્સ ટાઈટલ્સ કલીઅર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે. ન તો ઉપરોકત મિલકત ઉપર અન્ય કોઈપણ ઈસમનો કે નાણાંકીય સંસ્થા સહિતની હરકોઈ સંસ્થાનો, બેંક, કોર્પોરેશન, કંપની કે પેઢીનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, ભાગીદારી, બોજો, ગીરો, લીયન, ચાર્જ, ઈઝમેંટ રાઈટ્સ વિગેરે આવેલ હોય કે કોઈનો ટેનન્ટ/ લીઝ/લાયસન્સ/કબજા ભોગવટો/ બાનાખત/ભરણપોષણ-રહેણાંકનો કે ધંધા-વેપાર-રોજગાર ઈત્યાદી હકક હોય તો તેમણે તે અંગેની જાણ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં મળે તે રીતે દસ્તાવેજી પુરાવા સહીત લેખીતમાં અમોને રજીસ્ટર્ડ પોસ્ટથી નીચે દર્શાવેલ સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદર મિલકત પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિસ્સો કે કોઈ જ લેવા-દેવા નથી અને હોય તો તે તમામ સદર મિલકતના મજકુર માલીકની તરફેણમાં રાજીખુશીથી જતા યાને વેવ (Waive) કરેલ છે તેમ સમજી અમો મુદત વિત્યે ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું .ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ-ફરીયાદ તકરાર ચાલશે નહીં તે બાબતની જાહેર જનતાએ તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા.૨૩-૧૦-૨૦૨૬

**નવીનચંદ્ર એન. મરાઠા-એડવોકેટ**
**Prop. નવીનચંદ્ર મરાઠા એન્ડ કું.**
**Advocates & Title Investigators**
કંચનકાશી' ૫૫, આઝાદ સોસાયટી, બ્રહ્મભટ્ટ હોલની બાજુમાં, સહજાનંદ કોલેજની પાછળ, આંબાવાડી, અમદાવાદ-૧૫.
મો.નં-૯૩૨૭૦૬૮૭૪૦
ફાઈલ નં.૪૫૨૮

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકા કલોલનાં ગામ મોજે ખાત્રજની સીમનાં ખાતા નં.૧૮૨ નાં બ્લોક નં. ૪૨૮ (જુના બ્લોક નં.૩૦૪/૨) ની હે ૦ - આરે ૩૯-૦૫ ચો. મી. એટલે કે ૩૯૦૫ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન રબારી અમુ રાંમાની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઈનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા.૨૩/૧૦/૨૦૨૬

**ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ વતી હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)**
**રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)**
**પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)**
**પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)**
**દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)**
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩ / ૨૬૬૪૨૦૨૦

## જાહેર નોટિસ

જી.અમદાવાદ, તા.ઘાટલોડીયાના મોજે ગામ છારોડીની સીમના બ્લોક/ સર્વે નં.૧૧૧ ના ટી.પી.સ્કીમ નં.૩૬ (છારોડી-ત્રાગડ)ના ફાઇનલ પ્લોટ નં.૩૩ ની બિનખેતીની જમીન ઉપર SHILP BUSINESS GATEWAY નામની કોર્મશિયલ સ્કીમમાં સાતમા માળ ઉપર આવેલ ઓફિસ નં.૭૦૭ ની ૨૫૦.૮૧ ચો.મી. રેરા કાર્પેટ એરિયાના બાંધકામવાળી મિલકત GLORYWEBS CREATIVES PVT LTD. ની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા, ભોગવટાની તેમજ સંપુર્ણ બોજા મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ ઓફિસવાળી મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવા-દુવી, ગીરો, બોજો, ચાર્જ, વાંધો-વિરોધ હોય કે સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતા હક્કો હોય તો અમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તે બદલના પુરાવા સહિત (પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહી) રજી.એ.ડી.થી લેખિત જાણ નીચેના સરનામે કરવી અન્યથા કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, બોજો, વાંધો કે વિરોધ નથી અને હોય તો તે (Waive) યાને કે જતો કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો- વિરોધ કે તકરાર ચાલશે નહીં તેનો જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૪-૧૦-૨૦૨૬

**અલ્પા આર. વ્યાસ**
**એડવોકેટ એન્ડ નોટરી,**
**વિપુલ કે. ભંડેરી - એડવોકેટ**
**મો.૯૮૨૫૭૫૬૫૫૯, ૯૯૯૮૨૭૮૯૯૬**
બી-૧૦, સુકિત એપાર્ટમેન્ટ, આમ્રકુંજ ફ્લેટની બાજુમાં, સોનલ ચાર રસ્તા, મેમનગર, અમદાવાદ.

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૬ (નરોડા)ના અસારવા તાલુકાના મોજે હાંસોલની સીમના રેવન્યુ સર્વે નંબર - ૨૭૯/૧ પૈકી હિસ્સા નંબર - ૧, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર - ૬૭/૧ ના ફાઈનલ પ્લોટ નંબર - ૧૦૮ પૈકી સબ પ્લોટ નંબર - ૧ ની સ.ચો.વાર -૧૨૦૦ જેના સ.ચો.મીટર -૧૦૦૩-૩૨ જમીન તથા તેમાં આવેલ કુલ સ.ચો.મીટર - ૮૨૦-૯૫ના બાંધકામ સહીતની આકાશથી તે પાતાળ સુધીના હક્કો સહીતની મીલકત પ્રકાશ ગોપીચંદ રામરખીયાણી, રહેવાસી - અમદાવાદનાએ પોતાની કુલ સ્વતંત્ર માલીકી, કબજા તથા તમામ પ્રકારના બોજાઓથી સંપુર્ણપણે મુક્ત હોવાનું જણાવી અમારી પાસેથી સદર મીલકત અંગે ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, સબબ કે સદર મીલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો બોજો, લાગ-ભાગ, હક્ક, હિસ્સો તથા કોઈપણ નાણાંકીય સંસ્થા, બેંક, કોર્પોરેશન, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો ગીરો, લીયન, ચાર્જ હોય કે લાયસન્સ/કબજા ભોગવટો બાનાખત/ભરણપોષણ કે રહેણાંકનો હક્ક આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં દસ્તાવેજી પુરાવા સહીત લેખીતમાં અમોને નીચે દર્શાવેલ સરનામે અચુક જાણ કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર મીલકત કે તેના કોઈપણ ભાગ પરત્વે અન્ય કોઈનો કોઈપણ લાગભાગ, હક્ક, હિસ્સો, બોજો આવેલ નથી અને આવેલ હોય તો તે તમામ જતા યાને વેવ કરેલ છે તેમ સમજી અમો મુદત વિત્યે ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ-ફરીયાદ-તકરાર ચાલશે નહી તે બાબતની જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

અમદાવાદ.
તા.૨૩-૧૦-૨૦૨૬

**Sejwani & Co.**
**Dhiraj D. Sejwani, Solicitor,**
**Deepak B, Sejwani, Advocate & Notary,**
**Raju D. Sejwani, Advocate**
303, National Plaza, opp. Lal Bunglow, C.G.Road, Ahmedabad. Tel. 26443200.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન-૨ તથા તાલુકા ગાંધીનગરના ગામ મોજે ખોરજની સીમનાં સર્વે નંબર-૩૬/૫અ ની ૨૩૨૭ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ પ્રિલીમનરી ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૬૧ (ખોરજ-ખોડીયાર) માં થતાં તેની રૂઈએ ફળવાયેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૯ ની ૧૩૯૬ ચોરસમીટરની બહુહેતુક વિષયક બીનખેતીની જમીન કે જેનો સમાવેશ રેવન્યુ રેકર્ડ મુજબ સર્વે નંબર-૩૬/૫અ/ પૈકી ૧ માં કરવામાં આવેલ છે અને બાકી રહેતી ટાઉન પ્લાનીંગ સ્કીમની કપાત વાળી ૯૩૧ ચોરસમીટરની જમીન અન્વયે સર્વે નંબર-૩૬/૫અ કાયમ રાખવામાં આવેલ છે તેમજ બીનખેતી થયેલી ૧૩૯૬ ચોરસમીટરની જમીનનો સમાવેશ સીટી સર્વે રેકર્ડમાં કરવામાં આવતા જમીન દફતર નિરીક્ષક - ગાંધીનગર, સીટી સર્વે વોર્ડ-ખોરજ (બીનખેતી) દ્વારા શીટ નંબર-એનએ ૯૯, સીટી સર્વે નંબર-એનએ૩૬/૫અ/ ૧ ફાળવવામાં આવેલ છે તે રીતેની જમીન (૧) અંબાલાલ જીવાભાઈ પટેલ રહેવાસી-૬, દર્શન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ, (૨) ચંપાબેન તે બાબુભાઈ દેસાઈની વિધવા રહેવાસી-૨૪, ઘોષા સોસાયટી, થલતેજ, અમદાવાદ, (૩) રિતેશ બાબુભાઈ દેસાઈ રહેવાસી-જુહુ સ્કીમ, ૨૬-આનંદન બિલ્ડીંગ, જુહુ, મુંબઈ, મહારાષ્ટ્ર, (૪) અલ્કેશ બાબુભાઈ દેસાઈ રહેવાસી-૨૪, ઘોસા સોસાયટી, થલતેજ, અમદાવાદ (નંબર-(૧) થી (૪) સર્વે વગર વહેંચાયેલ ૫૫૮.૪૦ ચોરસમીટરની જમીનનાં હિસ્સેદાર), (૫) સચીન અમૃતભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૨૭૯.૨૦ ચોરસમીટરની જમીનનાં હિસ્સેદાર) રહેવાસી-એ/ ૧૦૦૨, ગણેશ ઈલાઈટ, શાલીગ્રામ લેકવ્યુની પાસે, ખોરજ, તાલુકો તથા જીલ્લો ગાંધીનગર, (૬) દીલીપ અભુભાઈ દેસાઈ (વગર વહેંચાયેલ ૩૪૯ ચોરસમીટરની જમીનનાં હિસ્સેદાર) રહેવાસી-૨૬, આંનદન પ્રેસીડેન્સી સોસાયટી, સેવન્થ રોડ જુહુ સ્કીમ, વિલે પાર્લે વેસ્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર, (૭) સચીન અમૃતભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૩૪.૯૦ ચોરસમીટરની જમીનનાં હિસ્સેદાર) રહેવાસી-એ/૧૦૦૨, ગણેશ ઈલાઈટ, શાલીગ્રામ લેકવ્યુની પાસે, ખોરજ, તાલુકો તથા જીલ્લો ગાંધીનગર તથા (૮) મહિન અંબાલાલ પટેલ (વગર વહેંચાયેલ ૧૭૪.૫ ચોરસમીટરની જમીનનાં હિસ્સેદાર) રહેવાસી-૬, દર્શન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદનાંએ તેઓની પોતપોતાના હિસ્સા અનુસાર સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલીકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તારીખ : ૨૩-૧૦-૨૦૨૬

**વિનોદ સી. દરજી**
**એડવોકેટ**
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

ગુજરાત સમાચાર

# જિનપિંગની પુનઃ કસોટી

આગામી ૨૬થી ૨૯ ઓક્ટોબર દરમિયાન ચીનમાં કોમ્યુનિસ્ટ પાર્ટીની સેન્ટ્રલ કમિટીની બેઠક છે. ખુદ ચીનના વિરાટ ઉદ્યોગ ગૃહોની આ બેઠક પર નજર છે. સમગ્ર ચીન એક ધમધમતા ઉત્પાનયંત્રોના સ્વતંત્ર ગ્રહ જેવો પ્રદેશ છે. આ બેઠકને ધ્યાનમાં રાખીને જ મિસ્ટર જિનપિંગ ગયા મહિને પોતાને તદ્દન ન ગમતા બે દેશો - ભારત અને અમેરિકાની મુલાકાતે ગયા હતા અને કોઈ પણ બહાને મિસ્ટર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મધુર ગોષ્ઠી કરી હતી. ચીનમાં મંદીનો વાયરો ફૂંફાડા મારતો આગળ વધી રહ્યો છે ત્યારે સેન્ટ્રલ કમિટી સમક્ષ જિનપિંગ જે બયાન કરશે એમાંથી ઉદ્યોગગૃહોને મોટી કરરાહતો મળવાની આશા છે ને હવે જો જિનપિંગ રાહતો જાહેર નહિ કરે તો લાખોની સંખ્યામાં ચીનના નાના ઉદ્યોગોને તો તાળા લાગી જાય એમ છે. દુનિયામાં જેટલા પણ મહત્ત્વના દેશો છે, તેનું શાસન લગભગ વન મેન શો કક્ષાના રાજનેતાઓ ભોગવે છે.

એને કારણે એક જ વ્યક્તિ પર બધા જ નિર્ણયો લેવાનો ભાર આવે છે. એટલે એમાં ઉતાવળ કે ખોટા નિર્ણયો લેવાઈ જવાની સંભાવના વધી જાય છે. ભારત, રશિયા, ચીન, અમેરિકા સહિતના તમામ મહત્ત્વના દેશોના નેતાઓની આ પરિસ્થિતિ છે. ચીન પાસે એનો પોતાનો ટોચનો પીપલ્સ પાર્ટીનો નેતૃત્વ સમુદાય છે, પરંતુ એની ભૂમિકા બહુ મર્યાદિત છે. ભારત પાસે દ્વિસ્તરીય પ્રધાનમંડળ છે. ઉપરાંત રાષ્ટ્રપતિ ભવન અને સર્વોચ્ચ અદાલત પણ ભૂલ સુધારણા અને માર્ગદર્શન માટે તત્પર હોય છે. એ તત્પરતા ક્યારેક ઠપકા સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. તેમ છતાં સમગ્ર રાષ્ટ્રના વ્યાવહારિક સંચાલનમાં અને નીતિમત્તાઓના ઘડતરમાં રાષ્ટ્રપતિ ભવન અને અદાલતની ભૂમિકા મર્યાદિત છે. ચીનમાં જિનપિંગ એકહથ્થુ સત્તા ભોગવે છે. તેમને રોકવા માટે પોલિટ બ્યુરો છે અને સેનેટ છે. ચીની પ્રેસિડેન્ટને બેકાબૂ બનતા રોકવા માટે ત્યાંની સામ્યવાદી પાર્ટી કટોકટીમાં પગલાં લઈ શકે છે. જિનપિંગ ભલભલા ખંધા રાજકારણીને પછાડવાની ચતુરાઈ ધરાવે છે.

જિનપિંગ પોતાના દેશને કંપનીની જેમ ચલાવવા ઈચ્છે છે. વર્ષો સુધી તેની વિદેશનીતિમાં પણ પ્રેસિડેન્ટ કરતા એક બિઝનેસમેનના વલણ વધુ જોવામાં આવ્યા છે. દેશને ચલાવવાની તેની પદ્ધતિ ઘણે અંશે નિષ્ફળ પુરવાર થઈ છે. તેનો અંગત અભિગમ અને પોતાના વિરોધીઓના અપમાનપૂર્વક હોઠ બંધ કરી દેવાની શૈલીએ એક સમયે તેને બહુ લોકપ્રિયતા અપાવી પણ હવે તેને તેની આ કાર્યપદ્ધતિ ભારે પડી રહી છે. જેમ બેજવાબદારોનો આદર્શ બની ચૂકેલા ડોનાલ્ડ ટ્રમ્પના જુઠાણાઓનો હિસાબ રાખવા માટે સુપરકમ્પ્યુટર પણ નાનું પડે છે એમ જિનપિંગની સતત ગાફેલ રહેવાની વૃત્તિ અને પોતાની ભૂલોને સરકારી સાધનોના ભોગે પણ ઢાંકપિછોડો કરવાની વૃત્તિ આજે આખા ચીનને ભારે પડી રહી છે.

ચારસો વર્ષ પહેલાંનો વિશ્વ રાજકારણનો સમય આજના જેટલો આંટીઘૂંટી વાળો ન હતો માટે શેક્સપિયરને એવું કહેવાની છૂટ મળી ગઈ કે નામમાં શું રાખ્યું છે. હવે યુદ્ધની તૈયારીની શરૂઆત કે પાડોશી દેશને કષ્ટ આપવાની શરૂઆત નામ બદલવાથી થાય છે. છેલ્લા એક દાયકામાં ચાઈનાએ ત્રીજી વખત ભારતીય પ્રદેશોના નામ બદલવાની બેખૌફ ગુસ્તાખી કરી છે. ચાઈનાના સિવિલ અફેર્સના ખાતાએ અરુણાચલ પ્રદેશનાં ૧૧ સ્થળોના નવા નામની યાદી બહાર પાડી છે. અરુણાચલ પ્રદેશના બે રહેણાંક વિસ્તાર, પાંચ પર્વતો, બે નદીઓ અને બીજા બે પ્રદેશોને ચાઈનીઝ નામ આપવામાં આવ્યા છે. પાડોશી પરિવારના બાળકોના નામ બદલાવીને તે નવા નામના આધાર કાર્ડ બહાર પાડવા જેવો અટકચાળો ચાઈનાએ કર્યો છે.

ચાઈનાની પરાણે ફઈબા બનવાની વૃત્તિ પહેલી વખતની નથી. ૨૦૧૭ની સાલમાં અરુણાચલ પ્રદેશના છ સ્થળોના નવા નામ ચાઈનાએ બહાર પાડ્યા હતા. ૨૦૨૦ અને ૨૦૨૧માં પણ ચાઈનાએ અરુણાચલ પ્રદેશના અમુક સ્થળોના નામ બદલાવી હતા. નામ બદલીની પ્રક્રિયાને ચાઈના રૂપાળા શબ્દોમાં ‘સ્ટાન્ડર્ડાઈઝેશન’ ગણાવે છે. અરુણાચલ પ્રદેશ ઉપર વર્ષોથી ડોળો રાખીને બેઠેલી ચાઈનીઝ સરકાર દુનિયાના અર્ધજાગૃત મનમાં નાખવા માંગે છે કે તે ભારતીય રાજ્ય ચીનનું છે. અરુણાચલ પ્રદેશનું નામ કોઈ પણ માણસના કાને પડે ત્યારે તે ચાઈનીઝ વિસ્તાર છે એવું એમના મગજમાં આવે એવી મેલી મુરાદ સાથે ચાઈના તેની યુદ્ધખોર પ્રવૃત્તિ કરી રહ્યું છે. વર્તમાનમાં નામ બદલવાથી વાસ્તવિકતા બદલાતી નથી. ચાઈનાનો અરુણાચલ પ્રદેશ ઉપરનો દાવો બેબુનિયાદ છે.

# ધારો કે તમારી પાસે જીવવા માટે એક જ દિવસ બાકી છે...

સોશિયલ મિડીયા પર રીલ્સની રમઝટ અને મીમ્સની મસ્તી વચ્ચે ક્યારેક એવું કોન્ટેન્ટ નજર સામે આવી જાય છે કે જે તમને બે ઘડી થોભવાનું ને પોતાની જાતમાં ઊંડે ઊતરવા માટે મજબૂર કરી દે. દાખલા તરીકે, આ વિચારોત્તેજક પોસ્ટ. એના મથાળાનો અર્થ થાય છે કે, નીચેના કઠિન સવાલોના બિલકુલ પ્રામાણિકપણે જવાબ આપશો તો તમને તમારા પોતાના વિશે કદાચ કંઈક નવું જાણવા મળશે. અહીં મહત્ત્વનો શબ્દ ‘પ્રામાણિકપણે’ છે. તમારે સવાલો ધ્યાનથી વાંચવાના છે, વિચારવાનું છે અને પછી જવાબ આપવાના છે. ના, જવાબો તમારે લખવાના નથી કે કોઈને કહી સંભળાવવાના નથી. તમારે ફક્ત જવાબ સ્પષ્ટતાથી વિચારવાના છે. તમારે તમારા જવાબોથી કોઈને પ્રભાવિત કરવાના નથી, કોઈનાથી ડરવાનું નથી, કે શરમાવાનું પણ નથી. તમારે ફક્ત તમારા માંહ્યલામાં ડોકિયું કરવાનું છે અને સૌથી સાચા, સૌથી ઈમાનદાર ઉત્તર શોધી કાઢવાના છે. તો ચાલો, શરૂ કરીએ. આ રહ્યો પહેલો સવાલ:



**૧. જો તમારી પાસે જીવવા માટે માત્ર એક જ દિવસ બાકી હોય, તો તે તમે કોની સાથે વીતાવશો?**

કલ્પના કરો કે તમને ખબર પડે છે કે તમારી પાસે જીવવા માટે ફક્ત ચોવીસ કલાક જ બાકી છે. આવી ખબર પડતાં એક જ ક્ષણમાં બધું જ બદલાઈ જશે. હવે કોઈ કામ પૂરું કરવાનું નથી, બેંક બેલેન્સ અર્થહીન બની જશે, પ્રમોશનની ચિંતા અદ્રશ્ય થઈ જશે અને ભવિષ્યના લાંબા ગાળાનાં આયોજનો વરાળ બની જશે. જ્યારે બધી ક્ષુલ્લક બાબતો એક બાજુ હડસેલાઈ ગઈ હોય, ત્યારે તમે તમારા જીવનના છેલ્લા કલાકોમાં શું કરશો? આના કરતાંય વધારે મહત્ત્વનો સવાલ આ: આ અંતિમ કલાકો તમે કોની સાથે વીતાવવાનું પસંદ કરશો?

તમારા મનમાં જે જવાબ ઊપસશે તેમાં કોઈ ઔપચારિકતા નહીં હોય, સંબંધો જાળવી રાખવાની ઝંઝાળ નહીં હોય. તમારી સામે એક અથવા એક કરતાં અધિક એવાં નામો સામે આવશે, જે તમારી સાચી લાગણીઓનું કેન્દ્ર છે. એ તમારાં વૃદ્ધ માતા-પિતા હોઈ શકે, જીવનસાથી અને સંતાનો હોઈ શકે, રિસાઈ ગયેલો ભાઈ કે બહેન હોઈ શકે, કે પછી વરસોથી જેના સંપર્કમાં નથી એવો કોઈ જૂનો મિત્ર હોઈ શકે. આપણે એવી રીતે શા માટે વર્તતા હોઈએ છીએ જાણે આપણે દોઢસો વર્ષ જીવવાના છીએ? ઓહો, મારે પાસે તો અઢળક સમય છે, એવા વહેમમાં રહીને આપણે ઘણી વાર દિલની લાગણી યોગ્ય સમયે વ્યક્ત કરતા નથી. ક્યારેક ખોટો અહંકાર કે જૂના અણબનાવ સંબંધોમાં અંતર વધારી દે છે. પોતાની અંતિમ ક્ષણો ગણી રહેલો કોઈ મોટો બિઝનેસમેન ક્યારેય બેલેન્સ શીટ તપાસવામાં સમય નહીં બગાડે. આ સવાલ મૃત્યુ વિશેનો નથી. આ સવાલ એ વાતનો છે કે તમારી પાસે જે સમય બચ્યો છે તે શું તમે પ્રિયજનો સમક્ષ પ્રેમ વ્યક્ત કરવામાં પસાર કરવા માગો છો? એ પ્રિયજનો એટલે કોણ?

**૨. જો તમને એક એવું બોક્સ આપવામાં આવે જેમાં તમે ગુમાવેલી તમામ વસ્તુઓ હોય, તો તમે સૌથી પહેલાં શું શોધશો?**

જીવનમાં આપણે સતત કંઈક ને કંઈક ગુમાવતા રહીએ છીએ - બાળપણનું કોઈ રમકડું, વારસામાં મળેલી ઘડિયાળ કે જૂનો ઝાંખો પડી ગયેલો કાગળ. આ તો ભૌતિક વસ્તુઓ થઈ. એવી કેટલીય વસ્તુઓ પણ ખોવાઈ ગઈ છે, જેને આપણે હાથેથી સ્પર્શી શકતા નથી - બાળપણની નિર્દોષતા, અતૂટ આત્મવિશ્વાસ, તૂટી ગયેલી મૈત્રી, ચૂકાઈ ગયેલી તકો, આપણો મૂળ નિષ્ફિકર સ્વભાવ, યુવાની. જો તમારી સામે એક એવો ચમત્કારી પટારો મૂકી દેવામાં આવે, જેમાં

**વાત-વિચાર**

**શિશિર રામાવત**

તમે ખોયેલી દરેક ચીજ, દરેક પળ અને દરેક ગુણ સચવાયેલાં હોય, તો તમારા હાથ સૌથી પહેલાં શું શોધશે? ભૂતકાળ ક્યારેય પાછો નથી આવી શકતો, પણ તમે જે શોધી રહ્યા છો એ કદાચ તે વસ્તુ છે, જેની તમને તમારા વર્તમાનમાં સૌથી વધારે ખોટ સાલી રહી છે. જો તમે તમારો જૂનો આત્મવિશ્વાસ મિસ કરી રહ્યા હો, તો શક્ય છે કે તમે અત્યારે કોઈ નવું જોખમ લેતાં ખચકાઈ રહ્યા છો. જે ગુણ કે સ્થિતિ તમને સભર અને આનંદમય બનાવતા હતા તે ગુણોને ફરી જીવંત કરવાનો સમય આવી ગયો છે તેમ માનો.

**૩. બીજા લોકોની અપેક્ષાઓ સંતોષવાના પ્રયાસમાં શું તમે તમારું કયું અસલ રૂપ ખોઈ બેઠા છો?**

બાળપણથી જ આપણને સતત શિખામણો મળતી રહે છે - સૌની સાથે સંપીને રહેવાનું, કરીઅર પસંદ કરતી વખતે સેફ્ટી જોવાની, આર્થિક રીતે સ્થિર બનવાનું, ક્યારેય કોઈને નારાજ નહીં કરવાના, વગેરે. આમાંથી મોટાભાગની વાતો વડીલોના આપણા પ્રત્યેના પ્રેમ, એમના અનુભવો અને સામાજિક રીતભાતમાંથી આવતી હોય છે, છતાં એવું ચોક્કસ બની શકે કે એમનું સાંભળવામાં તમે તમારી કુદરતી ઈચ્છાઓને દબાવી દીધી હોય. ધીમે ધીમે આપણે સમાજે સોંપેલી ભૂમિકાઓ એટલી સહજતાથી ભજવવા લાગીએ છીએ કે ક્યારેક અરીસામાં ઊભેલી વ્યક્તિ આપણને અજાણી લાગવા માંડે છે. તેથી જ દાયકાઓ પછી, આર્થિક

> **આપણે એવી રીતે શા માટે વર્તતા હોઈએ છીએ જાણે આપણે દોઢસો વર્ષ જીવવાના હોઈએ? ઓહો, મારે પાસે તો અઢળક સમય છે, એવા વહેમમાં રહીને આપણે ઘણી વાર યોગ્ય સમયે દિલની લાગણી વ્યક્ત કરવાનું ચૂકી જઈએ છીએ.**

સમૃદ્ધિ અને સામાજિક સ્થિરતાની વચ્ચે પણ મનમાં એક અજાણ્યો ખાલીપો સળવળ્યા કરે છે, માંહ્યલો જાણે થાકી ગયો હોય તેવી અનુભૂતિ થયા કરે છે.

પોતાની જાતને પૂછો: સમાજમાં સારા દેખાવા માટે મેં મારા કયા શોખ કુરબાન કરી દીધા? ઘરમાં શાંતિ જળવાઈ રહે તે માટે મેં મારી કઈ ઈચ્છાઓ અને વિચારોને દબાવી દીધા હતા? શું હું હવે મારા મૂળ સ્વરૂપની, મારી ‘ઓથેન્ટિક સેલ્ફ’ની વધારે નિકટ ન જઈ શકું? ના, તે માટે અત્યારે ગોઠવાયેલી જિંદગીને વેરવિખેર કરવાની જરૂર નથી. બસ, અસલ સ્વભાવ પણ શ્વાસ લઈ શકે તેટલી મોકળાશ ઊભી કરવાની છે.

**૪. જો તમને અત્યારે જ દુનિયાના કોઈપણ ખૂણે જવાની છૂટ મળે, તો તમે ક્યાં જવાનું અને કોને મળવાનું પસંદ કરશો?**

આપણે જાણે કે માની લીધું છે કે હિલ સ્ટેશન કે દરિયાકાંઠે જઈશું એટલે બધું ટેન્શન દૂર થઈ જશે. આ સવાલ તમને જે પૂછે છે તે આ છે: શું તમે ખરેખર કોઈ નવું સ્થળ જોવા માગો છો, કે પછી કોઈ પ્રિય વ્યક્તિનો સાથ ઝંખો છો? પહાડ તો નિમિત્ત છે, શક્ય છે કે ખરેખર તો તમે ભાઈ કે બહેન સાથે નિરાંતે બેસીને ખડખડાટ હસવા અને વાતો કરવા માગો હો. કોઈ લક્ઝરી રિસોર્ટમાં લાંબા થઈને સૂતા રહેવાને બદલે ખરેખર તો તમે તમારાં વયોવૃદ્ધ દાદા-દાદી સાથે સમય વીતાવવા ઈચ્છતા હો. મુખ્ય વાત એ છે કે તમારી આ ઈચ્છા પાછળની મૂળ તરસને ઓળખો. જો તમને આત્મીયતાની ભૂખ હોય, તો ફ્લાઈટ પકડીને કશેક ઉડી જવાથી કશું નહીં વળે. હા, એવુંય બને કે તમે ખરેખર એકાંત ઝંખતા હો.

**૫. જો તમારી પાસે વિકલ્પ હોય, તો તમે તમારી સૌથી ખરાબ યાદ ભૂંસી નાખશો કે તમારી શ્રેષ્ઠ ક્ષણને ફરીથી જીવશો?**

આપણું અંતરંગ વિશ્વ સ્મૃતિઓના પાયા પર ચણાયેલું છે. કેટલીક યાદો હૂંફ અને બળ આપે છે, જ્યારે કેટલીક કડવી યાદો અફસોસ, તૂટેલા દિલ કે અપમાનની કાયમી પીડા બનીને ખૂંચ્યા કરે છે. આ વિકલ્પ સામે આવે ત્યારે સૌથી પહેલાં કદાચ જીવનની સૌથી પીડાદાયી યાદ ભૂંસી નાખવાની થાય. કોઈ કારમી નિષ્ફળતા, સંબંધ તૂટવાનો આઘાત કે કરેલી કોઈ મોટી ભૂલ કોણ ભૂલી જવા ન માંગે? પરંતુ આ કડવા અનુભવો જ ઘણીવાર આપણા સૌથી મોટા શિક્ષક સાબિત થતા હોય છે. આ ઘા પડ્યા એટલે તો સમજદારી આવી, મેચ્યોરિટી આવી. બીજી બાજુ, જો તમે શ્રે ક્ષણને ફરી જીવવાનું પસંદ કરો છો તો એનો અર્થ એ થાય કે તમે પીડા કરતાં ધન્યતાને વધારે મહત્ત્વ આપો છો. સંતાનને પહેલી વાર હાથમાં લીધું હતું તે ક્ષણ, વરસોની મહેનત પછી મળેલા લક્ષ્યની પરમ તૃપ્તિની પળ... તમારે વિચારવાનું આ છે: શું તમે માત્ર પીડાથી બચવા માટે જીવી રહ્યા છો, કે જીવનની સુંદરતાને મન ભરીને માણવા માટે?

**૬. કયું ‘જો... તો...’ તમને આજે પણ સૌથી વધુ પરેશાન કરે છે?**

મનમાં કેટલીય વાર આવા સવાલ જાગતા હોય છે: જો મેં પેલી નોકરી સ્વીકારી લીધી હોત તો? જો મેં પેલીને મારા દિલની વાત કહી દીધી હોત તો? જો હું ત્યાં જ રોકાઈ ગયો હોત તો? જો મેં સમયસર સંબંધ તોડી નાખ્યો હોત તો? જીવનમાં આપણે અમુક એવા નિર્ણયો લઈ લીધા છે, જેને હવે બદલી શકાય તેમ નથી. ધારો કે આપણે જે-તે સમયે ‘આમ’ને બદલે ‘તેમ’ કરી નાખ્યું હોત તો આપણે વધારે જ સુખી હોત તે વાતની શી ગેરંટી છે? બીજો રસ્તો ક્યાં લઈ જાત તે આપણે જાણતા નથી, પણ આ સતત સતાવતો પસ્તાવો ઘણીવાર તમારા વર્તમાન માટે એક દિશાસૂચક સાબિત થઈ શકે છે. જો તમને કોઈ વાદ્ય ન શીખી શક્યાનો રંજ હોય, હજુય મોડું થયું નથી. આ અઠવાડિયે જ કોઈ મ્યુઝિક ક્લાસ કેમ જોઈન કરી ન શકાય? જૂના મિત્ર સાથે સંબંધ તૂટી ગયો તેનો વસવસો હોય તો અહં બાજુમાં મૂકીને આજે જ એને ફોન કરો, નવી શરૂઆત કરો. પાછળ જોવાનું બંધ કરીને જે-તે અધૂરી ઝંખનાનો ઉપયોગ આપણી આવતીકાલ માટે કેમ ન શકીએ?

# સરકારી શિક્ષકોનો નવો પોકાર: મૈં ભી ચોકીદાર

શિક્ષણ ખાતાના મોટા સાહેબે પૂછાવ્યું, ‘આપણે સરકારી શાળાઓમાં પ્રિન્સિપાલની લેખિત મંજૂરી વગર કોઈનેય પ્રવેશ નહિ આપવો એવો જ પ્રતિબંધ લગાવ્યો છે એનો અમલ બરાબર થાય છે ને?’



એક શિક્ષણાધિકારી હસતાં હસતાં કહે, ‘સર, અત્યાર સુધીના ઈતિહાસમાં ક્યારેય એવું બન્યું છે ખરું કે સરકાર કોઈ આદેશ બહાર પાડે અને તેનો સુયોગ્ય અમલ થયો હોય? વો દિન કહાં?’

‘કેમ શું તકલીફ પડે છે?’ વડા અધિકારી બગડ્યા.

બીજા શિક્ષણાધિકારી કહે, ‘સર, અમારા વિસ્તારમાં કેટલીય શાળાઓમાં કમ્પાઉન્ડ વૉલ જ નથી. શાળાના ઓરડા છે, પણ તેમાં બારણાં જ નથી. આ સંજોગોમાં કોઈને અંદર આવતાં રોકી શકાય તેવી પરિસ્થિતિ જ નથી.’

ત્રીજા શિક્ષણાધિકારી કહે, ‘સર, અમારી બાજુના કેટલાક આચાર્યો તો કહે છે કે શાળામાં પ્રવેશની મંજૂરી માગનારા ૫૦ છે અને દરેક અરજી બરાબર વાંચીને તપાસી જવી, એમાં વ્યાકરણ જોડણીની ભૂલો જોવી, દરેકને શાળામાં મુલાકાતનો સ્લોટ ફાળવવો એ બધા માટે આસિસ્ટન્ટો આપો.’

**અગડમ્ બગડમ્**

**બાબા આદમ**

‘શિક્ષકો... શિક્ષકો શું કામના છે?’ મોટા સાહેબે મોટી ત્રાડ પાડી

ધ્રૂજી ઉઠેલા ચોથા શિક્ષણાધિકારી કહે, ‘સર, આપણે ત્યાં સરકારી શાળાઓના શિક્ષકોએ ખરેખર શું કરવાનું હોય છે એ બાબતે તો આપણે સૌ ખુદ કન્ફ્યૂઝ જ છીએ.’

મોટા સાહેબ ખિજાઈને કહે, ‘તમે શિક્ષકોને છાવરો નહીં. મને બધી જ ખબર છે. આપણી શાળાઓના શિક્ષકો પાસે ચૂંટણી પંચની મતદાર યાદી, વસતી ગણતરી, પશુધન ગણતરી, પાકનું સર્વેક્ષણ એવી બધી

> **શિક્ષકો પાસે આમેય વસતી ગણતરી, ચૂંટણી જેવાં ફાલતુ કામો સિવાય બીજું ક્યાં કોઈ કામ હોય છે!**

પરચૂરણ કામગીરીઓ સિવાય બીજું ક્યાં કોઈ કામ જ હોય છે? તો પછી શાળાઓની સુરક્ષા સાચવવાનું સ્હેજ વધારે કામ પણ શિક્ષકો સંભાળે. આથી આદેશ આપવામાં આવે છે કે સરકારી શાળાઓના દરેક શિક્ષકને પણ ચોકીદારનો દરજ્જો આપી દેવામાં આવે. દરેક શિક્ષકે દરેક ઓરડે, શાળાની દીવાલ પર બેસીને તથા દીવાલમાં જ્યાં ગાબડાં પડ્યાં હોય ત્યાં સંતાઈને બેસવાનું રહેશે અને અનાધિકૃત પ્રવેશ કરનારાઓને અટકાવવાના રહેશે. શિક્ષકોએ લેસનના ભાગ રુપે ‘મૈં ભી ચોકીદાર’નું સૂત્ર દિવસમાં ૧૦૦ વાર લખીને શિક્ષણાધિકારીની કચેરીએ જમા કરાવવાનું રહેશે.’

‘બેસ્ટ આઈડિયા...’ પાંચમા શિક્ષણાધિકારી તો હરખથી ઉછળી પડ્યા. ‘શિક્ષકો ચોકીદારની સુપેરે ફરજ બજાવી શકે તે માટે આપણે તેમને શાળામાં ગેરકાયદે પ્રવેશતા ઘૂસણખોરોનો સામનો કરવાની, તેમને મારી ભગાડવાની તાલીમ પણ આપીએ તો? આ તાલીમથી શિક્ષકો પણ પહેલવાન લડાયક યોદ્ધા બની જશે અને શાળાઓના ફોટા પાડવા આવતા તત્વોને હંફાવશે.’

ત્યાં છઠ્ઠા શિક્ષણાધિકારીને વાંકું પડ્યું. ‘ચિંતા એ છે કે શિક્ષકોને આવી તાલીમ આપવા જતાં તેઓ શારીરિક મુકાબલા માટે સક્ષમ બનશે. સરકારશ્રીની નીતિ-ગાઈડલાઈન પ્રમાણે તો કોઈ શિક્ષકોને ક્યારેય કોઈ રીતે સક્ષમ બનાવવાના જ નથી. એ રીતે શિક્ષકોનું આ સશક્તિકરણ સરકારી નીતિનો ભંગ નહીં ગણાય?’

આ વખતે મોટા સાહેબે ત્રાડ પાડવાને બદલે ફક્ત નિસાસો નાખ્યો.

**આદમનું અડપલું**

**પેપરો લીક થઈ જવાના જમાનામાં શાળાઓમાં ગંદકીના ફોટા લીક નહીં થાય એની કોને ખાતરી?**

## ડોક્ટરની જેમ નિદાન કરી શકે એવું AI ટૂલ

# મેડિકલ નિદાન માટે હવે AIની સીધી સલાહ : માઈક્રોસોફ્ટનું ‘ઓર્કેસ્ટ્રેટર’

કોઈપણ વ્યક્તિ જ્યારે ફેમિલી ડાક્ટર પાસે જાય છે ત્યારે પહેલાં દર્દીની આંખ, જીભ, નાડીના ધબકારા, વજન, બીપી વગેરે માપે છે. દર્દીનેને જ્યારે ફિઝિશિયન કે સર્જનને બતાવવાનું હોય છે ત્યારે તે લેબોરેટરી ચેકઅપ, સીટી સ્કેન, સોનોગ્રાફી જેવા ટેસ્ટનો આગ્રહ રાખે છે. ત્યારબાદ જ ચોક્કસ નિદાન કરી શકાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નાં સંશોધનો મેડિકલ ક્ષેત્રે પણ વધ્યું છે. તેથી હવે દર્દીનેના રોગનું નિદાન પણ એઆઈ કરી શકશે.



ગયા ગુરુવારે ‘સાયન્સ’ જર્નલમાં પ્રકાશિત થયેલા માઈક્રોસોફ્ટના એઆઈ રિસર્ચરોના એક અભ્યાસ અનુસાર ડોક્ટરોની જેમ તબક્કાવાર દર્દીઓનું નિદાન કરતું એઆઈ ટૂલ જટિલ તબીબી કેસો ઉકેલવામાં સામાન્ય ફિઝિશિયનો કરતાં બમણાથી પણ વધુ સચોટ પુરવાર થઈ શકે છે.

રિપોર્ટ અનુસાર, આ મોડેલ દર્દીને કયા પ્રશ્નો પૂછવા જોઈએ, તેમજ કઈ તપાસ અને મેડિકલ ટેસ્ટ ક્યારે કરવા જોઈએ તે કહી શકે છે. માઈક્રોસોફ્ટના એઆઈ રિસર્ચરો તે માટે એક ‘ઓર્કેસ્ટ્રેટર’નો ઉપયોગ કરે છે, જે નિદાનના કેસો ઉકેલવા માટે સાથે મળીને કામ કરતા ક્લિનિકલ નિષ્ણાતોની એક સિમ્યુલેટેડ પેનલનો ઉપયોગ કરીને એઆઈ સમસ્યાનો સામનો કેવી રીતે કરી શકે તેનું આયોજન કરે છે.

હાલનાં મેડિકલ એઆઈ મોડેલો સામાન્ય રીતે એકસાથે બધું જ ધ્યાનમાં લેવાનો અભિગમ અપનાવે છે, જે નિદાન રજૂ કરવા માટે દર્દીનાં તમામ લક્ષણો, લેબ પરિણામો અને ઈમેજિંગ અભ્યાસોની એકસાથે તપાસ કરે છે.

નિદાન સુધી પહોંચવા માટેનાં પગલાંનું સંકલન કરતા ઓર્કેસ્ટ્રેટર સાથે, એઆઈ મોડેલ પહેલાં નક્કી કરે છે કે દર્દીના ઈતિહાસ વિશે શું પૂછવું અને શારીરિક તપાસમાં શું મહત્ત્વનું છે. તે જે માહિતી મેળવે છે તેના આધારે તે નક્કી કરે છે કે કયા ટેસ્ટ ઓર્ડર કરવા, પરિણામો પર વિચાર કરે છે અને યોગ્યતા મુજબ આગળના ટેસ્ટ ઓર્ડર કરે છે.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તે પોતાના વર્કિંગ હાઈપોથેસિસ (પ્રારંભિક ધારણાઓ) અને યોજનાઓને અપડેટ કરતું રહે છે, તેમ સંશોધન ટીમના એક રિસર્ચમાં જણાવ્યું હતું.

૩૦૦થી વધુ અત્યંત અસામાન્ય અને

**પ્રસંગપટ**

મૂંઝવણભરી તબીબી તકલીફોનું નિદાન કરવાનું કામ સોંપવામાં આવતાં, ડાયગ્નોસ્ટિક ઓર્કેસ્ટ્રેટરનો ઉપયોગ કરતું આ મોડેલ દર્દીની ‘તપાસ’ (વર્ક-અપ) કરવામાં અને નિદાન નક્કી કરવામાં પાઠ્યપુસ્તકો અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા સામાન્ય ફિઝિશિયનો કરતાં બમણાથી પણ વધુ સચોટ પરિણામ આપી શક્યું હતું.

ઈમરજન્સી રૂમ પ્રવેશના મુખ્ય ડેટાબેઝમાંથી લેવામાં આવેલા કેસોમાં નિદાન રજૂ કરવામાં આવ્યા, ત્યારે પણ આ ટૂલે ડોક્ટરો કરતાં વધુ સારું પરિણામ બતાવ્યું હતું.

માઈક્રોસોફ્ટ એઆઈના હેલ્થ યુનિટના કોર્પોરેટ વાઈસ પ્રેસિડેન્ટ ડાૅ. ડોમિનિક કિંગે જણાવ્યું હતું કે, માનવ ડોક્ટરો સાથે આ પ્રકારની જૂની સિસ્ટમોની સરખામણી કરતાં મૂલ્યાંકનો સામાન્ય રીતે અનેક પ્રશ્નોનો ઉપયોગ કરે છે તેમજ નવા પ્રશ્નો પણ ઊભા કરે છે. એઆઈ તેમાં ૧૦૦% પાસ થયું છે.

એ પણ જાણવા મળ્યું છે કે જ્યારે માનવ ડોક્ટરોની સરખામણીમાં ઓર્કેસ્ટ્રેટર વર્ક-અપ્સ ડિઝાઈન કરે છે ત્યારે ડાયગ્નોસ્ટિક પ્રક્રિયાઓ ઓછી ખર્ચાળ હોય છે.

બોસ્ટનના બેથ ઈઝરાયેલ ડીકોનેસ મેડિકલ સેન્ટર સાથેના સહયોગમાં, સંશોધકો હવે ઈમરજન્સી ડિપાર્ટમેન્ટના વેઈટિંગ રૂમમાં દર્દીઓની ગંભીરતા મુજબ વર્ગીકરણ કરવાની આ ટૂલની ક્ષમતાનું પરીક્ષણ કરશે. માઈક્રોસોફ્ટની જેમ અન્ય એઆઈ કંપનીઓએ પણ પોતાના રિસર્ચરોની ટીમો મેડિકલ ક્ષેત્રના સંશોધનો માટે કામે લગાડી છે.

આ વાંચીને એમ માનવાની જરૂર નથી કે વર્તમાન મેડિકલ પ્રોફેશનને કોઈ સીધી નકારાત્મક અસર પહોંચશે, પરંતુ આડકતરી અસર ચોક્કસ કરી શકશે. કેટલાક ડોક્ટરો દર્દીનેઓને અનેક ટેસ્ટ કરાવીને ખર્ચા કરાવે છે, જ્યારે નવા એઆઈ ટૂલની મદદથી જરૂરિયાત પૂરતા જ ટેસ્ટ કરાવવાના રહેશે.

મેડિકલ ક્ષેત્રે સતત નવાં સંશોધનો થઈ રહ્યાં છે. લોકોના લાંબા આયુષ્ય પાછળ મેડિકલ સંશોધનોને પણ ક્રેડિટ આપવાની જરૂર છે. હવે જ્યારે આ સંશોધનોમાં એઆઈ ઉમેરો કરી રહ્યું છે ત્યારે અંતે તો માનવ સમુદાયને જ તેનો લાભ થવાનો છે.

> **AI ટૂલ જટિલ તબીબી કેસો ઉકેલવામાં સામાન્ય ફિઝિશિયનો કરતાં પણ વધુ સચોટ પૂરવાર થઈ શકે છે**

**અઠવાડિક ભવિષ્ય**

**અગ્નિદત્ત પદ્મનાભ**
(અગ્નિહોત્રી)

**તા. ૨૫-૧૦-૨૦૨૬ રવિવારથી**
**તા. ૩૧-૧૦-૨૦૨૬ શનિવાર સુધી**

### મેષ (અ. લ. ઈ.)

સપ્તાહ દરમ્યાન આપને કામમાં ન ધારેલી સાનુકૂળતા સફળતા મળી રહે. આપના અગત્યના કામ ઉકેલાતા જાય. આપના યશ- પદ- ધનમાં વધારો થાય તેવી કામગીરી થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. આપના કાર્યની સાથે સામાજિક- વ્યવહારિક કામ રહે. સહકાર્યકર વર્ગ નોકર-ચાકર વર્ગ આપને મદદરૂપ થાય. પરદેશના કામ થાય. તા. ૨૫ ખર્ચ- ખરીદી જણાય, ૨૬ આપના કામમાં વ્યસ્ત રહો, ૨૭ માનસિક પરિતાપ- વ્યગ્રતા રહે, ૨૮ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૯ ધંધામાં આવક જણાય, ૩૦ સંયુક્ત ધંધામાં ભાઈભાંડુ વર્ગનો સાથ- સહકાર રહે, ૩૧ યાત્રા- પ્રવાસમાં ધ્યાન રાખવું. સ્ત્રી વર્ગને કાર્યસફળતાથી આનંદ રહે, વિદ્યાર્થી વર્ગને હર્ષ-લાભ

### વૃષભ (બ. વ. ઉ.)

સપ્તાહના પ્રારંભે ઉચાટ- ઉદ્વેગ રહે, આપના કામમાં પ્રતિકૂળતા જણાય. નાણાંકીય લેવડ-દેવડમાં ખાસ ધ્યાન રાખવું પડે. પરંતુ સપ્તાહ પસાર થતું જાય. આપના કામમાં વ્યસ્ત રહો મહત્ત્વના કામનો ઉકેલ લાવી શકો. કૌટુંબિક- પારિવારિક- સામાજિક- વ્યવહારિક કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. ધંધામાં આવક જણાય. બેંકના, વીમા કંપનીના, શેરોના કામ થઈ શકે. તા. ૨૫ સારી, ૨૬ કોર્ટ- કચેરીના કામમાં ધ્યાન રાખવું, ૨૭ ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરી લેવો, ૨૮ અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહ જણાય, ૨૯ મિલન- મુલાકાત થઈ શકે, ૩૦ કામકાજમાં સાનુકૂળતા મળી રહે, ૩૧ ધંધામાં આવક જણાય. સ્ત્રી વર્ગને પતિનો સહકાર મળી રહે, વિદ્યાર્થી વર્ગને સારું.

### મિથુન (ક. છ. ઘ.)

આપનું આ સપ્તાહ એકંદરે સારું પસાર થાય આપના કાર્યની કદર- પ્રશંસા થવાથી આનંદ અનુભવો. સંતાનનો સાથ- સહકાર મળી રહે, સંતાનના પ્રશ્ને ચિંતા- પરેશાની ઓછા થાય. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે. રાજકીય- સરકારી કામકાજ અંગે મિલન- મુલાકાત થઈ શકે પરંતુ કોર્ટ- કચેરીના કામમાં આપે ધ્યાન રાખવું પડે. વાણીની સંયમતા રાખવી આપના માટે હિતાવહ રહે. તા. ૨૫ આપના કામમાં વ્યસ્ત રહો, ૨૬ દોડધામ- શ્રમમાં ઘટાડો થાય, ૨૭ સીઝનલ ધંધામાં ધ્યાન રાખવું, ૨૮ ખર્ચ- ખરીદી જણાય, ૨૯ કામકાજમાં રૂકાવટ- મુશ્કેલી રહે, ૩૦ સારી, ૩૧ મહત્ત્વના નિર્ણય લઈ શકાય. સ્ત્રી વર્ગને સાનુકૂળતા રહે, વિદ્યાર્થી વર્ગને આનંદ ઉત્સાહ રહે.

### કર્ક (ડ. હ.)

સપ્તાહ દરમ્યાન આપને કામકાજ અંગે વ્યસ્તતા જણાય. આપના કાર્ય સિવાય અન્ય કામકાજમાં વ્યસ્ત રહેવું પડે તેમ છતાં કામનો ઉકેલ આવતા રાહત જણાય. પરદેશના કામ થઈ શકે. ધંધામાં આકસ્મિક ઘરાકી જણાય. સંતાનના કામકાજ અંગે દોડધામ - શ્રમ રહે. માનસિક પરિતાપ જણાય. સપ્તાહના અંતમાં આપે રાજકીય- સરકારી કામમાં, ખાતાકીય કામમાં સંભાળવું પડે તા. ૨૫ યાત્રા- પ્રવાસ થઈ શકે, ૨૬ મધ્યમ, ૨૭ કામકાજ અંગે દોડધામ- શ્રમ રહે, ૨૮ કામમાં સાનુકૂળતા મળી રહે, ૨૯ સારી, ૩૦ ઉચાટ- ઉદ્વેગ રહે, ૩૧ નાણાંકીય લેવડદેવડમાં ધ્યાન રાખવું, સ્ત્રી વર્ગને મધ્યમ વિદ્યાર્થી વર્ગને મિત્રવર્ગની ચિંતા રહે.

### સિંહ (મ. ટ.)

આપનું આ સપ્તાહ સારું પસાર થાય દેશ- પરદેશના કામકાજ અંગે ખર્ચ- ખરીદી જણાય. ક્યારેક રૂકાવટ જણાય સામાજિક વ્યવહારિક કામ અંગે વ્યસ્તતા જણાય. જમીન- મકાન- વાહનના કામ થઈ શકે પરંતુ તેમાં નાણાકીય લેવડદેવડમાં આપે ધ્યાન રાખવું. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક જણાય. આપના કાર્યની કદર- પ્રશંસા થવાથી આનંદ રહે. તા. ૨૫ વાહન ચલાવવામાં ધ્યાન રાખવું, ૨૬ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૭ પરદેશના કામમાં ઉતાવળ ન કરવી, ૨૮ કામકાજ અંગે વ્યસ્તતા જણાય, ૨૯ મધ્યમ, ૩૦ હર્ષ-લાભ રહે, ૩૧ સીઝનલ ધંધામાં ધ્યાન રાખવું, સ્ત્રી વર્ગને કામકાજ અંગે વ્યસ્તતા રહે, વિદ્યાર્થી વર્ગને મધ્યમ.



### કન્યા (પ. ઠ. ણ.)

સપ્તાહના પ્રારંભે આપે આરોગ્યની કાળજી રાખીને કામકાજ કરવું. ગરદન, ગળું, મોં, ખભાના ભાગમાં દર્દ- પીડા જણાય પરંતુ સપ્તાહ પસાર થાય તેમ આપને શાંતિ- રાહત થતી જાય. આયાત- નિકાસના કામમાં આપને સાનુકૂળતા જણાય, આવક જણાય. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સહકાર મળી રહે. સપ્તાહના અંતમાં કામકાજ અંગેની વ્યસ્તતામાં વધારો જણાય, ઘર- પરિવારના કામમાં દોડધામ રહે. તા. ૨૫ સારી, ૨૬ કામકાજમાં રૂકાવટ, ૨૭ સીઝનલ- વાયરલ બીમારીથી સાચવવું, ૨૮ નોકરી- ધંધાર્થે બહાર કે બહારગામ જવાનું બને, ૨૯ નોકર- ચાકર વર્ગનો સહકાર રહે, ૩૦ આપના કામમાં વ્યસ્ત રહો, ૩૧ મધ્યમ સ્ત્રી વર્ગને સારું.

### તુલા (ર. ત.)

આપનું આ સપ્તાહ આરોહ- અવરોહમાં પસાર થાય. ક્યારેક સમય સાનુકૂળ લાગે તો ક્યારેક પ્રતિકૂળ જણાય તેથી આપે સમય- સંજોગો- પરિસ્થિતિ અનુસાર નિર્ણય લઈને આગળ વધવું આપના કાર્યમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. નોકરી- ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. પરંતુ ક્યારેક ઉચાટ- ઉદ્વેગ, માનસિક પરિતાપ વ્યગ્રતા રહે. તા. ૨૫ દોડધામ- શ્રમ જણાય, ૨૬ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૭ મહત્ત્વના નિર્ણય લેવાનું મુલત્વી રાખવું, ૨૮ તબિયતની કાળજી રાખવી, પડે, ૨૯ કામકાજમાં મુશ્કેલી જણાય, ૩૦ પરદેશના કામમાં સાનુકૂળતા રહે, ૩૧ યાત્રા- પ્રવાસનું આયોજન થાય. સ્ત્રી વર્ગને ભાઈભાંડુનો સહકાર રહે, વિદ્યાર્થી વર્ગને ઠીક.

### વૃશ્ચિક (ન. ય.)

સપ્તાહ દરમ્યાન આપે તન- મન- ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસો પસાર કરી લેવા. આપના કામકાજ અંગેના તણાવ- દબાણ- દોડધામ, શ્રમની અસર આપના સ્વાસ્થ્ય પર ના પડે તેનું આપે ધ્યાન રાખવું પડે. પરદેશના કાર્યમાં રૂકાવટ રહે. નાણાંકીય લેવડદેવડમાં આપે ધ્યાન રાખવું પડે. તા. ૨૫ મહત્ત્વનો નિર્ણય લઈ શકાય, ૨૬ હરિફ વર્ગ- ઈર્ષ્યા કરનાર વર્ગની મુશ્કેલી રહે, ૨૭ સીઝનલ ધંધામાં માલનો વધુ પડતો ભરાવો કરવો નહીં ૨૮ આપના કામમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો, ૨૯ મિલન- મુલાકાત થઈ શકે, ૩૦ વાહન ચલાવવામાં ધ્યાન રાખવું, ૩૧ નાણાંકીય લેવડદેવડમાં સંભાળવું. સ્ત્રી વર્ગને દોડધામ- શ્રમ રહે, વિદ્યાર્થી વર્ગને આરોગ્યની કાળજી રાખવી.

### ધન (ભ. ધ. ફ. ઢ.)

આપનું સપ્તાહ એકંદરે સારું પસાર થાય. આપના રુકાવટ વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે- ધીરે ઉકેલ આવતો જાય. જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન- મુલાકાત થઈ શકે પરંતુ સીઝનલ ધંધામાં આપે હરિફ વર્ગ- ઈર્ષ્યા કરનાર વર્ગનો સામનો કરવો પડે. વાણીની સંયમતા રાખીને કામ કરવું. સંતાનના પ્રશ્ને ચિંતા- દોડધામ જણાય, તા. ૨૫ ઠીક, ૨૬ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૭ વાણીની સંયમતા રાખવી, ૨૮ કામકાજ અંગે દોડધામ- શ્રમ જણાય, ૨૯ ખર્ચ- ખરીદી જણાય, ૩૦ આપના કામમાં વ્યસ્ત રહી શકો, ૩૧ માનસિક પરિતાપ વ્યગ્રતા રહે, સ્ત્રી વર્ગને પતિ- સંતાનનો સહકાર મળી રહે, વિદ્યાર્થી વર્ગને ઠીક.

### મકર (ખ. જ.)

સપ્તાહના પ્રારંભમાં આપને કામકાજમાં પ્રતિકૂળતા રહે. સંસ્થાકીય કામમાં, જાહેર ક્ષેત્રના કામમાં ધ્યાન રાખવું પડે. પત્ની સાથે વાદ- વિવાદથી સંભાળવું પડે. પરંતુ સપ્તાહ પસાર થાય તેમ આપને રાહત થતી જાય. આપના કામમાં વ્યસ્ત થતા જાવ. સંતાનના કામકાજ અંગે દોડધામ શ્રમ જણાય પરંતુ કામ ઉકેલાય હરિફ વર્ગ ઈર્ષ્યા કરનાર વર્ગ આપના કાર્યમાં મુશ્કેલી ઉભી કરે. તા. ૨૫ મિલન- મુલાકાત થઈ શકે, ૨૬ હૃદય- મન વ્યગ્રતા બેચેની રહે, ૨૭ કામકાજમાં પ્રતિકૂળતા જણાય, ૨૮ કામકાજમાં સાનુકૂળતા થતી જાય, ૨૯ મહત્ત્વના નિર્ણય લઈ શકાય, ૩૦ ખર્ચ- ખરીદી જણાય, ૩૧ મધ્યમ. સ્ત્રી વર્ગને કામનો ઉકેલ આવતા રાહત રહે, વિદ્યાર્થી વર્ગને સાનુકૂળતા રહે.

### કુંભ (ગ. સ. શ. ષ.)

આપનું આ સપ્તાહ મધ્યમ પસાર થાય. એક- બે મહત્ત્વના કામનો ઉકેલ આવતા આનંદ રહે તો એક-બે કાર્યમાં રૂકાવટ- મુશ્કેલી જણાતા ઉચાટ ઉદ્વેગ અનુભવાય. અડોશ-પડોશમાં વાદ- વિવાદથી સંભાળવું પડે. આપના બુદ્ધિ- અનુભવ- આવડત- મહેનતથી કામનો ઉકેલ લાવી શકો. પરદેશના કામકાજ અંગે મિલન- મુલાકાત થઈ શકે. સંતાનના કામમાં સફળતા મળી રહે. તા. ૨૫ સામાજિક- વ્યવહારિક કામકાજ રહે, ૨૬ બઢતી- બદલીના કાર્યમાં પ્રગતિ જણાય, ૨૭ નોકર-ચાકર વર્ગની મુશ્કેલી, ૨૮ કામકાજમાં ઉતાવળ કરવી નહીં, ૨૯ ઘર- પરિવારની ચિંતા રહે, ૩૦ પરદેશના કામમાં પ્રગતિ જણાય, ૩૧ હર્ષ-લાભ રહે. સ્ત્રી વર્ગને સંતાનની ચિંતા ઓછી થાય, વિદ્યાર્થી વર્ગને મધ્યમ.

### મીન (દ. ચ. ઝ. થ.)

સપ્તાહના પ્રારંભમાં આપને કામમાં સાનુકૂળતા મળી રહે. આપના કાર્યની સાથે કૌટુંબિક- પારિવારિક સામાજિક- વ્યવહારિક કામમાં આપને દોડધામ- શ્રમ ખર્ચ જણાય પરંતુ આનંદ રહે. આપના કામની કદર- પ્રશંસા થાય સંયુક્ત ધંધામાં ભાઈભાંડુ વર્ગ સાથે વિખવાદ- મનદુઃખથી સંભાળવું. સપ્તાહના અંતમાં હૃદય- મન- વ્યગ્રતા બેચેની અનુભવ્યા કરે. તા. ૨૫ સારી, ૨૬ ધંધામાં આવક જણાય, ૨૭ ઠીક, ૨૮ કામકાજમાં સાનુકૂળતા મળી રહે, ૨૯ મિલન- મુલાકાતમાં સરળતા જણાય, ૩૦ કામકાજમાં રૂકાવટ મુશ્કેલી રહે, ૩૧ ઉચાટ- ઉદ્વેગ જણાય. સ્ત્રી વર્ગને ઘર- પરિવારની ચિંતા રહે, વિદ્યાર્થી વર્ગને સારું.

## જાન્યુઆરી ૨૦૧૨ પછીનો આ સૌથી લાંબો સમયગાળો : ત્રીજુ સૌથી લાંબું કરેક્શન

# નિફ્ટી ૧૬૦ ટ્રેડિંગ સત્રોથી 200-DMAથી નીચે

અમદાવાદ, તા. ૨૩

ભારતીય શેરબજારનો અગ્રણી સૂચકાંક, નિફ્ટી, તેની ૨૦૦-દિવસની મૂવિંગ એવરેજ (૨૦૦-ડીએમએ)ની નીચે તેનો ત્રીજો સૌથી લાંબો સમયગાળો પૂર્ણ કરવા માટે તૈયાર છે. જો કે, આ વખતે ઘટાડાનો સમયગાળો લાંબો હોવા છતાં, તેની ઊંડાઈ અગાઉના કરેક્શન કરતાં ઘણી ઓછી છે. ઐતિહાસિક ડેટાના વિશ્લેષણ મુજબ, નિફ્ટીએ અત્યાર સુધીમાં તેના ૨૦૦-ડીએમએથી નીચે ૧૬૦ ટ્રેડિંગ સત્રો વિતાવ્યા છે. જાન્યુઆરી ૨૦૧૨ પછીનો આ સૌથી લાંબો સમયગાળો છે. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી નિફ્ટી તેના ૨૦૦-ડીએમએથી નીચે ટ્રેડ કરી રહ્યો છે. હાલમાં, નિફ્ટી તેના ૨૦૦-ડીએમએથી ૨૪,૧૩૬ થી લગભગ ૬% નીચે છે.

## જો કે, તેની ઊંડાઈ અગાઉના કરેક્શન કરતાં ઘણી ઓછી : નિફ્ટી છ વખત ઓછામાં ઓછા ૧૫૦ ટ્રેડિંગ સત્રો માટે તેના 200-DMAની નીચે રહ્યો છે

૨૦૦-ડીએમએ એ શેરબજારના વલણોને માપવા માટે વપરાતો મુખ્ય ટેકનિકલ સૂચક છે. સામાન્ય રીતે, આ સરેરાશથી નીચે ટ્રેડિંગ નબળા વલણનો સંકેત માનવામાં આવે છે, જ્યારે તેનાથી ઉપર ટ્રેડિંગ પ્રમાણમાં મજબૂત વલણ સૂચવે છે.

વિશ્લેષકોના મતે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૂરાજકીય તણાવ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય શેરોનું વેચાણ, ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને બોન્ડ યીલ્ડમાં વધારો બજાર પર દબાણ લાવી રહ્યો છે. વધુમાં, રોકાણકારો લાર્જ-કેપ શેરોમાંથી ભંડોળ પાછું ખેંચી રહ્યા છે અને નાની કંપનીઓ અને નવા આઈપીઓમાં રોકાણ કરી રહ્યા છે.

ઐતિહાસિક માહિતી અનુસાર,




નિફ્ટી છ વખત ઓછામાં ઓછા ૧૫૦ ટ્રેડિંગ સત્રો માટે તેના ૨૦૦-DMAની નીચે રહ્યો છે. આવો સૌથી લાંબો સમયગાળો મે ૨૦૦૮ અને એપ્રિલ ૨૦૦૯ની વચ્ચે હતો. તે સમયગાળા દરમિયાન, વૈશ્વિક નાણાકીય કટોકટીને કારણે, નિફ્ટી સતત ૨૨૭ ટ્રેડિંગ સત્રો માટે તેના ૨૦૦-DMAની નીચે રહ્યો.

બીજો સૌથી લાંબો સમયગાળો ૧૮૮ ટ્રેડિંગ સત્રોનો હતો. આ બે વાર બન્યું હતું. મે ૨૦૧૧ અને જાન્યુઆરી ૨૦૧૨ ની વચ્ચે અને મે અને ડિસેમ્બર ૨૦૦૧ની વચ્ચે. વર્તમાન સમયગાળાની એક નોંધપાત્ર વિશેષતા એ છે કે નિફ્ટીનું તેના ૨૦૦-DMAથી અંતર અગાઉના લાંબા કરેક્શન કરતા નોંધપાત્ર રીતે ઓછું રહ્યું છે. આ વખતે, નિફ્ટી તેના ૨૦૦-DMAથી મહત્તમ ૧૧.૫% નીચે ગયો છે, જ્યારે સરેરાશ તફાવત ૪.૫% રહ્યો છે.

તેનાથી વિપરીત, ૨૦૦-DMAથી નીચેના ૧૫૦થી વધુ સત્રોના છેલ્લા પાંચ સમયગાળામાં, સૌથી ઓછો મહત્તમ ઘટાડો ૧૨.૬% હતો. આ ઘટાડો ઓગસ્ટ ૨૦૧૫ અને એપ્રિલ ૨૦૧૬ની વચ્ચે થયો હતો. દરમિયાન, ૨૦૦૮-૦૯ વૈશ્વિક નાણાકીય કટોકટી દરમિયાન, નિફ્ટી તેના ૨૦૦-DMAથી મહત્તમ ૪૫.૩% નીચે ગયો હતો.

૨૦૦-DMAથી નીચેના ૧૦%થી વધુ સમયગાળાના સમયગાળાને જોતાં ભૂતકાળના સુધારા અને વર્તમાન વચ્ચેનો તફાવત વધુ સ્પષ્ટ થાય છે. ૨૦૦૮-૦૯ના સુધારા દરમિયાન, કુલ ૨૨૭ ટ્રેડિંગ સત્રોમાંથી ૧૯૯ માટે નિફ્ટી તેના ૨૦૦-ઘસ્છ થી ઓછામાં ઓછા ૧૦% નીચે રહ્યો. આનો અર્થ એ થયો કે ઈન્ડેક્સ લગભગ ૮૮% સમય માટે આ સ્તરથી નોંધપાત્ર રીતે નીચે ટ્રેડ થયો હતો.

તેવી જ રીતે, ૨૦૦૧ અને ૧૯૯૮-૯૯ના સુધારા દરમિયાન, નિફ્ટી અનુક્રમે ૧૪૦ અને ૧૨૩ સત્રો માટે તેના ૨૦૦-DMAથી ૧૦%થી વધુ નીચે રહ્યો. આ બંને સમયગાળાના કુલ સમયગાળાના ૭૪.૫% અને ૭૮.૩%નું પ્રતિનિધિત્વ કરે છે. તેની તુલનામાં, વર્તમાન કરેક્શન દરમિયાન, નિફ્ટી ફક્ત ત્રણ ટ્રેડિંગ સત્રોમાં તેના ૨૦૦-DMAથી ૧૦%થી વધુ નીચે ગયો છે.

# ચાંદીમાં બે દિવસમાં રૂ.૧૩૦૦૦નો પ્રચંડ કડાકો : સોનાના ભાવ ત્રણ માસના તળિયે

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં મંદી ઝડપથી આગળ વધી હતી. તૂટતી બજારે નવી માગ ધીમી રહી હતી. વિશ્વ બજાર ગબડતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરતાં દેશના ઝવેરી બજારો ગબડતા જોવા મળ્યા હતા. ચાંદીના ભાવ બે દિવસમાં કિલોના રૂ.૧૩૦૦૦ તૂટી ગયા હતા તથા ચાંદીએ રૂ.બે લાખની સપાટી ગુમાવી હોવાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ગબડી ઔંસના ૪૦૦૦ ડોલરની અંદર ઉતર્યા હતા.

દરમિયાન, ક્રૂડતેલના ભાવમાં જો કે તેજી આગળ વધતાં ભાવ બેરલના વધી ઉંચામાં ૧૧૫ ડોલરને આંબી ગયા હતા. ઘરઆંગણે, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ૧૦ ગ્રામના વધુ રૂ.૧૫૦૦ તથા ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૬૦૦૦ ગબડ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ૪૦૭૦ વાળા નીચામાં ભાવ ૩૯૮૬ થઈ ૪૦૨૪થી ૪૦૨૫ ડોલર રહ્યા હતા. ડોલર ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ફંડો હળવા થઈ રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૫૫.૮૫ વાળા નીચામાં ૫૩.૪૬ ડોલર થઈ ૫૩.૮૯થી ૫૩.૯૦ ડોલર રહ્યા હતા. અમદાવાદ ચાંદી તૂટી રૂ.૧૯૮૦૦૦ બોલાઈ હતી. અમદાવાદ સોનાના ભાવ ગબડી ૯૯૫ના રૂ.૧૪૬૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૬૫૦૦ બોલાયા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં જે ચાંદીના ભાવ જીએસટી વગર વધુ રૂ.૫૩૦૦ ગબડી રૂ.૧૯૪૪૧૫ બોલાયા હતા. મુંબઈ સોનાના ભાવ જીએસટી વગર વધુ રૂ.૧૧૦૦ તૂટી ૯૯૫ના રૂ.૧૪૧૦૬૩ બોલાયા હતા. મુંબઈ-સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

ભારત સરકારે ૬૫૦૦ ટન ચાંદીની ઈમ્પોર્ટ કરવા પરમીટો ઈસ્યુ કર્યાના સમાચારની ઈમ્પેક્ટ પણ દેશના ઝવેરી બજારોમાં



બે દિવસથી જોવા મળી છે. મુંબઈ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૬૦૦થી ૭૦૦ ઘટી રૂ.૫૫૭૪૩ બોલાયા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૫૯૨ વાળા ૧૫૫૬ થઈ ૧૫૬૭થી ૧૫૬૮ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૦૬૬ વાળા ૧૦૨૮ થઈ ૧૦૫૨થી ૧૦૫૩ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૫૨ ટકા ઘટયા હતા.

વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજી આગળ વધી હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૧૧૧.૯૮ વાળા ૧૧૫ થઈ ૧૧૪.૪૫ ડોલર રહ્યા હતા યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૧૦૧.૩૫ થઈ ૧૦૦.૭૬ ડોલર રહ્યા હતા. હોર્મુઝ રુટ પર એક રાતમાં આશરે ૭ જહાજો પર હુમલાઓ થયાના સમાચાર હતા. ક્રૂડના ભાવ ઉંચામાં પાંચ મહિનાની ટોચે પહોંચ્યા હતા. ઈરાન પ્રેરીત હાઉથી જૂથના સાઉદી અરેબિયા પર હુમલાઓ વધ્યાના વાવડ પણ મળ્યા હતા. લીબીયામાં પણ ઉત્પાદન ઘટયાના સમાચાર હતા. દરમિયાન, રશિયાના ડિઝલનું ટેન્કર અમેરિકા તરફ રવાના થયાના સમાચાર મળ્યા હતા. સોનાના વૈશ્વિક ભાવ તૂટી આજે ૩ મહિનાના તળિયે ઉતર્યા હતા.

## વિશ્વ બજારમાં સોનાના ભાવ તૂટી ૪૦૦૦ ડોલરની અંદર ઉતર્યા

# બેંકિંગ ક્ષેત્રે થતી છેતરપિંડીની તેમના શેરો પર થતી ગંભીર અસર

અમદાવાદ, તા. ૨૩

બેંકિંગ ક્ષેત્રે થતી છેતરપિંડી (ફ્રોડ)ના કેસોની અસર ખાનગી બેંકોની સરખામણીએ જાહેર ક્ષેત્રની (સરકારી) બેંકોના શેરના ભાવો પર વધુ ગંભીર જોવા મળે છે, કારણ કે રોકાણકારો સરકારી માલિકીની સંસ્થાઓ વિશેના ખરાબ સમાચાર પર ઝડપથી પ્રતિક્રિયા આપે છે. બ્રીક્સ જર્નલ ઑફ ઈકોનોમિક્સમાં પ્રકાશિત થયેલા એક સંશોધન અભ્યાસમાં આ તારણ સામે આવ્યું છે.

## બેંકિંગ સેક્ટરમાં છેતરપિંડી સંબંધિત અસરોનું વલણ દરેક કિસ્સામાં અલગ-અલગ રહ્યું હતું

સંશોધનમાં જાણવા મળ્યું છે કે ઊંચા ટ્રેડિંગ વોલ્યુમ ધરાવતી જૂની બેંકો છેતરપિંડી સંબંધિત આંચકાઓ સામે પોતાના શેરના ભાવને જાળવી રાખવા વધુ સક્ષમ હતી. સંશોધકોએ આઈડીબીઆઈ બેંક, પંજાબ નેશનલ બેંક, બેંક ઑફ ઈન્ડિયા અને કેનેરા બેંક સાથે સંકળાયેલા છેતરપિંડીના ચાર કેસોનું મૂલ્યાંકન કર્યું હતું.



તેમણે છેતરપિંડીની જાહેરાત પહેલાં અને પછીના શેરના ભાવોની વધઘટનું વિશ્લેષણ કર્યું હતું, જેથી જાણી શકાય કે અસરગ્રસ્ત બેંકોને અણધાર્યું નુકસાન થયું હતું કે નહીં અને તેની અસર અન્ય જાહેર તથા ખાનગી ક્ષેત્રની બેંકો પર પડી હતી કે નહીં. આ વિશ્લેષણ બીએસઈના માર્કેટ ડેટા પર આધારિત હતું.

તેમાં જોવા મળ્યું કે છેતરપિંડીની જાહેરાતોની આસપાસ સરકારી બેંકોના શેરના વળતરમાં નોંધપાત્ર નકારાત્મક ઘટાડો થયો હતો.

બીજી તરફ, ખાનગી બેંકોમાં સામાન્ય રીતે બજારની પ્રતિક્રિયા હળવી અથવા મોડી જોવા મળી હતી, જેમાં ઘણીવાર વિગતો સંપૂર્ણ જાહેર થયા પછી પ્રતિક્રિયા આવતી હતી.

કેટલાક કિસ્સાઓમાં, સત્તાવાર જાહેરાતો પહેલાં જ શેરના ભાવો પ્રતિક્રિયા આપી ચૂક્યા હતા, જે દર્શાવે છે કે અગાઉથી ફરતી થયેલી અફવાઓ અથવા માહિતીએ રોકાણકારોના નિર્ણયો પર પહેલેથી જ અસર કરી દીધી હતી.

અભ્યાસ એ પણ દર્શાવે છે કે છેતરપિંડી સંબંધિત અસરો સમગ્ર બેંકિંગ સેક્ટરમાં પ્રસરી શકે છે, જોકે તેનું વલણ દરેક કિસ્સામાં અલગ-અલગ રહ્યું હતું. છેતરપિંડીની જાહેરાત બાદ ઘણીવાર રોકાણકારો હરીફ બેંકો તરફ પોતાના નાણાં ખસેડતા જોવા મળ્યા હતા, પરંતુ ત્યારપછીના નકારાત્મક વળતર સૂચવે છે કે ચિંતાઓ ફક્ત સીધી સંડોવાયેલી બેંક પૂરતી મર્યાદિત રહેતી નથી.

વધુમાં, સરકારી બેંકોમાં થયેલી છેતરપિંડી હંમેશા રોકાણકારોને ખાનગી ધિરાણકર્તાઓ તરફ જવા માટે પ્રેરિત કરતી નથી. બજાર પર છેતરપિંડીની અસર માત્ર સમગ્ર સેક્ટર પર આધાર રાખવાને બદલે અંશતઃ બેંકની માલિકી અને તેના લક્ષણો પર પણ નિર્ભર કરે છે.

# વિદેશી રોકાણકારોએ શેરબજારમાંથી રૂ. ૪૭,૯૫૫ કરોડ પાછા ખેંચી લીધા

અમદાવાદ, તા. ૨૩

વિદેશી રોકાણકારોએ ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં વેચાણનો ધમધમાટ વધુ તીવ્ર બનાવ્યો હતો. તેઓએ વિવિધ ક્ષેત્રોમાં રૂ. ૪૭,૯૫૫ કરોડના શેર વેચ્યા હતા. આ રકમ પાછલા પખવાડિયામાં ઉપાડવામાં આવેલી રકમ કરતા બમણાથી વધુ છે. જોકે, ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી) શેરોમાં એક અલગ વલણ જોવા મળ્યું હતું, જેમાં નવા રોકાણો આવ્યા, જ્યારે નાણાકીય સેવાઓના શેરોમાં વેચાણનું દબાણ ચાલુ રહ્યું હતું.

## નાણાકીય સેવાઓમાં સૌથી વધુ ૮,૬૩૪ કરોડનો આઉટફ્લો જોવાયો, જ્યારે IT ક્ષેત્રે નવું રોકાણ

ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં ઉપાડ સપ્ટેમ્બરના બીજા પખવાડિયામાં નોંધાયેલા ઉપાડ કરતા બમણાથી વધુ હતો. તે સમયગાળા દરમિયાન, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ રૂ. ૨૧,૭૪૫ કરોડના શેર વેચ્યા હતા. ૨૪ મોનિટર કરાયેલા ક્ષેત્રોમાંથી, ફક્ત પાંચમાં રોકાણ જોવા મળ્યું છે.

નાણાકીય સેવાઓમાં સૌથી વધુ આઉટફ્લો જોવા મળ્યો છે, જે રૂ.૮,૬૩૪ કરોડનો છે, પરંતુ આ કુલ રૂ. ૨૦ લાખ કરોડના રોકાણના અડધા ટકાથી પણ ઓછો છે. એફએમસીજી, ઓટોમોટિવ અને હેલ્થકેર ક્ષેત્રોમાં પણ મોટો આઉટફ્લો જોવા મળ્યો છે. એફપીઆઈ ઈક્વિટી હોલ્ડિંગ માત્ર૦.૩ ટકા ઘટીને રૂ. ૬૫.૯૪ લાખ કરોડ થયું છે.

ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં આઈટી ક્ષેત્રમાં સૌથી વધુ રૂ. ૨,૫૯૯ કરોડનો રોકાણ પ્રવાહ જોવા મળ્યો હતો. આ પખવાડિયામાં, વિદેશી રોકાણકારોમાં જોખમ-પ્રતિરોધક વલણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું. તેઓએ નાણાકીય સેવાઓ, ગ્રાહક, ઓટોમોબાઈલ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાંથી નાણાં પાછા ખેંચી લીધા છે.

અહેવાલ મુજબ, છેલ્લા સાડા ત્રણ મહિનામાં આઈટી ક્ષેત્રમાં કુલ રૂ.૯,૦૬૨ કરોડનો પ્રવાહ આવ્યો છે. ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં, આઈટી ઈન્ડેક્સે ૧૦.૮૮ ટકાનો વધારો નોંધાવ્યો હતો, જે બેન્ચમાર્ક નિફ્ટી ઈન્ડેક્સ કરતાં નોંધપાત્ર રીતે આગળ નીકળી ગયો હતો, જે તે જ સમયગાળા દરમિયાન ૧.૬૭ ટકા વધ્યો હતો.

# બેંકિંગ સિસ્ટમમાં રોકડ ઘટીને માત્ર રૂ. ૫૪૨ કરોડ થઈ ગઈ

અમદાવાદ, તા. ૨૩

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) સહિત કર ચૂકવવા માટે મોટા પ્રમાણમાં બહાર નીકળવા અને બેંકો દ્વારા ઉચ્ચ રોકડ અનામત ગુણોત્તર (CRR) સરપ્લસ જાળવવાને કારણે બુધવારે બેંકિંગ સિસ્ટમમાં રોકડ સરપ્લસ ઘટીને રૂ. ૫૪૨ કરોડ થઈ ગઈ હતી.

## કર ચૂકવણીને કારણે બેંકિંગ સિસ્ટમમાં રોકડ સરપ્લસમાં જોવાયેલો ઘટાડો

ભારિત સરેરાશ કોલ રેટ (WACR) વધીને ૫.૬૯ ટકા થઈ ગયો છે, જે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૫.૭૫ ટકા માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) રેટની નજીક છે.નવેમ્બરની શરૂઆતથી સરકારી ખર્ચમાં વધારો થવાની ધારણા છે, પરંતુ ત્યાં સુધી સિસ્ટમમાં રોકડની અછત રહેવાની શક્યતા છે. જોકે, બજારના સહભાગીઓ કહે છે કે નવેમ્બરના મધ્યથી સિસ્ટમમાં સતત તરલતાની ખાધ રહી શકે છે, કારણ કે મુખ્ય રોકડ સરપ્લસમાં ઘટાડો ચાલુ રહે છે.મુખ્ય રોકડમાં બેંકિંગ સિસ્ટમની રોકડ અને સરકારની રોકડ સરપ્લસનો સમાવેશ થાય છે. તે ૪ સપ્ટેમ્બરના રોજ રૂ. ૧૪.૨ લાખ કરોડથી ઘટીને ૯ ઓક્ટોબરના રોજ ૯.૪ લાખ કરોડ થઈ ગઈ છે. બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે તે ડિસેમ્બરના અંત સુધીમાં લગભગ ૪.૯ લાખ કરોડ થઈ શકે છે અને માર્ચ સુધીમાં ૧ લાખ કરોડની નજીક પહોંચી શકે છે.

# વર્તમાન મહિનામાં સેવા ક્ષેત્રની આગેવાની હેઠળ વેપાર પ્રવૃત્તિ ચાર મહિનાની ટોચે

મુંબઈ, તા. ૨૩

દેશમાં વર્તમાન ઓક્ટોબર મહિનામાં સેવા ક્ષેત્રની આગેવાની હેઠળ વેપાર પ્રવૃત્તિ ચાર મહિનાની ટોચે રહી હોવાનું પ્રાથમિક માહિતી પરથી જણાઈ રહ્યું છે. સેવા ક્ષેત્રમાં ઓર્ડર મજબૂત જોવા મળી રહ્યા છે. કામગીરીમાં વધારો થવા છતાં કંપનીઓ નવી ભરતી કરવાને બદલે જુના કર્મચારીઓ મારફત ઓર્ડરો પૂરા કરી રહી હોવાનું પ્રારંભિક સર્વ રિપોર્ટમાં જણાવાયું છે.

## વેપાર કામકાજમાં વધારો થયો પરંતુ કર્મચારીઓની નવી ભરતી પર દસ મહિના બાદ બ્રેક વાગી

દશેરા તથા દિવાળીના તહેવારોને કારણે વેપાર પ્રવૃત્તિને ગતિ મળી હોવાનું કહી શકાય છે. એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલા સેવા તથા ઉત્પાદન ક્ષેત્રના એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) વર્તમાન મહિનામાં ૫૬.૭૦ રહ્યો છે જ્યારે સપ્ટેમ્બરનો ફાઈનલ પીએમઆઈ ૫૫.૯૦ જોવા મળ્યો હતો.

૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવાય છે.

ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની એકંદર વેપાર પ્રવૃત્તિમાં સેવા ક્ષેત્રની કામગીરીમાં વધારો થયો છે. સેવા ક્ષેત્રનો પ્રારંભિક



પીએમઆઈ ૫૫.૨૦થ ીવધી ૫૬.૨૦ જોવા મળી રહ્યો છે. સેવા ક્ષેત્રમાં માગ મજબૂત છે પરંતુ નવી ભરતી સતત નવ મહિના સુધી વધ્યા બાદ ઓકટોબરમાં સ્થિર રહી છે. ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ સાધારણ વધી છે પરંતુ ભરતીની ગતિ ધીમી રહેતા તેનો પીએમઆઈ ૫૫.૧૦ પરથી ઘટી ૫૪.૯૦ રહ્યો છે.

કર્મચારીઓની હાલની સંખ્યા વર્કલોડને પહોંચી વળવા માટે પૂરતી હોવાનો કંપનીઓ દાવો કરી રહી છે. નિકાસ ઓર્ડરો છ મહિનાની ઊંચી સપાટીએ રહ્યા છે.

સેવા તથા ઉત્પાદન ક્ષેત્રમાં ભાવનું દબાણ હળવુ થયું છે. કાચા માલની કિંમતમાં વધારો એક વર્ષની નીચી સપાટીએ રહ્યો છે જ્યારે વેચાણ કિંમતમાં વૃદ્ધિ ગયા વર્ષના માર્ચ બાદ સૌથી નીચી રહી છે.

બિઝનેસ કોન્ફિડેન્સ મે બાદ સૌથી ઊંચો રહ્યો છે પણ વર્તમાન વર્ષની સરેરાશ કરતા નીચો જોવા મળી રહ્યો હોવાનું સર્વે રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# આગામી દિવસોમાં વધુ ચાર બેન્કોમાં હિસ્સાનું વેચાણ જાહેર થવા વકી

મુંબઈ, તા. ૨૩

બેન્કોમાં પોતાનું શેરહોલ્ડિંગ ઘટાડી ૭૫ ટકાની નીચે લઈ જવા સરકાર વધુ ચાર બેન્કોમાં પોતાના હિસ્સાનું આગામી દિવસોમાં વેચાણ કરશે તેવી શકયતા જોવાઈ રહી છે.

## દેશમાં બહુ ઓછી બેન્કો સરકાર હસ્તક રાખવાની યોજના

આઈડીબીઆઈ બેન્ક બાદ સરકાર હવે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, યુકો બેન્ક, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક તથા પંજાબ એન્ડ સિંધ બેન્કમાં પોતાનું હોલ્ડિંગ ઘટાડી ૭૫ ટકા સુધી લાવવા વિચારી રહી છે.બજાર નિયામક સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ધોરણોનું પાલન કરવાના ભાગરૂપ આ વેચાણ કરવામાં આવશે. વર્તમાન મહિનાના પ્રારંભમાં સરકારે આઈડીબીઆઈ બેન્કમાં પોતાના હિસ્સાનું કેનેડાના અબજોપતિ પ્રેમ વાટસાની કંપની ફેરફેકસ ફાઈનાન્સિઅલ હોલ્ડિંગને વેચાણ કરી રૂપિયા ૫૨૮૭૮ કરોડ ઊભા કરવાની યોજના જાહેર કરી હતી. ફેરફેરસ આઈડીબીઆઈ બેન્કનો ૬૦.૭૨ ટકા હિસ્સો હસ્તગત કરશે.

દેશમાં માત્ર ત્રણથી ચાર જ જાહેર ક્ષેત્રની બેન્કો જાળવી રાખવા વર્તમાન સરકાર ઈરાદો ધરાવે છે.

# NCDEXનું બે નવા ઈન્ડેક્સ લોન્ચ કરીને ઈક્વિટી બજારમાં વિસ્તરણ

અમદાવાદ, તા. ૨૩

NCDEX બે સૂચકાંકો, NDEX અને FINDEX લોન્ચ કરીને ઈક્વિટી અને ઈક્વિટી ડેરિવેટિવ્ઝ બજારોમાં પ્રવેશ કર્યો છે. અગાઉ નેશનલ કોમોડિટીઝ એન્ડ ડેરિવેટિવ્ઝ એકસચેન્જ તરીકે ઓળખાતું, એકસચેન્જનું પગલું તેના વૈવિધ્યકરણ અને વિસ્તરણનો એક ભાગ છે, જે કૃષિ કોમોડિટીઝ એકસચેન્જથી આગળ વધીને એક વ્યાપક બજાર માળખાગત સુવિધા પ્રદાતા બને છે.

## ૨૦ મોટી કંપનીઓ અને ૧૫ નાણાકીય શેરો પર આધારિત બે સૂચકાંકો રજૂ કર્યા

NDEX એ એનએસઈ પર સૂચિબદ્ધ ટોચની ૬૦ કંપનીઓમાંથી પસંદ કરાયેલ ૨૦ મોટા અને પ્રવાહી ભારતીય ઈક્વિટીનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ છે. FINDEXમાં વીમા કંપનીઓને બાદ કરતાં ૧૫ નાણાકીય ક્ષેત્રના શેરો સામેલ છે. આ ઈન્ડેક્સમાં શેરો ટોચની ૪૦ પાત્ર કંપનીઓમાંથી પસંદ કરવામાં આવ્યા છે.

શેરોને સંયુક્ત સ્કોરના આધારે ક્રમ આપવામાં આવે છે. ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન અને સરેરાશ દૈનિક ટ્રેડેડ મૂલ્યને ૩૦% વેઈટિંગ આપવામાં આવે છે, જ્યારે બીટા અને વોલેટિલિટીને ૨૦% વેઈટિંગ મળે છે. આ પદ્ધતિનો હેતુ કંપનીના કદ, ટ્રેડિંગ પ્રવૃત્તિ અને બજારની ગતિવિધિઓ પ્રત્યે સ્ટોકની સંવેદનશીલતાને જોડવાનો છે.

કોઈપણ પુનઃસંતુલન દરમિયાન કોઈપણ એક સ્ટોક તેના ભારાંકના ૧૫%થી વધુ ન હોઈ શકે. એક્સચેન્જ જણાવે છે કે આ મર્યાદા વૈવિધ્યકરણમાં સુધારો કરશે અને એક જ સ્ટોક પર વધુ પડતા નિર્ભરતાના જોખમને ઘટાડશે. ઈન્ડેક્સની સમીક્ષા અને પુનઃસંતુલન વર્ષમાં બે વાર કરવામાં આવશે, માર્ચ અને સપ્ટેમ્બરમાં. ચોક્કસ પરિસ્થિતિઓમાં વધુ ગોઠવણો માટે પણ જોગવાઈ હશે.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) તરફથી મંજૂરી મળ્યા પછી, એક્સચેન્જ આગામી નાણાકીય વર્ષના બીજા ભાગમાં આ સૂચકાંકો પર આધારિત ડેરિવેટિવ્ઝ ઓફર કરી શકે છે.

# વર્તમાન સપ્તાહે બિટકોઈન ઈટીએફમાં એક અબજ ડોલરથી વધુનો ઈન્ફલો

મુંબઈ, તા. ૨૩

અમેરિકામાં લિસ્ટેડ બિટકોઈન એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં વર્તમાન સપ્તાહમાં એક અબજ ડોલરથી વધુનો ઈન્ફલોસ જોવા મળ્યો છે જે ક્રિપ્ટોકરન્સીઝ બજારમાં સંસ્થાકીય રોકાણકારો ફરી સક્રિય બની રહ્યાનું સૂચવે છે.

## ક્રિપ્ટો કરન્સીઝમાં સંસ્થાકીય રોકાણકારો સક્રિય થયાના સંકેત

જો કે બિટકોઈનના ભાવમાં સુધારાને ગતિ આપવા ઈટીએફસમાં પ્રવાહ જળવાઈ રહેવો જરૂરી હોવાનું એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

વર્તમાન વર્ષના જુલાઈથી અત્યારસુધીમાં બિટકોઈનમાં ૪૦ ટકા સુધારો થયો છે અને ગુરુવારે ભાવ ઉપરમાં ૮૪૮૦૬ ડોલર અને નીચામાં ૮૧૬૮૮ ડોલર થઈ મોડી સાંજે ૮૧૮૧૦ ડોલર કવોટ થતો હતો.

વૈશ્વિક ઈક્વિટીસમાં નબળાઈને કારણે બિટકોઈન હાલમાં ફરી સુધારાના પંથે જોવાયો હતો.

આવનારા દિવસોમાં ૮૫૦૦૦ની સપાટી દર્શાવશે તેવી બજાર અપેક્ષા રાખી રહ્યું છે.

ટેકનોલોજી કંપનીના મિશ્ર પરિણામો ઉપરાંત મધ્ય પૂર્વમાં તંગદિલીમાં વધારાથી ક્રુડ તેલના ભાવ ફરી ઊંચકાતા ક્રિપ્ટોસના ખેલાડીઓનું માનસ ખરડાયુ હતું અને ગુરુવારે ઊંચા મથાળે વેચવાલી આવી હતી.

બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસમાં પણ ઊંચા મથાળેથી મોડી સાંજે પીછેહઠ જોવા મળી હતી. એકસઆરપી, સોલાના, એથરમમાં દબાણ જોવા મળ્યું હતું.

# નવરાત્રિ દરમિયાન કપડાં, રેફ્રિજરેટર અને વોશિંગ મશીનનું વેચાણ ૨૦ ટકાથી વધુ વધ્યું

અમદાવાદ, તા. ૨૩

ઊંચો ફુગાવો છતાં, આ નવરાત્રી-દશેરા સિઝનમાં કપડાં, જૂતા, રેફ્રિજરેટર, એર કન્ડીશનર અને વોશિંગ મશીનના વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ઉદ્યોગના અંદાજ મુજબ, ગયા વર્ષની સરખામણીમાં નવરાત્રી-દશેરા તહેવારની સિઝન દરમિયાન આ વસ્તુઓના વેચાણમાં ૨૦% થી વધુનો વધારો થયો છે. વધુમાં, વેચાયેલા યુનિટની સંખ્યામાં પણ થોડો વધારો જોવા મળ્યો છે. નિષ્ણાતો માને છે કે આ વૃદ્ધિ સરળ ફાઈનાન્સિંગ વિકલ્પોને કારણે હતી.

ગયા વર્ષે, જીએસટી દરમાં ઘટાડા પછી ખરીદીમાં વધારો થયો હતો. ઊંચા આધાર હોવા છતાં, કારના રિટેલ વેચાણમાં ૨%નો વધારો થયો છે. ડીલરોના અંદાજ મુજબ, આ વર્ષે નવરાત્રિ દરમિયાન ૧૧ થી ૧૯ ઓક્ટોબર દરમિયાન આશરે ૧૦.૩ લાખ વાહનોનું વેચાણ થયું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૧૦.૧ લાખ યુનિટ હતું.

ટુ-વ્હીલર ઉત્પાદકોએ જણાવ્યું હતું કે ઊંચા આધાર હોવા છતાં, નવરાત્રિ દરમિયાન રિટેલ વેચાણ ગયા વર્ષના સ્તર કરતા સારું હતું. સ્કૂટરનું વેચાણ સૌથી નોંધપાત્ર હતું. લાઈફસ્ટાઈલ અને ફૂટવેર રિટેલરના વેચાણમાં ૨૦% વૃદ્ધિ નોંધાવી હતી. તેવી જ રીતે, ઈલેક્ટ્રોનિક્સ સેલ્સમાં પણ ૨૦% થી વધુ વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં ACનું વેચાણ ૫૦% થી વધુ વધ્યું હતું.



ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓએ માંગ જાળવી રાખવા માટે ઈએમઆઈ સમયગાળો લંબાવ્યો છે અને એન્ટ્રી-લેવલ પ્રોડક્ટ્સ માટે ફાઈનાન્સિંગ વિકલ્પોનો પણ વિસ્તાર કર્યો છે. ઓક્ટોબરમાં લાગુ થનારા ભાવ વધારાને પણ દિવાળી સુધી મુલતવી રાખવામાં આવ્યા છે. ઉદ્યોગ અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિવિધ કંપનીઓના વેચાણમાં નવરાત્રિ દરમિયાન ૨૦% થી વધુનો વધારો જોવા મળ્યો હતો.

જોકે, સ્માર્ટફોન, લેપટોપ અને ટેલિવિઝનના વેચાણ પર દબાણ હતું. મેમરી ચિપના ભાવમાં બે થી ત્રણ ગણો વધારો થવાથી આ ઉત્પાદનો ગ્રાહકોના બજેટમાંથી બહાર નીકળી ગયા છે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચનો અંદાજ છે કે નવરાત્રિ દરમિયાન ઓનલાઈન સ્માર્ટફોન વેચાણમાં ગયા વર્ષની સરખામણીમાં ૧૬%નો ઘટાડો થયો છે, જ્યારે ઓલ ઈન્ડિયા મોબાઈલ રિટેલર્સ એસોસિએશનનો અંદાજ છે કે ઓફલાઈન વેચાણમાં આશરે ૨૦%નો ઘટાડો થયો છે. એસોસિએશને અહેવાલ આપ્યો છે કે કુલ વેચાણ મૂલ્ય સમગ્ર ભારતમાં લગભગ સ્થિર રહ્યું છે. જોકે, ગુજરાત એક અપવાદ હતું, જેમાં વોલ્યુમમાં ૧૫% નો વધારો જોવા મળ્યો હતો.

## નવરાત્રી-દશેરાના તહેવારો દરમિયાન દેશભરના બજારોમાં ધમધમાટ જોવા મળ્યો

## રૂ. ૩ લાખના આઈફોનને ખરીદવા પડાપડી



એપલના પહેલા ફોલ્ડેબલ આઈફોન ડ્યુઓનું વેચાણ ગુરુવારે શરૂ થયું. તેને ખરીદવા માટે વિશ્વના ટોપ સિટીઝમાં લાઈનો જોવા મળી. આ ફોનની ભારતમાં શરૂઆતની કિંમત રૂ. ૨,૯૯,૦૦૦ છે. ફોનમાં ૭.૬ ઈંચની સ્ક્રીન છે. બહારની સ્ક્રીનની સાઈઝ ૫.૪ ઈંચ છે. ૧૨૦ હટ્ર્સ રિફ્રેશ રેટ અને ૩૦૦૦ નીટ્સ સુધીની પીક બ્રાઈટનેસ છે. ફોનનું વજન ૨૫૪ ગ્રામ છે. ફોનમાં એપલની એ-૨૦ પ્રો ચિપ અને ૪૮ મેગાપિક્સલ ડ્યુઅલ કેમેરા સિસ્ટમ આપવામાં આવી છે. ફોનમાં ફેસ આઈડીને બદલે ટચ આઈડી આપવામાં આવ્યું છે. ફોનમાં અંદરની ડિસ્પ્લે પર ૩૧ કલાક અને બહારની સ્ક્રીન પર ૪૪ કલાક સુધીનું વીડિયો પ્લેબેક મળે છે. ફોનના પ્રી-ઓર્ડર મિનિટોમાં વેચાઈ ગયા હતા. જેના કારણે કેટલાક કસ્ટમર્સને ડિલિવરી માટે જાન્યુઆરી ૨૦૨૭ સુધી રાહ જોવી પડશે.

### વિદ્યાર્થીઓ મોંઘવારીનાં વિરોધમાં આજે ફરી દેખાવો કરશે

# ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શનોને ડામવા ૭૦,૦૦૦ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા

(પીટીઆઇ) પેરીસ, તા. ૨૩

શનિવારે સમગ્ર ફ્રાન્સમાં ૭૦,૦૦૦ સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવશે. પેરિસમાં લૂવ્ર અને અન્ય પ્રમુખ સંગ્રહાલયો બંધ રહેશે. વહીવટી તંત્રનો ઉદ્દેશ એ છે કે પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન દરમિયાન ફરીથી કોઇ હિંસા ન થાય.

## સિટી હોલ જેવી જાહેર ઈમારતોનાં રક્ષણ માટે પોલીસની વિશેષ ટીમ તૈનાત : હેલિકોપ્ટર, વોટર કેનન પણ તૈનાત રખાશે

ગયા સપ્તાહમાં થયેલા વિરોધ પ્રદર્શનોએ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દેખાવકારોએ આગ ચાંપી હતી, જાહેર ઈમારતોમાં ઘૂસી તોડફોડ કરી હતી, દુકાનોનાં કાચ તોડ્યા હતાં, લૂટફાટ કર હતી અને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો.

છેલ્લા કેટલાક વર્ષોમાં ફ્રાન્સમાં થયેલી આ સૌથી હિંસક અશાંતિ હતી. દેખાવકારો શનિવારે ફરીથી સડકો પર ઉતરવાની યોજના બનાવી રહ્યાં છે. દેખાવકારો વધતી મોંઘવારીનો વિરોધ કરી રહ્યાં છે.

**હિંસામાં સામેલ લોકોની ધરપકડ કરી તેમની સામે કડક કાર્યવાહીની ફ્રાન્સના ગૃહ પ્રધાન લોરેંટ નુનેઝની ચેતવણી**

આવતીકાલનાં દેખાવોમાં વિદ્યાર્થીઓ, સીજેટી મજૂર સંઘનાં સભ્યો અને યલો વેસ્ટ આંદોલનનાં કાર્યકરો સામેલ થશે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૮ અને ૨૦૧૯માં સામાજિક અન્યાય વિરુદ્ધ યલો વેસ્ટ આંદોલનનાં કાર્યકરોએ સમગ્ર ફ્રાન્સનાં હચમચાવી મૂક્યું હતું.

ફ્રાન્સનાં ગૃહ પ્રધાન લોરેંટ નુનેઝે જણાવ્યું હતું કે લગભગ ૭૦,૦૦૦ પોલીસ અને સુરક્ષા કર્મીઓ તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત હેલિકોપ્ટર, આર્મ્ડ વેહીકલ અને વોટર કેનન પણ તૈયાર રાખવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે પોલીસની વિશેષ ટીમો સિટી હોલ જેવી જાહેર ઈમારતોનું રક્ષણ કરવા માટે તૈનાત કરવામાં આવશે.

એક પત્રકાર પરિષદમાં નુનેઝે ચેતવણી આપી છે કે હિંસામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ ધરપકડ કરવામાં ખૂબ જ કડક રહેશે અને ધરપકડ કરાયેલા લોકોને કાયદાકીય પરિણામો સહન કરવા પડશે.

### ડ્રાઈવિંગ લાઈસન્સમાં ફેરફારની તૈયારી, ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર

# ડ્રાઈવિંગ લાઈસન્સમાં નામ-સરનામું બદલવા માટે ચાર્જ ચૂકવવો નહીં પડે

નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્ર સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સના નિયમોમાં મોટા ફેરફારની તૈયારી શરૂ કરી છે. તેના હેઠળ લાઈસન્મસમાં સરનામું, મોબાઈલ નંબર અને ઈમેલ અપડેટ કરાવવા પરનો ચાર્જ ખતમ કરવાનો પ્રસ્તાવ છે. સાથે જ અરજી પ્રક્રિયાને સરળ બનાવવા, દસ્તાવેજોની સંખ્યા ઘટાડવા અને અરજીઓના ઉકેલની સમય મર્યાદા પણ નક્કી કરાશે. આ માટે કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર કર્યું છે.

## ભારતીયો-વિદેશીઓ માટે અલગ રંગના લાઈસન્સ, અરજી માટે એક જ ફોર્મ, મોબાઈલ નંબર-બ્લડ ગ્રૂપની માહિતી જરૂરી

કેન્દ્ર સરકારના પ્રસ્તાવ મુજબ ડ્રાઈવિંગ લાઈસન્સમાં સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ અપડેટ કરાવવા માટે કોઈ ચાર્જ નહીં લેવાય. આધાર મારફત ઓનલાઈન ખરાઈથી મળતી સેવાઓ પણ મફત કરાશે. લાઈસન્સમાં નામ અથવા સરનામું બદલવા જેવી અરજીઓ પર લાઈસન્સિંગ ઓથોરિટીએ ૧૫ દિવસની અંદર નિર્ણય લેવાનો રહેશે. તેમણે અરજી નકારવાનું કારણ પણ જણાવવાનું રહેશે. વધુમાં સરનામું બદલવાની અરજી પર ૩૦ દિવસની અંદર નિર્ણય નહીં થાય તો તેને મંજૂર માનવામાં આવશે.

મંત્રાલયે ઉંમર અને સરનામાની ખરાઈ માટે કાર્યકારી મેજિસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ સોગંદનામું આપવાની અનિવાર્યતા સમાપ્ત કરવાની દરખાસ્ત કરી છે. તેના બદલે આધાર કાર્ડ, પાસપોર્ટ, મતદાતા ઓળખપત્ર, ઈ-રાશન કાર્ડ અને જન્મ પ્રમાણપત્ર સહિત વિવિધ દસ્તાવેજોને ઓળખ, વય અને રહેઠાણના પુરાવા તરીકે સ્વીકારવામાં આવી શકે છે.

ઉંમર અને સરનામાન ખોટા પુરાવાના દુરુપયોગને રોકવા સોગંદનામું આપવા તેમજ જીવન વીમા પોલિસીને પુરાવા તરીકે નહીં સ્વીકારવાની પણ દરકાસ્ત કરાઈ છે. મંત્રાલયે ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુ કરાવવા, ડુપ્લિકેટ લાઈસન્સ બનાવવા, વાહનની નવી શ્રેણી જોડવા અને વ્યક્તિગત માહિતી બદલવા જેવી સેવાઓ માટે એક અરજી ફોર્મનો પ્રસ્તાવ કર્યો છે.

વધુમાં મંત્રાલય લાઈસન્સ પર ચાલકનું બ્લડ ગ્રૂપ, મોબાઈલ નંબર અને ઈમર્જન્સી સંપર્ક નંબર નોંધવાનું ફરજિયાત કરવાની પણ તૈયારી કરી રહ્યું છે. મંત્રાલયના પ્રસ્તાવ મુજબ ડ્રાઈવિંગ લાઈસન્સ પર ધારકની રાષ્ટ્રીયતાનો ઉલ્લેખ થઈ શકે છે. તેના માટે ભારતીય અને વિદેશી નાગરિકોના લાઈસન્સ અલગ અલગ રંગમાં આપવાની યોજના છે. તેનાથી લાઈસન્સ જોઈને જ ધારકની રાષ્ટ્રીયતાની ઓળખ કરવી સરળ થશે.

### બલુચિસ્તાનમાં બસ-વાનના અકસ્માતમાં ૧૨નાં મોત

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમા ઉથલ પાસે બસ અને વાન વચ્ચે થયેલા અકસ્માતમા ત્રણ મહિલા સહિત ૧૨ લોકોના મોત થયા છે.પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ઉથલ ઝીરો પોઇન્ટ પાસે હાઈવે પર થયેલા અકસ્માતમા કેટલાક પ્રવાસીઓ ઘાયલ થયા છે જેમા કેટલાકની હાલત ગંભીર છે જેનાથી મૃત્યુ આંક વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઈન્સ્પેક્ટર આફતાબ મલિકે કહ્યું હતું કે ઉથલ ઝીરો પોઇન્ટ પાસે જ્યાં રોડનો વળાંક આવે છે ત્યાં ઝડપી ગતિએ ચાલતી બસ સામેથી આવતી વાન સાથે ટકરાઇ હતી. આ બસ ગ્વાદર થી કરાચી જઇ રહી હતી જ્યારે વાન કરાચી થી લાસબેલા તરફ જઇ રહી હતી.

## જ્ઞાનેશ કુમાર રાજીનામું ના આપે ત્યાં સુધી લડીશું : સીજેપી

### જ્ઞાનેશકુમાર

(૧૫મા પાનાનું ચાલુ)

રાજ્યોના ૮૮ શહેરોમાં વિરોધ પ્રદર્શનોનું આયોજન કરાયું છે. જેમાં ૧૪૫ જેટલા સંગઠનો સામેલ થયા છે, આ વિરોધ પ્રદર્શનો શુક્રવારથી ૧ નવેમ્બર સુધી થતા રહેશે.

શુક્રવારના વિરોધ પ્રદર્શનોમાં ૩૦૦થી વધુ સંગઠનો સામેલ થયા હતા. કોકરોચ જનતા પાર્ટીના નેતા આશુતોષ રાન્કા અને સૌરવ દાસે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શનો શરૂ રાખવાની જાહેરાત કરી હતી. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહ્યા બાદ મીડિયા સાથે વાતચીતમાં રાન્કાએ કહ્યું હતું કે અમને જેલમાં પુરી દેશો તો પણ આ આંદોલન શરૂ રહેશે. સૌરવ દાસે કહ્યું હતું કે આ આંદોલન માત્ર કોકરોચ જનતા પાર્ટી દ્વારા જ નહીં પણ તમામ લોકો દ્વારા સંયુક્ત રીતે લડાઇ રહ્યું છે. દરમિયાન ડાબેરી વિદ્યાર્થી સંગઠન આઇસા પ્રમુખ નેહા બોરાને દિલ્હી હાઇકોર્ટમાં રાહત નથી અપાઇ, નેહાએ પોતાને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવા માટે મળેલી નોટિસને પડકારી હતી. જેને પગલે હવે બોન્ડ સાઇન કરવા માટે નેહા બોરાએ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવું પડશે.

### વ્યૂ માટે

(૧૫મા પાનાનું ચાલુ)

**તો પહેલાં જ થઈ ચૂક્યા છે અને તેને બે સંતાનો પણ છે. રાનીએ કહ્યું હતું કે રાધાના પિતા સાથે હું અસલી લગ્ન કેવી રીતે કરી લઉં, જ્યારે મારે બબ્બે સંતાનો હોય. તેણે ખુલાસો એવો પણ કર્યો હતો કે તેનો વીડિયો જોઈને દૂર રહેતો પતિ પાછો ઘરે આવી ગયો છે અને હવે તે પતિ સાથે રહે છે. વીડિયોમાં રાનીએ કહ્યું કે લાઈક્સ-વ્યૂ મેળવવા માટે થયેલા ડ્રામાના કારણે પતિ-પત્ની વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે. નવા વીડિયોમાં રાનીએ તેના પતિને જ ફરીથી વરમાળા પહેરાવીને લગ્ન કર્યા હતા. પબ્લિસિટી માટે થયેલા આ ડ્રામા સામે લોકો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.**

### એક ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં દાવો

# મારું સ્ટિંગ ઓપરેશન કરવાનો પ્રયત્ન કરાયોઃ ડી કે શિવકુમાર

નવી દિલ્હી, તા. ૨૩

**કર્ણાટકનાં મુખ્યપ્રધાન ડી કે શિવકુમારે આરોપ મૂક્યો છે કે તેમના પર અને કેરળનાં મુખ્યપ્રધાન વી ડી સતીશન પર એક ઉદ્યોગપતિએ સ્ટિંગ ઓપરેશન કરવાનાં પ્રયત્નો કર્યા હતાં.**

## એક ઉદ્યોગપતિ મેટાનાં સ્માર્ટ ગ્લાસ પહેરી મારી પાસે આવ્યો હતો : મુખ્યપ્રધાન

આ ઉદ્યોગપતિએ મેટાનાં સ્માર્ટ ગ્લાસ (ચશ્મા) પહેર્યા હતાં. કન્નડ ચેનલને આપેલા એક ઈન્ટરવ્યુમાં કરવામાં આવેલા દાવાઓએ કર્ણાટકમાં સ્ટિંગ ઓપરેશન અંગે ચાલી રહેલા રાજકીય વિવાદમાં એક નવો વળાંક લાવી લીધો છે.

ડી કે શિવકુમારે દાવો કર્યો છે કે તેમને મળવા આવેલા એક ઉદ્યોગપતિએ મેટા સ્માર્ટ ગ્લાસ પહેર્યા હતાં. જેનાથી તેમને શંકા થઇ હતી. ત્યારબાદ તેમણે એ વ્યકિતની પ્રવૃત્તિઓ અને અન્ય રાજકીય નેતાઓ સાથે તેની મુલાકાતો અંગે માહિતી એકત્ર કરવાનું શરૂ કરી દીધું હતું.

કર્ણાટકનાં મુખ્યપ્રધાને આરોપ મૂક્યો છે કે આ ઘટના તેમને અને અન્ય કોંગ્રેસ નેતાઓને નિશાન બનાવવા માટે કરવામાં આવનારા એક મોટા સ્ટિંગ ઓપરેશનની તૈયારીનો ભાગ હતો.

ડી કે શિવકુમારે આ આરોપ એવા સમયે લગાવ્યા છે જ્યારે કર્ણાટકનાં પૂર્વ મુખ્યપ્રધાન સિદ્ધારમૈયા સાથે જોડાયેલ સ્ટિંગ ઓપરેશનનાં વીડિયો અંગે વિવાદ વધુ વકરતો જાય છે. કોંગ્રેસ અને વિપક્ષ એકબીજા પર આરોપ મૂકી રહ્યાં છે કે આ વીડિયોની પાછળ કોણ છે અને તેનો રાજકીય હેતુ શું છે.

જ્યારે મુખ્યપ્રધાનને પૂછવામાં આવ્યું કે તેમને ફસાવવાનાં પ્રયત્નો કરનારની વિરુદ્ધ કોઇ કાર્યવાહી કેમ કરવામાં ન આવી? તો ડી કે શિવકુમારે જણાવ્યું હતું કે અધિકારીઓ સાવચેતીપૂર્વક પગલાં ભરી રહ્યાં છે.

# તિરુપતિમાં અપક્ષ ઉમેદવારે ૧-૧ રૂપિયો ઉઘરાવી ફોર્મ ભર્યું !

અમરાવતી, તા. ૨૩

આંધ્રપ્રદેશના તિરુપતિમા એક અચરજ પમાડે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવારના રુપમા મેદાનમાં આવનાર સામાન્ય નાગરિકે સાબિત કર્યું છે કે જો ઈરાદો મજબૂત હોય તો ચૂંટણી લડવા માટે ફંડ નહી પરંતુ જનસમર્થનની જરુર હોય છે. આ કિસ્સો તિરુપતિના ચિગુરુવાડા ગામનો છે. અહીંના સુભદ્ર નામની એક વ્યક્તિએ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. ઉમેદવારી કરવા માટે તેને નાણાની જરુરિયાત હતી. તેણે ગામે ગામ જઇને લોકો પાસેથી એક એક રુપિયો મેળવીને કુલ ૬ હજાર રુપિયા એકત્રીત કર્યા હતાં. સ્થાનિક ચૂંટણી માટે સુભદ્રએ જનતાની વચ્ચે જઇને સમર્થન માંગ્યુ હતું. ગ્રામિણો



દ્વારા એકત્રીત કરેલા એક એક રુપિયાના સિક્કા જોડીને ૬ હજાર લઈને તે ઉમેદવારી પત્ર ભરવા માટે ચૂંટણી કાર્યાલયે પહોચ્યો હતો. ચૂંટણીમા જ્યારે પાણીની જેમ નાણાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે સુભદ્રનો આ વ્યવહાર મિશાલ બની ગયો છે. તેના આ વ્યવહારની જોરદાર ચર્ચા ચાલી રહી છે.તેનો વીડિયો પણ વાઇરલ થયો છે.

## કામની ફાળવણી ચૂંટણી પંચ સાથે ચર્ચા કર્યા વગર જ કરાઈ હોવાનો ડેપ્યુટી કમિશનર સામેના પત્રમાં આરોપ

### ચૂંટણી પંચના

(પહેલા પાનાનું ચાલુ)

આ રિપોર્ટ સામે આવ્યા બાદ દેશભરમાં વિવાદ થયો હતો, એવામાં હવે આ બન્ને ઈલેક્શન કમિશનર દ્વારા ડેપ્યુટી ઈલેક્શન કમિશનર સામે જે ફરિયાદ કરવામાં આવી હતી તેના પર પણ ધ્યાન નહોતું અપાયું, આ ફરિયાદ અંતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સુધી પહોંચી હતી. એટલે કે આ ફરિયાદમાં પણ કોઇ જ કાર્યવાહી નહોતી કરાઇ. જે ફરિયાદ કરાઇ તેમાં દાવો કરાયો છે કે ગર્ગે કાર્યોની ફાળવણી અંગે ચૂંટણી કમિશન કે અધિકારીઓ સાથે ચર્ચા કર્યા વગર નિર્ણયો લીધા હતા.

## વાજપેયીએ નાગરિકતા આપી હાલ સરનો વિરોધ




બેલ્જિયમમાં જન્મેલા અર્થશાસ્ત્રી અને સામાજિક કાર્યકર્તા જીન ડ્રેઝનું ભારત માટે યોગદાન અમૂલ્ય રહ્યું છે. તેમણે રોજગાર ગેરંટી સ્કીમ, ખાદ્ય સુરક્ષા અધિનિયમ, આરટીઆઈ, મધ્યાહન ભોજન જેવી અનેક યોજનાઓનો પાયો નાખ્યો. તેમને ૨૦૦૨માં વાજપેયી સરકારે ભારતની નાગરિકતા આપી હતી. તેઓ હાલ રાંચીમાં રહે છે અને ઈલેક્શન કમિશન દ્વારા કરવામાં આવેલી સર પ્રક્રિયાનો વિરોધ કરી રહ્યા છે. ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર મંતર ખાતે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ પ્રદર્શનોમાં તેમની વિદેશી નાગરિક ગણીને ૧૧ કલાક સુધી અટકાયત કરવામાં આવી હતી.

### મિડ-કેપ ઈન્ડેક્સમાં છેલ્લાં બે વર્ષનો સૌથી મોટો ઘટાડો આવ્યો

# શેરબજારમાં ધબડકો : એક સપ્તાહમાં રોકાણકારોના રૂ. ૨૦ લાખ કરોડ સ્વાહા

મુંબઈ,તા.૨૩

**શુક્રવારે બજાર તો દિવસભરની વધઘટના અંતે ૧૨૬ પોઈન્ટ ઘટીને ૭૩,૧૨૪ અને નિફ્ટી ૮૮ પોઈન્ટ ઘટીને ૨૨,૬૦૦ પર બંધ આવ્યો, પરંતુ ૧૯થી ૨૩ ઓક્ટોબરના આખા સપ્તાહમાં નિફ્ટી બે ટકાથી વધુ ઘટ્યો તો મિડકેપ ઈન્ડેક્સ છ અને સ્મોલ કેપ ઈન્ડેક્સ સાત ટકા ઘટ્યો. સપ્તાહ દરમિયાન બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું બજારમૂલ્ય ૨૦ લાખ કરોડ ઘટ્યું.**

## નિફ્ટી બે ટકાથી વધુ નીચે આવ્યો તો મિડકેપ છ ટકા અને સ્મોલકેપમાં સાત ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો

નબળી માર્કેટ બ્રેડ્થ, મિડ-સ્મોલ કેપ શેરોમાં આવેલા મોટા ઘટાડા અને ઘણી કંપનીઓના પરિણામોએ રોકાણકારોનો મિજાજ દબાણ હેઠળ રાખ્યો.

સેન્સેક્સ અને નિફ્ટીની તુલનાએ બેન્ક અને મિડકેપ ઈન્ડેક્સમાં નબળાઈ વધુ રહી હતી. મિડકેપ ઈન્ડેક્સ ૧,૨૬૩ પોઈન્ટ તૂટીને ૫૫,૮૦૧ પર આવી ગયો.

૧૯થી ૨૩ ઓક્ટોબરના સપ્તાહમાં બજારે ગયા સપ્તાહનો વધારો ધોઈ નાખ્યો. નિફ્ટી બે ટકાથી વધુ નીચે આવ્યો. સૌથી વધારે માર મિડ અને સ્મોલ કેપ શેરો પર પડ્યો. મિડકેપ ઈન્ડેક્સ છ અને સ્મોલ કેપ ઈન્ડેક્સ સાત ટકા ઘટ્યો. મિડકેપ ઈન્ડેક્સમાં આ છેલ્લા બે વર્ષમાં સૌથી મોટો ઘટાડો હતો.

**મિડ અને સ્મોલ કેપમાં ઘટાડો એટલો તીવ્ર હતો કે કુલ ૧૦૦ શેરમાંથી ફક્ત છ જ શેર અઠવાડિયા દરમિયાન વધ્યા હતા**

બજારમાં મિડ-કેપ અને સ્મોલ કેપમાં ઘટાડો એટલો તીવ્ર હતો કે કુલ ૧૦૦ શેરમાંથી છ શેર જ આખા અઠવાડિયામાં વધ્યા હતા. નિફ્ટી૫૦ના પણ ૫૦ શેરમાંથી છ શેર જ સપ્તાહના અંતે વધીને બંધ આવ્યા હતા. જ્યારે નિફ્ટી૫૦ના ૨૦ શેરમાં ચાર ટકાથી પણ વધુ ઘટાડો નોંધાયો હતો.

મિડકેપ શેરોમાં જોઈએ તો સ્વિગી, કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ, સમ્માન કેપિટલ, નિપ્પોન લાઈફ અને આઈનોક્સ વિન્ડ પર સૌથી વધુ દબાણ જોવા મળ્યું. શુક્રવારે સેન્સેક્સ અને નિફ્ટી નીચલા સ્તરથી ઉચકાયા, પરંતુ મિડ-કેપ અને સ્મોલ કેપ શેરોમાં વેચવાલી જારી રહી.

## ડાઉ જોન્સમાં ૬૦૦ પોઈન્ટનું ગાબડું

અમદાવાદ, તા. ૨૩

મધ્ય પૂર્વમાં સંઘર્ષ વધુ તીવ્ર બનવા સાથે ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો નોંધાતા આજે અમેરીકન શેર બજારમાં કામકાજના પ્રારંભે ડાઉજોન્સમાં ૬૦૦ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું

મધ્ય પૂર્વમાં સંઘર્ષ તીવ્ર બનતા આજે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ વધીને ૧૧૬ ડોલર પહોંચ્યા હતા. જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૧૦૨ ડોલર રહ્યા હતા. આ અહેવાલો પાછળ આજે કામકાજના પ્રારંભિક તબક્કામાં ડાઉ જોન્સ ૬૦૧ પોઈન્ટ તૂટીને ૫૨,૨૬૬ની સપાટીએ ઊતરી આવ્યો હતો. જ્યારે નાસડેક નજીવા ૨ પોઈન્ટ વધીને ૨૬૦૧૧ની સપાટીએ કાર્યરત હતો

ગુજરાત સમાચાર APPOINTMENTS

Urgently Require
GYNAECOLOGIST - Full time
(MS/ DGO / CPS)
for 25 years Old Hospital.
Shree Harikrishana Multispeciality Hospital, Dholka, Ahmedabad.
Contact: 9879213675

M-9978828960

HIRING
LAKHTARWALA JEWELLERS SINCE 1950

REQUIRE
B.E.Civil
Sales Executive
Experienced Person Only
Receptionist
Experienced Only
@Science Park
Mail-sparsh2718@gmail.com
Whats App 88661 12794

WANTED
SERVICE TECHNICIAN
for Mixer Grinder & Gas Stove Appliances
સર્વિસ ટેકનિશિયન
+91-81409 13002
+91-73586 13131
Vidiem

asg eye hospital
Only The Best
ATTENTION! HEALTHCARE PROFESSIONALS!
POSITIONS AVAILABLE
Marketing Executive
Optical Executive | Optometrist
OPD Executive | Pharmacist
Counsellors | Front Desk
Nursing / OT Executive
OPD Cashless & TPA Executive
Join Our Team
Walk-In Interview
Call: 8875022119
25th October 2026
Interview Location
ASG BAVISHI EYE HOSPITAL
Second Floor, Spinel Building, Sarkhej – Gandhinagar Hwy, opposite Kargil Petrol Pump, Sola, Ahmedabad Gujarat 380060

Back Office-2
Marketing Person-2
Production Supervisor-2
A-301-302
M : 9825305417

REQUIRE
FOR SECURITY SERVICES COMPANY.
(Whole Gujarat)
1) Business Development Manager-1
2) Business Development Executive-2
3) Operation Assistant Manager-2
4) Field Officer-5
Relevant Experience requires 2 years.
No bar of salary for the right candidate.
Contact between 10.00 am to 3.00 pm

JOB FOR TANZANIA & KENYA
Elevators Eractor Technicians(B.tech, Mechanical Engineer) Salary 80K Per Month Net
Elevator Marketing Executive(MBA, M.com/B.com)Fluent English Salary 1Lakh Per Month Net
Accountant (M.com/B.com)Salary 60K to 80K Per Month Net
Experience 3 Years all Fields
M. 9426977673 • E-mail:- info@wintech.co.tz

INDIAN INSTITUTE OF TECHNOLOGY GANDHINAGAR
REQUIREMENT OF GYNAECOLOGIST (PART-TIME)
IIT Gandhinagar is inviting online applications for the position of part-time Gynaecologist on a contractual basis. Dedicated professionals looking to contribute positively to a vibrant campus community are encouraged to apply online.
Qualifications: MBBS with MCI/NMC-recognized MD/MS/DNB/DGO in Obstetrics & Gynaecology, valid medical registration, and with a minimum 55% and Minimum 5 years clinical experience preferred.
Remuneration: Fixed compensation of Rs. 35,000/- per month, based on qualifications and experience (part-time visits twice a week, 1.5 hours per visit)
Perks and Benefits: Access to campus facilities, including the library, and campus events.
For more details and online applications visit : https://iitgn.ac.in/careers/contract-positions
REGISTRAR (I/c)

WALK IN INTERVIEW
FINECURE PHARMACEUTICALS LTD.
Finecure Pharmaceuticals Limited (USFDA Accredited) is leading manufacturer of pharmaceutical formulations. We are looking for passionate Candidates with experience & knowledge in pharmaceutical industry for our plants at Ahmedabad.
WALK IN INTERVIEW - DETAILS
Date : 25-10-2026, Sunday • Time : 9:00 a.m. to 3:30 p.m.
Venue : 1201-A, Mondeal Heights, Nr. Iscon Circle, S.G. Highway, Ahmedabad-380015.

| DEPARTMENT | EXPERIENCE | POSITION | SKILLS |
|---|---|---|---|
| ANALYTICAL DEVELOPMENT | (2 to 4 Years) | Officer / Sr. Officer | HPLC • Method Development |
| RESEARCH & DEVELOPMENT | (1 to 3 Years) | Jr. Officer / Officer | Formulation Development (OSD) • Documentation & Co-ordination |
| PRODUCTION | (2 to 6 Years) | Sr. Officer / Executive | Production QMS • Documentation • Shift Management |
| PACKING | (2 to 7 Years) | Operator | Blister / Alu-Alu / Strip / Sachet |
| ENGINEERING | (1 to 4 Years) | Operator | Plant / HVAC / Electrical Maintenance • Water System Operations |
| QUALITY ASSURANCE | (2 to 5 Years) | Officer / Sr. Officer | IPQA • QA / AQA |
| QUALITY CONTROL | (2 to 5 Years) | Officer / Sr. Officer | HPLC • RM / PM Analyst |
| MICROBIOLOGY | (1 to 3 Years) | Jr. Officer / Officer | MLT • Environment Monitoring |
| WAREHOUSE | (4 to 6 Years) | Sr. Officer / Executive | RM / PM / Dispensing / Documentation |

PLEASE BRING THE FOLLOWING DOCUMENTS
UPDATED CV | EDUCATIONAL CERTIFICATES | EXPERIENCE CERTIFICATES | PASSPORT SIZE PHOTOGRAPHS | LATEST INCREMENT LETTER / SALARY SLIP
SEND YOUR CV TO career@finecurepharma.com
FOR MORE INFORMATION please visit our website : www.finecurepharma.com

# અરુણાચલમાં વિશ્વનો સૌથી અનોખો ઈકો-ફ્રેન્ડ્લી મ્યુઝિક ફેસ્ટિવલ











અરુણાચલ પ્રદેશની ઝીરો વેલીમાં દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ઝીરો ફેસ્ટિવલ ઓફ મ્યુઝિક યોજાય છે, જે માત્ર મ્યુઝિકનું જ નહીં, પરંતુ સંસ્કૃતિ અને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પણ પ્રતીક બની ગયો છે. **ઝીરો ફેસ્ટિવલ શું છે?** ઝીરો ફેસ્ટિવલ ઓફ મ્યુઝિક ભારતના સૌથી મોટા આઉટડોર સંગીત મહોત્સવોમાંનો એક છે, જે અરુણાચલ પ્રદેશની લોઅર સુબનસિરી જિલ્લામાં આવેલી ઝીરો વેલીમાં યોજાય છે. આ ફેસ્ટિવલની શરૂઆત ૨૦૧૨માં બોબી હાનો અને મેનહૂપોઝ બેન્ડના ગિટારવાદક અનૂપ કુટ્ટી દ્વારા કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ સ્વતંત્ર સંગીતને પ્રોત્સાહન આપવાની સાથે સાથે સ્થાનિક અપાતાની જનજાતિની સંસ્કૃતિને વૈશ્વિક મંચ પર રજૂ કરવાનો હતો. **અનેક પ્રકારનું મ્યુઝિક :** આ ફેસ્ટિવલમાં ભારતના વિવિધ ખૂણેથી તથા વિદેશથી પણ કલાકારો ભાગ લે છે. અહીં રોક, ઈલેક્ટ્રોનિક, હિપ-હોપ અને ફોક મ્યુઝિકનું અનોખું મિશ્રણ જોવા મળે છે. અગાઉના વર્ષોમાં લી રાનાલ્ડો, સ્ટીવ શેલી, હનુમાનકાઈન્ડ જેવા કલાકારોએ પરફોર્મ કર્યું છે. **અપાતાની સંસ્કૃતિનું જીવંત દર્શન :** ઝીરો વેલી અપાતાની જનજાતિનું નિવાસસ્થાન છે, જે તેમની અનોખી પરંપરાઓ અને કૃષિ પદ્ધતિઓ માટે જાણીતી છે. ફેસ્ટિવલનું આયોજન સ્થાનિક અપાતાની સમુદાયના સહયોગથી કરવામાં આવે છે. અહીં દર્શકોને પરંપરાગત અપાતાની નૃત્ય દામિન્દા હાર્વેસ્ટ ડાન્સ, સ્થાનિક વ્યંજનો અને વાંસની બનેલી ચીજવસ્તુઓ જોવા મળે છે. **ઈકો-ફ્રેન્ડલી ફેસ્ટિવલ :** ઝીરો ફેસ્ટિવલને દુનિયાના સૌથી ઈકો-ફ્રેન્ડલી ફેસ્ટિવલોમાંનો એક માનવામાં આવે છે. અહીં પ્લાસ્ટિકનો ઉપયોગ પ્રતિબંધિત છે. ફેસ્ટિવલના સ્ટેજ અને અન્ય માળખાં વાંસ, લાકડા અને સ્થાનિક રીતે ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. ભોજન પીરસવા માટે બાયોડિગ્રેડેબલ પ્લેટનો ઉપયોગ થાય છે અને ડ્રીંક્સ વાંસના કપમાં પીરસવામાં આવે છે. સ્થાનિક લોકો ફેસ્ટિવલની સફાઈ અને સુરક્ષા જેવી જવાબદારીઓ પણ સંભાળે છે.

**ઝીરો વેલીમાં યોજાતા ઝીરો મ્યુઝિક ફેસ્ટિવલમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે : સ્ટેજ વાંસનું બનાવવામાં આવે છે**

**રોક, ઈલેક્ટ્રોનિક, હિપ-હોપ મ્યુઝિકનું મિશ્રણ જોવા મળે છે : હનુમાનકાઈન્ડ જેવા સ્ટાર્સે પરફોર્મ કર્યું છે**

---

### બોલિવુડમાં જાતભાતની અટકળો ચગી

## અક્ષય કુમારના પુત્ર આરવ અને અનન્યા પાંડેએ સાથે વેકેશન માણ્યું

મુંબઈ, તા. ૨૩

અક્ષય કુમાર અને ટ્વિન્કલના પુત્ર આરવ અને ચંકી પાંડેની પુત્રી અનન્યા પાંડે હાલ વિદેશની ધરતી પર સાથે વેકેશન માણી રહ્યા છે. અનન્યાએ સોશ્યલ મીડિયા પર તેમની તસવીરો શેર કરતાં બંને વચ્ચે ડેટિંગ થઈ રહ્યું હોવાની અટકળો ચાલી છે.



અનન્યાનું અફેર અગાઉ આદિત્ય રોય કપૂર સાથે ચાલતું હતું. તેની સાથે બ્રેક અપ પછી તે અને મોડલ વોકર બ્લેન્કો રિલેશનશિપમાં હતાં. જોકે, બાદમાં તેમનું પણ બ્રેક અપ થઈ ગયું હતું.

અનન્યાએ એક તસવીર શેર કરી છે જેમાં તે ગ્રે કલરનું પટર્નવાળું કાર્ડિગન પહેરેલાં આરવ સાથે મફિન એટલે કે એક પ્રકારની બેકિંગ વાની શેર કરી રહી છે. મોટ્ટી હૂડી પહેરીને બેઠેલી અનન્યાએ આ ફોટાની સાથે લખ્યું છે, દોસ્તો, મારા બેકિંગને મંજૂરી મળી ગઈ છે.

આરવ પિતાની જેમ બોલિવૂડમાં હીરો બનવા માંગતો નથી પણ તે ફેશન ડિઝાઈનર

**અનન્યાનું આદિત્ય કપૂર અને મોડલ વોકર બ્લેન્કો સાથે બ્રેક અપ થઈ ચૂક્યું છે**

---

### લવ રંજન સાથે દોસ્તી નિભાવવા કેમિયો

## પહલા પ્યાર દૂસરી બાર ફિલ્મમાં રાજકુમાર રાવનો કેમિયો

મુંબઈ, તા. ૨૩

નિર્માતા લવ રંજનની રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'પહલા પ્યાર દૂસરી બાર'માં રાજ કુમાર રાવે સરપ્રાઈઝ કોમેડી કેમિયો કર્યો છે. ફિલ્મમાં મહત્વના તબક્કે રાજકુમાર રાવ એન્ટ્રી મારી સ્ટોરીને આગળ ધપાવશે. લવ રંજનની આ ફિલ્મમાં છ નવોદિત એક્ટર્સને ચાન્સ આપવામાં આવ્યો છે. રાજકુમાર રાવે લવ રંજન સાથે સંબંધ નિભાવવા માટે આ કેમિયો કર્યો છે. લવ રંજન પ્રોડકશનની ૨૦૨૦માં ઓવેલી ફિલ્મ 'છલાંગ'માં રાજકુમાર રાવ હીરો હતો. આ ફિલ્મનું નિર્દેશન હંસલ મહેતાએ કર્યું હતું. ૨૦૨૪માં આવેલી 'વાઈલ્ડ વાઈલ્ડ પંજાબ'માં પણ રાજકુમાર રાવ નેરેટર બન્યો હતો. આજકાલ જેની ચોતરફ ચર્ચા છે તે દાદાઃ ધ સૌરવ ગાંગુલી સ્ટોરીમાં પણ રાજકુમાર રાવે સૌરવ ગાંગુલીની ભૂમિકા ભજવી છે.




**લવ રંજનની જ ગાંગુલીની બાયોપિકમાં પણ રાજકુમાર રાવની મુખ્ય ભૂમિકા**

---

### રામાયણના બંને ભાગનું બજેટ ૪૦૦૦ કરોડ રૂપિયા

## રામાયણ ભાગ એકને બ્રેક ઈવન માટે પણ ૫૦૦૦ કરોડની કમાણીની જરૂર

મુંબઈ, તા. ૨૩

'રામાયણ'ના નિર્માતા નિતેશ તિવારી માટે બોક્સ ઓફિસની કમાણીની નજરે કપરો કાળ શરૂ થઈ રહ્યો છે. કુલ ૪૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ધરાવતી રામાયણના બંને ભાગે બ્રેકઈવન એટલે કે નહીં નફો નહીં નુકશાન સ્તરે પહોંચવા માટે અંદાજે કુલ દસ હજાર કરોડ રૂપિયાની કમાણી બોક્સ ઓફિસ પર કરવી પડશે તેમ જાણકારો માને છે.

'રામાયણ ભાગ ૧'નું બજેટ ૨૦૦૦ કરોડ રૂપિયા ગણીએ તો રામાયણને ઓપનિંગ દિવસે જ દેશમાં ૭૫-૧૦૦ કરોડ રૂપિયા અને વિદેશમાં ૧૫૦-૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરવી પડે તેમ છે. સામાન્ય રીતે અઢી ગણી કમાણી થાય તો ફિલ્મે બ્રેકઈવન કર્યું ગણાય, એ રીતે 'રામાયણ ભાગ ૧'ને બ્રેકઈવન કરવા માટે દુનિયાભરમાંથી અંદાજે કુલ ૫૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરવી પડે તેમ છે. દેશમાં એડવાન્સ બુકિંગના મામલે 'પુષ્પા ટુ' ૯૧.૨૪ કરોડ રૂપિયાનો વિક્રમ ધરાવે છે તેની સામે 'રામાયણ'ના એડવાન્સ બુકિંગના આંકડા અનુસાર હાલ અંદાજે આઠેક કરોડ રૂપિયાની ટિકિટો વેચાઈ છે. ફિલ્મને સફળ બનાવવા માટે સાઉથના માર્કેટમાંથી મોટી કમાણી કરવી જરૂરી છે. 'પુષ્પા ટુ'ના ૯૧ કરોડના એડવાન્સ બુકિંગમાં પણ સાઉથનો હિસ્સો અંદાજે ૫૪ કરોડ રૂપિયા હતો.



**દેશમાં સવાસો કરોડ અને વિદેશમાં બસો કરોડ સાથે ઓપનિંગ કરવું પડશે**

---

### સૈફની ફિલ્મમાં પ્રિયંકાને સ્થાને વિદ્યા

## સૈફ અને વિદ્યા બાલન ૨૦ વર્ષ પછી સ્ક્રીન શેર કરશે

મુંબઈ, તા. ૨૩

સૈફ અલી ખાન અને વિદ્યા બાલન લગભગ ૨૦ વર્ષ પછી સ્ક્રીન શેર કરશે. રિતેશ બત્રાની પ્રિયંકા ચોપરાએ છોડેલી ફિલ્મમાં હવે વિદ્યા બાલન ગોઠવાઈ રહી હોવાનું જાણવા મળે છે.



સૈફ અને વિદ્યાની ફિલ્મ 'પરિણિતા' સૌથી વધુ જાણીતી છે. તેમણે છેલ્લે ૨૦૧૭માં 'એકલવ્યઃ રોયલ ગાર્ડસ'માં સાથે કામ કર્યું હતું. આમ લગભગ બે દાયકા બાદ તેઓ ફરી સાથે આવી રહ્યાં છે.

પ્રિયંકા ચોપડાની ટીમે રિતેશ બાત્રાની ટીમ સાથે મળી પ્રિયંકાની તારીખોની આસપાસ શૂટિંગ ગોઠવવાના પ્રયાસો કરી જોયાં પણ તેમાં મેળ ન પડતાં પ્રિયંકાએ આખરે આ પ્રોજેક્ટ છોડી દેવો પડ્યો હતો. પ્રિયંકા જો આ ફિલ્મની હિરોઈન બની હોત તો તેની આ સૈફ અલી ખાન સાથે આ પહેલી ફિલ્મ બની હોત.

**પરિણિતામાં બંનેની જોડી હતી, છેલ્લે ૨૦૧૭માં એકલવ્યમાં સાથે દેખાયાં હતાં**

---

### ૧૦ વર્ષથી ચાલી રહેલી પ્રોગ્રામિંગની ખામી AIએ શોધી કાઢી અને વૈશ્વિક સાઈબર સિક્યોરિટી જોખમ સામે આવ્યું

# PHP : એક ટેકનિકલ ખામીથી વિશ્વભરની લાખો વેબસાઈટ્સ ઉપર જોખમ!

હાલના સમયમાં વિશ્વભરમાં સાઈબર સિક્યોરિટીનો એક એવો મુદ્દે સામે આવ્યો છે જેમે મોટા મોટા દેશો, કંપનીઓ અને સેવાઓ આપનારને દોડતા કરી દીધા છે. હાલમાં ઈન્ટરનેટ વિશ્વમાં પીએચપી મુદ્દે મોટો હોબાળો ચાલી રહ્યો છે. પ્રોગ્રામિંગ લેન્ગવેજ સાથે જોડાયેલી આ બાબત એટલી ચર્ચામાં છે કે, સાઈબર વર્લ્ડમાં અફરાતફરીનો માહોલ છે. ઉલ્લેખનીય છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે એક એવી મોટી સાયબર સિક્યોરિટી ખામી શોધી કાઢી છે જેણે વિશ્વને ધ્રુજાવી દીધું છે. આ ખામી PHP નામની લોકપ્રિય પ્રોગ્રામિંગ લેંગ્વેજમાં લગભગ ૧૦ વર્ષથી હયાત હતી. તેની જાણ ૨૨ ઓક્ટોબરે જ થતાં વિશ્વભરમાં ઘણી વેબસાઈટ્સ અને આત્નલાઈન સેવાઓ બંધ કરવી પડી હતી, જેથી હેકર્સ તેનો દુરુપયોગ ન કરી શકે. ખાસ વાત એ છે કે, PHPનો ઉપયોગ દુનિયાભરની મોટી સંખ્યામાં વેબસાઈટ્સ બનાવવા અને ચલાવવા માટે થાય છે. આવામાં તેમાં મળેલી સુરક્ષા ખામીની અસર સરકારી વેબસાઈટ્સથી લઈને ઑનલાઈન સ્ટોર્સ અને અન્ય ડિજિટલ સેવાઓ સુધી પહોંચી શકે છે.

> આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે એક એવી મોટી સાયબર સિક્યોરિટી ખામી શોધી કાઢી છે જેણે વિશ્વને ધ્રુજાવી દીધું છે. આ ખામી PHP નામની લોકપ્રિય પ્રોગ્રામિંગ લેંગ્વેજમાં લગભગ ૧૦ વર્ષથી હયાત હતી. તેની જાણ ૨૨ ઓક્ટોબરે જ થતાં વિશ્વભરમાં ઘણી વેબસાઈટ્સ અને ઓનલાઈન સેવાઓ બંધ કરવી પડી હતી, જેથી હેકર્સ તેનો દુરુપયોગ ન કરી શકે : સાયબર સિક્યોરિટી એજન્સીઓ અને સરકારોએ વેબસાઈટ ચલાવતી સંસ્થાઓને શક્ય તેટલી વહેલી તકે સિક્યોરિટી અપડેટ્સ ઈન્સ્ટોલ કરવાની સલાહ આપી છે. આ જ કારણ છે કે કેટલીક સંસ્થાઓએ સાવચેતીના પગલારૂપે તેમની વેબસાઈટ્સ અસ્થાયી રૂપે બંધ પણ કરી દીધી છે : જાણકારોના મતે PHPની શરૂઆત ૧૯૯૦ના દાયકામાં થઈ હતી અને તે મફત તેમજ ઓપન સોર્સ છે. તેને શીખવી પણ પ્રમાણમાં સરળ છે અને આ જ કારણથી તે લાંબા સમયથી લોકપ્રિય છે. એક અહેવાલમાં સાયબર સિક્યોરિટીના જાણકારોએ જણાવ્યું કે, દુનિયાની લગભગ ૭૦ ટકા વેબસાઈટ્સ કોઈને કોઈ સ્વરૂપે PHP નો ઉપયોગ કરે છે. તેથી તેમાં જોવા મળતી ગંભીર ખામીની અસર ખૂબ વ્યાપક હોઈ શકે છે

ઉલ્લેખનીય છે કે, સાયબર સિક્યોરિટી એજન્સીઓ અને સરકારોએ વેબસાઈટ ચલાવતી સંસ્થાઓને શક્ય તેટલી વહેલી તકે સિક્યોરિટી અપડેટ્સ ઈન્સ્ટોલ કરવાની સલાહ આપી છે. આ જ કારણ છે કે કેટલીક સંસ્થાઓએ સાવચેતીના પગલારૂપે તેમની વેબસાઈટ્સ અસ્થાયી રૂપે બંધ પણ કરી દીધી છે. પરંતુ સવાલ એ છે કે આખરે PHP શું છે? તેમાં એવી કઈ ખામી મળી આવી છે જેનાથી હજારો વેબસાઈટ્સ પર જોખમ ઊભું થયું? આખરે AI એ આ ખામી કેવી રીતે શોધી કાઢી?

ઈન્ટરનેટ પર આપણે દરરોજ ઘણી બધી વેબસાઈટ્સનો ઉપયોગ કરીએ છીએ. આ વેબસાઈટ્સ ચલાવવા પાછળ ઘણી ટેક્નોલોજી કામ કરે છે. આવી જ એક ટેક્નોલોજી છે PHP, જેનો ઉપયોગ વિશ્વભરમાં મોટી સંખ્યામાં વેબસાઈટ્સ બનાવવા અને ચલાવવા માટે થાય છે. હકિકતે PHP એક પ્રોગ્રામિંગ લેંગ્વેજ છે અને તેનો ઉપયોગ વેબસાઈટ્સ બનાવવા તેમજ તેમની પાછળ ચાલતી સિસ્ટમ તૈયાર કરવા માટે થાય છે. એટલે કે જ્યારે તમે કોઈ વેબસાઈટ પર લૉગિન કરો છો, કોઈ માહિતી સર્ચ કરો છો કે ઑનલાઈન સામાન ખરીદો છો, ત્યારે PHP જેવી ટેક્નોલોજી સર્વર પર આ કાર્યો પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે.

જાણકારોના મતે PHPની શરૂઆત ૧૯૯૦ના દાયકામાં થઈ હતી અને તે મફત તેમજ ઓપન સોર્સ છે. તેને શીખવી પણ પ્રમાણમાં સરળ છે અને આ જ કારણથી તે લાંબા સમયથી લોકપ્રિય છે. એક અહેવાલમાં સાયબર સિક્યોરિટીના જાણકારોએ જણાવ્યું કે, દુનિયાની લગભગ ૭૦ ટકા વેબસાઈટ્સ કોઈને કોઈ સ્વરૂપે PHPનો ઉપયોગ કરે છે. તેથી તેમાં જોવા મળતી ગંભીર ખામીની અસર ખૂબ વ્યાપક હોઈ શકે છે. શરૂઆતના તબક્કામાં PHPનું પૂરું નામ પર્સનલ હોમ પેજ હતું. હવે PHPને સત્તાવાર રીતે રિક સવ એક્રોનિમ માનવામાં આવે છે, જેનું પૂરું નામ PHP : હાઈપરટેક્સ્ટ પ્રીપ્રોસેસર છે.

સાયબર સિક્યોરિટી રિસર્ચર્સે PHPમાં બે ગંભીર સુરક્ષા ખામીઓ શોધી કાઢી છે. તેને રિમોટ કોડ એક્ઝિક્યુશન સાથે સંકળાયેલી ખામીઓ કહેવામાં આવે છે. આ ખામી એવી છે કે જો તમારા કમ્પ્યુટરની સુરક્ષામાં ખામી હોય અને કોઈ અજાણી વ્યક્તિ દૂર બેસીને જ પોતાની મરજી મુજબ તમારા કમ્પ્યુટર પર કોડ ચલાવવા લાગે, તે પણ ત્યારે જ્યારે તેને સિસ્ટમમાં એન્ટ્રી મેળવવા માટે કોઈ પાસવર્ડ કે પરવાનગીની જરૂર જ ન પડે. તાજેતરમાં PHPમાં મળેલી ખામીઓમાં પણ આવું જ કંઈક જોખમ હતું. આ ખામીઓનો ફાયદો ઉઠાવીને હેકર્સ કોઈપણ સર્વર પર ખાસ પ્રકારની રિક્વેસ્ટ મોકલી શકતા હતા અને ત્યાં પોતાની મરજી મુજબનો કોડ ચલાવવાનો પ્રયાસ કરી શકતા હતા. આનાથી વેબસાઈટ પર કંટ્રોલ મેળવવાનું, ડેટા ચોરવાનું કે સિસ્ટમને નુકસાન પહોંચાડવાનું જોખમ ઊભું થાય તેમ હતું. તાજેતરના અહેવાલ મુજબ, આ નબળાઈઓ લગભગ ૧૦ કરતાં વધુ વર્ષોથી PHPના કોડમાં હાજર હતી, પરંતુ અત્યાર સુધી તેની કોઈને જાણ નહોતી.

આ સુરક્ષા ખામીઓની જાણ થતાં જ વેબસાઈટ ચલાવતી સંસ્થાઓ સામે તેમની સિસ્ટમને સુરક્ષિત કરવાનો મોટો પડકાર આવી ગયો. ૨૧ ઑક્ટોબરે PHP માટે સુરક્ષા અપડેટ બહાર પાડવામાં આવી. ખાસ વાત એ છે કે, PHP ફાઉન્ડેશને સંસ્થાઓ અને કંપનીઓને શક્ય તેટલી વહેલી તકે આ અપડેટ ઈન્સ્ટોલ કરવાની સલાહ આપી છે. પરંતુ કોઈ મોટી વેબસાઈટને સુરક્ષિત કરવી એ માત્ર એક બટન દબાવવા જેટલું સરળ નથી હોતું. ડેવલપર્સે એ જોવું પડે છે કે વેબસાઈટ PHPના કયા વર્ઝન પર ચાલી રહી છે અને અપડેટ કર્યા પછી વેબસાઈટ યોગ્ય રીતે કામ કરી રહી છે કે નહીં.

આ જ કારણથી કેટલીક સંસ્થાઓએ તેમની વેબસાઈટ્સને કામચલાઉ ધોરણે ઑફલાઈન કરી દીધી. લોકો માટે તેમની વેબસાઈટ ખોલવાની સુવિધા બંધ કરી દેવામાં આવી, જેથી સુરક્ષા તપાસ અને જરૂરી ફેરફારો કરી શકાય. વિકિમીડિયા, ફિનલેન્ડની કેટલીક સરકારી વેબસાઈટ્સ અને સ્કોટલેન્ડની ઘણી જાહેર સેવાઓએ તેમની વેબસાઈટ્સ કે પેજ બંધ કર્યા છે. નેધરલેન્ડ્સની સાયબર સિક્યોરિટી એજન્સીએ પણ સાવચેતીના પગલાં લીધા છે. જાણકારોના મતે યુરોપમાં તેની અસર વધારે જોવા મળી હતી.

## નાનકડી ભૂલ અને એટેકર ડેટાબેઝ એક્સેસ કરી માલવેર ઈન્સ્ટોલ કરે છે

હકિકતે RCE એટલે કે કોઈપણ અનધિકૃત બહારની વ્યક્તિ નેટવર્ક કે ઈન્ટરનેટ દ્વારા સર્વર પર પોતાના મનસ્વી કમાન્ડ્સ કે સ્ક્રિપ્ટ્સ રન કરાવી શકે છે. સામાન્ય સ્થિતિમાં વેબ સર્વર યુઝર પાસેથી માત્ર ડેટા (જેમ કે ફોર્મ ઈનપુટ, URL પેરામીટર, હેડર) લે છે અને પોતાની પૂર્વ-નિર્ધારિત સ્ક્રિપ્ટ મુજબ જ કામ કરે છે. આ ખામીમાં એટેકર એવા દૂષિત ઈનપુટ મોકલે છે જેને સર્વર ડેટા ગણવાને બદલે ભૂલથી એક્ઝિક્યુટેબલ કોડ તરીકે ટ્રીટ કરીને રન કરી દે છે. આનાથી એટેકરને કોઈ પણ યુઝરનેમ કે પાસવર્ડ વિના સર્વરની શેલ અથવા સિસ્ટમ પ્રિવિલેજ મળી જાય છે. હકિકતે PHP એ C લેંગ્વેજમાં લખાયેલું છે. આ પ્રકારની ૧૦ વર્ષ જૂની RCE ખામીઓ સામાન્ય રીતે કેટલીક ટેકનિકલ સમસ્યાઓમાંથી ઉદ્ભવે છે. સૌથી પહેલાં PHP જ્યારે C લેવલ પર ડેટા સ્ટ્રક્ચર્સ, એરે કે સ્ટ્રિંગ્સ હેન્ડલ કરે છે, ત્યારે ફાળવેલી મેમરી કરતાં મોટો ડેટા પ્રોસેસ થતાં મેમરી ઓવરફ્લો થઈ શકે છે. આનાથી એટેકર સર્વર મેમરીમાં પોતાના ઈન્સ્ટ્રક્શન પોઈન્ટરને નિયંત્રિત કરીને પોતાનો કોડ એક્ઝિક્યુટ કરી શકે છે. હવે PHPમાં ઑબ્જેક્ટ્સને સ્ટોર કે ટ્રાન્સફર કરવા માટે સીરિયલાઈઝ અને અનસીરિયલાઈઝનો ઉપયોગ થાય છે. જો અવિશ્વસનીય ઈનપુટને યોગ્ય વેલિડેશન વગર અનસીરિયલાઈઝ કરવામાં આવે, તો PHPના મેજિક મેથડ્સનો દુરુપયોગ કરીને 'POP ચેઈન્સ' મારફતે સીધો કોડ એક્ઝિક્યુટ કરાવી શકાય છે. આ સિવાય PHP સર્વર પર આવતી ખાસ HTTP રિક્વેસ્ટને જ્યારે C લાઈબ્રેરીઓ પાર્સ કરે છે, ત્યારે ખાસ કેરેક્ટર્સ (જેમ કે \0 નલ બાઈટ્સ અથવા એસ્કેપ સિક્વન્સ) યોગ્ય રીતે ફિલ્ટર ન થાય તો તે ઈન્ટરનલ ફંક્શન કોલને હાઈજેક કરી શકે છે. આ સંજોગોમાં એટેકર ડેટાબેઝ એક્સેસ કરે છે અથવા પર્સિસ્ટન્ટ માલવેર ઈન્સ્ટોલ કરે છે.

ઉલ્લેખનીય છે કે, Wiz અને અન્ય રિસર્ચ ટીમોએ એઆઈ મોડલ્સની મદદથી PHPના કોડની તપાસ કરી અને એવી નબળાઈઓ શોધી કાઢી, જેના પર લાંબા સમયથી કોઈનું ધ્યાન ગયું ન હતું. સાયબર સિક્યોરિટી કંપની કેલિફે પણ ઓપન એઆઈના ફંડિંગથી PHPના કોડનું ઑડિટ કરતી વખતે આ ખામીઓની ઓળખ કરી હતી. સામાન્ય રીતે સાયબર સિક્યોરિટી નિષ્ણાતો સૉફ્ટવેરના કોડની તપાસ કરે છે, સંભવિત ભૂલો શોધે છે અને જુએ છે કે કોઈ હુમલાખોર તે ભૂલોનો ફાયદો કેવી રીતે ઉઠાવી શકે છે. કોડના વિશાળ જથ્થાને તપાસવો એ એક લાંબી પ્રક્રિયા છે. આ દરમિયાન ઓપન એઆઈએ આ ખામીઓને તાજેતરના સમયની સૌથી પ્રબળ સુરક્ષા નબળાઈઓ પૈકીની એક ગણાવી છે. કંપનીના જણાવ્યા મુજબ, આ એ વાતનો સંકેત છે કે એઆઈ હવે મોટા પાયે ઉપયોગમાં લેવાતા સૉફ્ટવેરમાં રહેલી ગંભીર સુરક્ષા ખામીઓ શોધવામાં મદદ કરી શકે છે.

જ્યારે કોઈ ગંભીર ખામીની માહિતી સાર્વજનિક થઈ જાય છે, ત્યારે સાયબર ગુનેગારો પણ તેનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરી શકે છે. સિંગાપોરમાં જેમ્સ કૂક યુનિવ સટીના સાયબર સિક્યોરિટી નિષ્ણાત સ્ટીવ કેરીસને AFPને જણાવ્યું હતું કે AI જેવા ટૂલ્સ સાથે સંકળાયેલી માહિતી સામે આવ્યા પછી લોકો તેનો ખૂબ જ ઝડપથી દુરુપયોગ કરી શકે છે. તેના કારણે જ સાયબર સિક્યોરિટી નિષ્ણાતોના મતે, આવા કિસ્સાઓમાં વેબસાઈટ ચલાવતી સંસ્થાઓએ કેટલાક નક્કર પગલાં ભરવાં જોઈએ. જાણકારોના મતે સૌથી પહેલાં તો PHPનું પ્રભાવિત વર્ઝન ઉપયોગમાં લેવાઈ રહ્યું છે કે નહીં તેની તપાસ કરો. ત્યારબાદ સત્તાવાર સુરક્ષા અપડેટ્સ અને પેચ શક્ય તેટલી વહેલી તકે ઈન્સ્ટોલ કરો. આ ઉપરાંત વેબસાઈટ સાથે જોડાયેલી થર્ડ-પાર્ટી સેવાઓ અને સૉફ્ટવેરની પણ તપાસ કરો. તે સિવાય સર્વરના લૉગ્સ અને સિક્યોરિટી એલર્ટ્સ પર નજર રાખો, જેથી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ પકડી શકાય. સૌથી મહત્ત્વની વાત એ છે કે, જો સિસ્ટમ સાથે છેડછાડના સંકેત મળે, તો તેની તપાસ કરો અને જરૂર પડ્યે પાસવર્ડ કે એક્સેસ ક્રેડેન્શિયલ્સ બદલો.




ન્યુઝ ફોકસ

### ઉનાળાની મોસમમાં ૩૨ હજાર મોત પાછળ એક્સ્ટ્રીમ હીટ જવાબદાર : નેચર હેલ્થનો અહેવાલ

# યુરોપમાં કાળઝાળ ગરમીથી ૫૦ હજાર લોકોનાં મોત

(પીટીઆઈ) વૉશિંગ્ટન, તા. ૨૩

નેચર હેલ્થ જર્નલના લેટેસ્ટ અહેવાલમાં યુરોપના આ વર્ષના ઉનાળાનું એનાલિસિસ થયું હતું. અહેવાલ પ્રમાણે ૨૦૦૦ના વર્ષથી ૨૦૨૬ સુધીમાં યુરોપના દેશો માટે આ ઉનાળો સૌથી જીવલેણ હતો. ૨૦૨૬માં યુરોપના શહેરો એક્સ્ટ્રીમ હીટવેવનો ભોગ બન્યાં. ૨૦૨૨ના ઉનાળામાં યુરોપમાં ૨૯ હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. એ અત્યાર સુધીનો સૌથી જીવલેણ ઉનાળો હતો. આ વર્ષે ગરમીના બધા જૂના રેકોર્ડ તૂટી ગયા હતા. સંશોધકોના તારણ પ્રમાણે મે-જૂન અને જુલાઈનો સમય યુરોપ માટે દુઃસ્વપ્ન બની રહ્યો હતો.

## જૂનથી ઓગસ્ટ વચ્ચે યુરોપના નાના-મોટાં ૮૫૪ શહેરોમાં હીટવેવનો હાહાકાર વર્તાયોઃ ચાર વર્ષમાં મૃત્યુ આંકમાં ૭૧ ટકાનો વધારો

નેચલ હેલ્થના અહેવાલ પ્રમાણે યુરોપમાં ૨૦૨૬ના ઉનાળા દરમિયાન હીટવેવના કારણે ૮૫૪ શહેરોમાં ૫૦,૩૯૧ લોકોનાં મોત થયા હતા. ચિંતાજનક બાબત એ છે કે તેમાંથી ૩૨,૬૧૯ લોકોનાં મોત પાછળ ક્લાઈમેટ ચેન્જ જવાબદાર છે. યુરોપમાં ક્લાઈમેટ ચેન્જની આટલી ગંભીર અસર અગાઉ ક્યારેય જોવા મળી નથી.

૨૦૨૨માં મૃત્યુઆંક ૨૯,૪૮૦ હતો, તેની સામે આ વર્ષે ૭૧ ટકાનો વધારો નોંધાયો હતો. સંશોધકોના કહેવા પ્રમાણે આ આંકડા માત્ર નાના-મોટાં શહેરોના જ હોવાથી ખરેખર મૃત્યુઆંક વધારે મોટો હોઈ શકે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે કુલ મૃત્યુમાંથી ત્રીજા ભાગનાં મોત ૧૭ જૂનથી ૧લી જુલાઈ વચ્ચેના માત્ર બે અઠવાડિયામાં જ નોંધાયાં હતાં. જૂન અને જુલાઈના મહિનાઓમાં તાપમાન સરેરાશથી ૫.૩ ડિગ્રી ઊંચું ગયું હતું એટલે કેટલાક શહેરોમાં તો તાપમાનનો પારો એવરેજથી૧૨ ડિગ્રી ઊંચો ગયો હતો. ઈટાલી, ફ્રાન્સ, સ્પેન અને જર્મનીમાં સૌથી વધારે અસર થઈ હતી. યુરોપ માટે આ સમય સૌથી અસહ્ય બની રહ્યો.

**જૂન-જુલાઈમાં તાપમાન સરેરાશથી પાંચ ડિગ્રી સુધી વધી જતાં ૮૦ વર્ષથી વધુની વયના લોકો માટે ઉનાળો ઘાતક બન્યો**

વયોવૃદ્ધો માટે આ વર્ષનો ઉનાળો જીવલેણ બન્યો હતો. મૃતકોમાં ૫૦ ટકાથી વધુ લોકો ૮૫ વર્ષથી વધુ વયના વૃદ્ધો હતા, જ્યારે ૨૦થી ૪૪ વર્ષની વયના ૮૦૦થી વધારે યુવાનોએ પણ જીવ ગુમાવ્યો છે. ઈમ્પિરિયલ કોલેજ લંડનના સંશોધકોએ આધુનિક કમ્પ્યુટર મોડેલ દ્વારા સાબિત કર્યું કે ક્લાઈમેટ ચેન્જના કારણે હીટવેવની સ્થિતિ ન આવી હોત તો આટલા લોકોનાં મોત થયા ન હોત. ૨૦૦૦ના દાયકાની સરખામણી કરીને સંશોધકોએ કહ્યું કે ૨૦૦૦ના વર્ષમાં ગ્લોબલ વોર્મિંગથી થતાં મૃત્યુનું પ્રમાણ

(અનુસંધાન ૧૧મે પાને)

### તિબેટમાં ૭ની તીવ્રતાનાં ભૂકંપ બાદ સંખ્યાબંધ આંચકાં અનુભવાયા

## ચીન, પાકિસ્તાન, અફઘાનિસ્તાનમાં પણ ધરતી ધ્રુજી : તિબેટમાં ૧૬નાં મોત

(પીટીઆઈ) બેઈજિંગ, તા. ૨૩

તિબેટમાં ૭ રિક્ટર સ્કેલની તીવ્રતાનો ભૂકંપ આવ્યો એ પછી આસપાસમાં હળવા આંચકા અનુભવાયા હતા. ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ ૪.૧થી લઈને ૪.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જોકે, આ દેશોમાં કોઈ જાનમાલની હાનિ થઈ નથી. તિબેટમાં ત્રાટકેલા ભૂકંપથી ૧૬નાં મોત થયા હતા અને ૭૬ને ગંભીર ઈજા પહોંચી છે. આ શહેરની નજીક ૧૦ કિલોમીટર પૃથ્વીના પેટાળમાં ભૂકંપનું એપી સેન્ટર હતું.

### તિબેટમાં ૩૦૦ મકાનો ધરાશાયી, ૭૬ને ઈજા : ૧૩ હજાર લોકોનું સ્થળાંતર, ચીને સેટેલાઈટ અને ડ્રોનથી નુકસાનીનો સર્વે શરૂ કર્યો

તિબેટના ધરતીકંપમાં ૩૩૯થી વધુ મકાનો ધરાશાયી થયા હતા. મધરાતે આવેલા ભૂકંપ પછી અંધાધૂંધી સર્જાઈ હતી. લોકો તુરંત રેસ્ટોરાં દુકાનો, મકાનોમાંથી બહાર આવી ગયા હતા અને ફરી ભૂકંપ આવશે તેવી બીકે મોડે સુધી બહાર જ રહ્યા હતા. ચીનની સરકારે સેટેલાઈટ અને ડ્રોનની મદદથી નુકસાનીનો સર્વે શરૂ કર્યો હતો. ડ્રોનની મદદથી કાટમાળમાં દટાયેલા લોકોની ભાળ મેળવવાની તજવીજ શરૂ થઈ હતી. તિબેટના પર્વતીય પ્રદેશમાં આવેલા બાકેન કાઉન્ટી વિસ્તારમાં ટાઉનશિપ નીચે ધરતીના પેટાળમાં ૧૦ કિલોમીટર ભૂકંપનું કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું છે. આ શહેર પાટનગર લ્હાસાથી ૩૯૦ કિ.મી. ઉત્તર પૂર્વે અને નાગકુ શહેરથી

(અનુસંધાન ૧૧મે પાને)

### ખેડૂત સંગઠનો, ટ્રેડ યુનિયનો જેન-ઝી સાથે વિરોધમાં જોડાયા

## જ્ઞાનેશ કુમાર સામે વિરોધ શરૂ, ચૂંટણી પંચને ઘેરવા જતા અનેકની અટકાયત

નવી દિલ્હી, તા. ૨૩

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શનો વધવા લાગ્યા છે. વોટચોરી, કરોડો મતદારોના નામોને યાદીમાંથી રદ કરવા સહિતના આરોપોનો સામનો કરી રહેલા જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે શુક્રવારે દિલ્હી સહિત અનેક સ્થળે વિરોધ પ્રદર્શનો થયા હતા. અત્યાર સુધી માત્ર જેન-ઝી અને વિપક્ષ જ વિરોધ કરી રહ્યો હતો હવે તેમાં ખેડૂતો, ટ્રેડ યુનિયનો, એક્ટિવિસ્ટ્સ પણ જોડાયા છે અને ચૂંટણી પંચની ઓફિસો તરફ રેલીઓ કાઢી હતી.

### ૧૮ રાજ્યોના ૮૮ શહેરોમાં શુક્રવારથી ૧ નવેમ્બર સુધી દેખાવો ચાલશે, ૧૪૫થી વધુ સંગઠનો સામેલ થશે : આયોજકો

દિલ્હીમાં ચૂંટણી પંચના હેડક્વાર્ટર્સ તરફ હજારો લોકો દ્વારા માર્ચ કાઢવામાં આવી હતી, જેમાં ખેડૂત સંગઠનો, ટ્રેડ યુનિયન, વિદ્યાર્થી સંગઠનો, ડાબેરી પક્ષો સહિતના દ્વારા સંયુક્ત રીતે શુક્રવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો વિરોધ કરવામાં આવ્યો હતો. અશોકા રોડ પર આવેલ મુખ્ય ચૂંટણી કમિશનની ઓફિસ તરફ માર્ચ કાઢી રહેલા અનેક લોકોની બંગલા સાહિબ ગુરુદ્વારા પાસે બેરિકેડ્સ લગાવીને અટકાયત કરવામાં આવી હતી. પ્રદર્શનકારીઓના હાથમાં તિરંગો અને જ્ઞાનેશ કુમારની ટીકા કરતા પોસ્ટરો જોવા મળ્યા હતા. દિલ્હીમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહિતના પ્રદર્શનકારીઓની પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી.

અગાઉ કૃષિ કાયદાઓ મુદ્દે સરકારને ઝુકાવી ચુકેલ ખેડૂત સંગઠન સંયુક્ત કિસાન મોરચા પણ આ આંદોલનમાં સામેલ થયું છે. વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી હતી. પીપલ્સ અગેન્સ્ટ એસઆઈઆર ફોરમે કહ્યું હતું કે ૧૮

(અનુસંધાન ૧૩મે પાને)

**નેહાએ બોન્ડ સાઈન કરવા પડશે : હાઈકોર્ટમાં રાહત નહીં**

## સરકારને 'જગાડવા' મણિપુરમાં હજારો લોકો 'સાઉન્ડ પ્રોટેસ્ટ' પર ઉતર્યા

મણિપુરમાં વધી રહેલી હિંસાની ઘટનાઓ વચ્ચે હવે આમ નાગરિકો શાંતિની અપીલ કરી રહ્યા છે. સતત હત્યાઓ અને કાયદો વ્યવસ્થા જાળવવામાં સરકારની નિષ્ફળતા સામે હજારો લોકો રસ્તા પર ઉતર્યા હતા. જોકે તેમના વિરોધ પ્રદર્શનની પદ્ધતિ અલગ હતી, આ રેલીને સાઉન્ડ પ્રોટેસ્ટ નામ આપવામાં આવ્યું હતું, સરકાર સુધી અવાજ પહોંચાડવા માટે લોકોએ ઘોંઘાટનો સહારો લીધો હતો. હોર્ન વગાડવા, શાળી વાસણો હાથમાં લઈને હજારો લોકો રસ્તા પર ઉતર્યા હતા. કેટલાક પ્રદર્શનકારીઓ ઢોલ નગારા વગાડતા વગાડતા નીકળ્યા હતા. એક પ્રદર્શનકારીએ કહ્યું હતું કે અમે અવાજ કરી રહ્યા છીએ કે જેથી સરકાર અને અમે ચૂંટેલા નેતાઓ અમારો અવાજ સાંભળે. કેટલાક પ્રદર્શનકારીઓએ ફટાકડા પણ ફોડ્યા હતા. મણિપુરના પાંચ ઘાટી જિલ્લાઓમાં આ અનોખા વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતા. જોકે શાંતિ માટે યોજાયેલ આ વિરોધ પ્રદર્શનો રોકવા માટે પોલીસે રાજધાની ઈમ્ફાલના તમામ વિસ્તારોમાં ૧૦ મિનિટ સુધી લાઈટ બંધ કરાવી દીધી હતી. બાદમાં ટોળાને વિખેરવા માટે પોલીસ દ્વારા ટીયર ગેસના શેલનો મારો ચલાવવામાં આવ્યો હતો. લોકભવનનો ઘેરાવ કરવા આવેલી જનતાને રોકવા માટે પોલીસ જવાનો તૈનાત કરાયા હતા સાથે જ અનેક બેરિકેડ્સ લગાવાયા હતા.

### બ્રિટનમાં શરદ પૂનમ વહેલી આવી



વિશ્વભરમાં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં ગુજરાત ધબકતું રહે છે. ભારતમાં થોડા દિવસ પહેલા જ નવરાત્રિ સમાપ્ત થઈ. બીજી તરફ, બ્રિટનમાં નવરાત્રિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. લેસ્ટરમાં શરદ પૂનમના ગરબા ત્રણ દિવસ વહેલા યોજાયા હતા. જેમાં, મોટી સંખ્યામાં ગુજરાતીઓએ ગરબાની રમઝટ માણી હતી.

### મેટા સીઈઓ શેર વેચીને કંપનીમાં ડોલર લાવશે

## ઝુકરબર્ગની મેટા સાથે ડીલ, જરૂર પડે તો ટેક્સ ચૂકવણીમાં મદદ કરવા તૈયારી

વૉશિંગ્ટન,તા.૨૩

અમેરિકન સોશિયલ મીડિયા જાયન્ટ ફેસબૂકની માલિક કંપની મેટાના સર્વેસર્વા માર્ક ઝુકરબર્ગે કંપની સાથે ડીલ કરી છે કે કેલિફોર્નિયા રાજ્યનો અબજપતિઓ પરનો પ્રસ્તાવિત વેરો ચૂકવવાનો આવ્યો તો તે તેણે સ્થાપેલી કંપનીની માલિકી ગુમાવ્યા વગર મેટાના બોર્ડને વેરાની ચૂકવણીમાં મદદ કરશે, એમ આ સપ્તાહે પ્રકાશિત થયેલા રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવાયું છે.

### બિલિયોનર ટેક્સનો કાયદો પસાર થાય તો ઝુકરબર્ગે ટેક્સ પેટે ૧૧ અબજ ડોલર ચૂકવવાના આવે

મતદારો ત્રીજી નવેમ્બરના રોજની ચૂંટણી ચુકાદો આપે તેના પછી કેલિફોર્નિયા રાજ્યમાં એક અબજ કરતાં વધુ સંપત્તિ ધરાવનારાઓ પર પાંચ ટકા વેરો લાગી શકે છે. ઝુકરબરંગ વિશ્વનો છઠ્ઠા નંબરનો અબજપતિ છે. તેની સંપત્તિ ૨૨૦ અબજ ડોલર કરતાં વધારે છે, એમ ફોર્બ્સનું કહેવું છે. તેના લીધે તેના પર કર જવાબદારી ૧૧ અબજ ડોલર થાય છે. ઝુકરબર્ગ આ માટે નવા કેટલાક નો-વોટિંગ શેરનું વેચાણ કરશે અને તેમા વેલ્થ ટેક્સ પેટે ચૂકવવામાં આવનારી રકમનો પણ સમાવેશ થાય છે.

ટેક જાયન્ટે જાહેર કરેલા પગલાં મુજબ ઝુકરબર્ગ કંપનીમાં બહુમતીની સાથે માલિક તરીકે પણ જારી રહેવાના છે. ઝુકરબર્ગે જણાવ્યું હતુ કે તે એક સમયે જો પ્રસ્તાવિત વેરા બિલ કાયદો બને તે પાલો એલ્ટોનું નિવાસ્થાન વેચવાનું વિચારતો હતો, પરંતુ હવે તેણે કંપની સાથે ડીલ કર્યુ છે અને તેના લીધે તેણે મકાન વેચવું નહી પડે. તેણે કેલિફોર્નિયામાં કમસેકમ આઠ વર્ષ સુધી રહેવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. કેલિફોર્નિયામાં અબજપતિઓની સંખ્યા નોંધપાત્ર છે. ઝુકરબર્ગ પોતે કંપનીમાંથી છેક ૨૦૧૩થી એક ડોલરનો વાર્ષિક પગાર લે છે.

### વાયરલ થવા કરેલા ઓનલાઈન ડ્રામાનો આખરે અંત

## વ્યૂ માટે ૩૦ વર્ષની યુવતીનું ૭૫ વર્ષના વૃદ્ધ સાથે લગ્નનું 'નાટક'!

લખનઉ, તા. ૨૩

ઉત્તર પ્રદેશના ઓરેયામાં ૭૫ વર્ષના વયોવૃદ્ધ સાથે ૩૦ વર્ષની મહિલાના લગ્ન થયા હતા. સોશિયલ મીડિયામાં આ ઘટના ખૂબ વાયરલ થઈ હતી. હવે એમાં નવો ખુલાસો થયો છે કે આ લગ્ન તો ફેક હતા. લાઈક્સ અને વ્યૂ મેળવવા માટે થયેલું નાટક હતું. જે યુવતીએ વયોવૃદ્ધ સાથે લગ્ન કર્યા છે તેણે જ ખુલાસો કર્યો છે.



ઉત્તર પ્રદેશમાં લગ્નની એક ઘટના ભારે વાયરલ થઈ હતી. રામસુગર નામના એક ૭૫ વર્ષના વયોવૃદ્ધના લગ્ન તેમની દીકરીની જ બહેનપણી રાની સાથે થયા હતા. એ ઘટનાના વીડિયોઝ સોશિયલ મીડિયામાં ચર્ચાસ્પદ બન્યા હતા અને ઘટના ભારે વાયરલ થઈ હતી. એ મુદ્દે વિવાદ ત્યારે શરૂ થયો હતો જ્યારે રામસુગરની દીકરી રાધાએ જ એક વીડિયોમાં કહ્યું હતું કે આ અયોગ્ય છે.

રાધાનો વીડિયો સામે આવ્યો તે પછી હવે રાનીનો વીડિયો પણ આવ્યો છે. રાનીએ સ્વીકાર્યું કે આ ઘટના માત્ર ઓનલાઈન ડ્રામા માટે બનાવવામાં આવી હતી. તેના લગ્ન

(અનુસંધાન ૧૩મે પાને)

**યુપીની ઘટના : બહેનપણીના પિતા સાથે લગ્ન કરવા જનારી યુવતી બે બાળકોની માતા હોવાનો ખુલાસો**

### ૩૪ ઘાયલો પૈકી ૨૭ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ

## જોર્ડનમાં એક ચર્ચમાં અંતિમ સંસ્કાર દરમિયાન ગોળીબાર : સાતનાં મોત

(પીટીઆઈ) જેરુસલેમ, તા. ૨૩

જોર્ડનમાં એક ચર્ચમાં અંતિમ સંસ્કાર દરમિયાન બંદૂકધારીઓએ કરેલા ગોળીબારમાં સાત લોકોનાં મોત થયા છે અને અન્ય ૩૪ લોકો ઘાયલ થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

### રાજધાની અમ્માનથી ૧૮૦ કિ.મી. દક્ષિણમાં કરકનાં એક ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચમાં બનેલી આતંકી ઘટના

આ ગોળીબાર રાજધાની અમ્માનથી લગભગ ૧૮૦ કિલોમીટર દક્ષિણમાં કરકનાં એક ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચમાં કરવામાં આવ્યો હતો.

જોર્ડનનાં સરકારી ટેલિવિઝન પર કરવામાં આવી રહેલા પ્રસારણ મુજબ બે બંદૂકધારીઓ ચર્ચની તરફ આવતા ગોળીઓ ચલાવતા જોવા મળી રહ્યાં છે. તેમના હાથોમાં પિસ્તોલ દેખાઈ રહી છે.

ત્યારબાદ એક ત્રીજી વ્યકિત આવે છે અને તે સેમી ઓટોમેટિક રાયફલથી ગોળીબાર શરૂ કરે છે. ત્યારબાદ ત્રણેય હુમલાખોરો ચર્ચની તરફ ભાગે છે.

સરકાર દ્વારા જારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ હુમલો અજ્ઞાત હુમલાખોરો દ્વારા કરવામાં આવ્યો હતો. જો કે એ બતાવવામાં આવ્યું નથી કે ત્રણ પૈકી કોઈ પણ હુમલાખોરને પકડવામાં આવ્યો છે કે નહીં. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઘટનાની તપાસ ઝડપથી કરવામાં આવી રહી છે. જોર્ડનનાં ડાયરેક્ટર ઓફ પબ્લિક સિક્યુરિટી મેજર જનરલ ઓબેદુલ્લાહે જણાવ્યું છે કે ઘાયલો પૈકી ૨૭ લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. કિંગ અબ્દુલ્લાહ દ્વિતીયે એક્સ પર જણાવ્યું છે કે જોર્ડન કરકને નિશાન બનાવી કરવામાં આવેલા આંતકવાદી હુમલાનો દોષિતોને કડક સજા આપશે.

તેમણે મૃતકોનાં પરિવાર પ્રત્યે ઉંડી સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોનાં ત્વરિત સાજા થવાની પ્રાર્થના કરી હતી. કરકમાં લઘુમતિ ખ્રિસ્તીઓની વસ્તી રહે છે. વર્ષ ૨૦૧૬માં કરકમાં બંદૂકધારીઓએ પોલીસ પર અનેક હુમલાઓ કર્યા હતાં. આ હુમલામાં સાત પોલીસ અધિકૌરીઓ સહિત ૧૦ લોકોનાં મોત થયા હતાં.

### સર્બિયામાં લાખો વિદ્યાર્થીઓની અભૂતપૂર્વ રેલી



સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં ગુરુવારે વિદ્યાર્થી આંદોલનને ટેકો આપતા હજારો લોકો એકત્ર થયા હતા. વિદ્યાર્થીઓએ આગામી રવિવારે યોજાનારી સંસદીય ચૂંટણી પહેલાં સત્તાધારી સર્બિયન પ્રોગ્રેસિવ પાર્ટી સામે પોતાની ઉમેદવારી નોંધાવી છે. એરિયલ ફોટોગ્રાફમાં બેલગ્રેડના કેન્દ્રમાં સ્લેવિજા ચોકમાં વિશાળ ભીડ દેખાઈ રહી છે. અહેવાલો અનુસાર, લાખો લોકો ધ્વજ લહેરાવતા અને નારા લગાવતા જોવા મળ્યા હતા. આ આંદોલન નવેમ્બર ૨૦૨૪માં નોવી સાદ રેલ્વે સ્ટેશનની કેનોપી ધરાશાયી થવાની ઘટનાથી શરૂ થયું હતું. જેમાં, ૧૬ લોકોના મોત થયા હતા. બીજી તરફ, રાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપીને વડાપ્રધાનપદ માટે ચૂંટણી લડી રહેલા અલેક્ઝાન્ડર વુચિચે બેલગ્રેડના અન્ય ભાગમાં પોતાની છેલ્લી રેલી યોજી હતી.

### ભારતના ક્રૂડ ઓઈલ બિલમાં તોળાતો જંગી વધારો

## સાઉદીમાં વધુ હુમલાની આશંકાથી ક્રૂડ ભડકે બળતાં બ્રેન્ટ ૧૧૬ ડોલરને પાર

દુબઈ,તા.૨૩

સાઉદી અરબ પર વધતા હુમલા અને વિશ્વનો ઓઈલ પુરવઠો અવરોધાવવાના ભયથી ક્રૂડ ઓઈલ ભડકે બળ્યું છે અને બ્રેન્ટ ક્રૂડે ૧૧૬ ડોલરની સપાટી વટાવી દીધી છે તો ડબલ્યુટીઆઈ ક્રૂડે ૧૦૦ ડોલરની સપાટી તોડી છે. તેના લીધે ભારત જેવા દેશમાં મોંઘવારીની સાથે પેટ્રોલ-ડીઝલના ભાવ પર દબાણ વધી શકે છે.ક્રૂડ ઓઈલમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો થાય તો સરકારી કંપનીઓને લગભગ છ રુપિયે પ્રતિ લિટર નુકસાન થાય છે. ઈરાન-અમેરિકા યુદ્ધથી ક્રૂડ ઓઈલ ૮૫ ટકા મોંઘુ થઈ ચૂક્યું છે. આમ છતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલના રેટ ૮.૫૦ રૂપિયા જ વધ્યા છે. જ્યારે દુબઈ જેવા દુબઈમાં પેટ્રોલ ભારત કરતાં વધુ મોંઘુ થઈ ગયું છે.

### હોર્મુઝમાં મંજૂરી વગર પસાર થનારા જહાજો સામે ઈરાને આકરી ચેતવણી આપી : અગાઉ સાત ટેન્કરો પર હુમલો કર્યો હતો

આ અગાઉ ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૧૧૩ ડોલર અને ડબલ્યુટીઆઈ ક્રૂડ ૯૯ ડોલર હતુ. ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો ભારત જેવા દેશનું ક્રૂડ આયાત બિલ વધારી શકે છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સાઉદી અરબના રેડ સીમાં યાનબૂ બંદર પર તાજેતરમાં હુમલો કરવા ઉપરાંત એક ઓઈલ ઝોન અને એરપોર્ટ પર પણ હુમલાનો દાવો કર્યો છે. આ ઘટનાથી પશ્ચિમ એશિયામાં તનાવ વધવાની સંભાવના છે અને તેની અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલ બજાર પર પણ પડી રહી છે.

આ સિવાય હોર્મુઝની ખાડીમાં પણ તણાવ વધવાની શંકા પણ બજાર પર દબાણ વધારી રહી છે. આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઓઈલ પુરવઠા માટે મહત્ત્વનો છે. અહીં કોઈપણ પ્રકારના અવરોધથી ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના પુરવઠા પર અસર પડી શકે છે. ઈરાને

(અનુસંધાન ૧૧મે પાને)

**ભાવને અંકુશમાં લાવવા રશિયાએ મોટાપાયા પર ક્રૂડ ઓઈલનું ઉત્પાદન શરૂ કર્યુ અને તેની રિફાઈનરીઓ ધમધમવા લાગી**

### ખાનગીકરણના વિરોધમાં ૪૦ હજાર વીજકર્મીઓની હડતાળ

## હરિયાણામાં ૪૦ કલાક સુધી ૧૦ લાખ ઘરો, ઓફિસો, ફેક્ટરીઓમાં અંધારપટ

ગુરુગ્રામ, તા.૨૩

હરિયાણામાં ખાનગીકરણના વિરોધમાં ૪૦,૦૦૦ જેટલા વીજ કર્મચારીઓ હડતાળ પર જતાં વીજકટોકટી સર્જાતા રાજયના ૨૩ જિલ્લામાં આઠથી ૧૦ લાખ ઘરો અને ઓફિસોમાં અંધારપટ છવાઈ ગયો હતો. રાજયમાં અનેક જિલ્લામાં ૪૦ કલાક સુધી વીજપુરવઠો ખોરવાઈ જતા ઘરો, ઓફિસો, ફેક્ટરીઓ ઠપ થઈ ગયા હતા. ગુસ્સે ભરાયેલા લોકોએ અનેક સ્થળો પર ટ્રાફિક જામ કરી ભારે હોબાળો મચાવતા સ્થિતિ કથળી હતી. અંતે બે દિવસે સફાળી જાગેલી સરકારે વીજ કર્મચારીઓ સાથે બેઠક કર્યા પછી તેમણે હડતાળ ખતમ કરવાની જાહેરાત કરી હતી.

### બે દિવસે સફાળા જાગેલા સીએમ સૈનીએ ખાનગી વીજકંપનીના લાયસન્સ રદ કરવાની હૈયાધારણ આપતા અંતે હડતાળ રદ

હરિયાણામાં ગુરુગ્રામ અને નૂંહમાં ખાનગી કંપનીને વીજવિતરણનું લાઈસન્સ આપવા સાથે વીજક્ષેત્રના ખાનગીકરણના વિરોધમાં ૪૦ હજારથી વધુ વીજળી કર્મચારીઓની હડતાળથી અનેક જિલ્લામાં વીજપૂરવઠો ખોરવાઈ ગયો હતો, જેથી બે દિવસ સુધી વીજસંકટ સર્જાતા રાજ્યના અંદાજે ૧૦ લાખ જેટલા ઘરો, ઓફિસો અને ફેક્ટરીઓમાં અંધારપટ થઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

ગુરુગ્રામમાં ૪૦ કલાક સુધી ૫૦ ટકા ભાગમાં બ્લેકઆઉટની સ્થિતિ હતી. સ્માર્ટ સિટી ફરિદાબાદમાં પણ ૨૪ કલાક કરતાં વધુ સમય સુધી વીજ પૂરવઠો ખોરવાઈ ગયો હતો. ગુરુવારે પણ રાતે અનેક વિસ્તારોમાં વીજપૂરવઠો ખોરવાયેલો રહ્યો હતો. ગુસ્સેભરાયેલા લોકોએ રસ્તા જામ કરી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. નૂહમાં ૨૪ કલાક કરતા વધુ સમય સુધી વીજળી બંધ રહી હતી. અનેક શહેરોમાં બુધવાર રાતે ૧૦ વાગ્યાથી જ વીજપૂરવઠો ખોરવાઈ જવાનું શરૂ થયું હતું. આમ છતાં જિલ્લા તંત્ર કે

(અનુસંધાન ૧૧મે પાને)

**કલાકો સુધી વીજપૂરવઠો ખોરવાયેલો રહેવાથી સામાન્ય જનજીવન ઠપ થતા લોકો રસ્તા પર ઉતર્યા**



### એક બાજુ વીજકાપ, બીજી બાજુ વીજ ભાવ વધારો

# વીજ ગ્રાહકોને ઝટકોઃ રૂ.૨.૪૫ બેઝ ચાર્જ અને ૩.૯૯% વેરિએબલ સરચાર્જ ઝીંકાયો

અમદાવાદ,શુક્રવાર

એક બાજુ, ગુજરાતમાં વીજસંકટ ઘેરુ બન્યુ છે. ગામડાઓમાં કટકે કટકે વીજળી ગુલ થતાં ગ્રામજનો તોબા પોકારી ઉઠ્યાં છે. રવિ સિઝન વખતે વીજળી ન મળતાં ખેડૂતો ચિંતિત થયાં છે. ઉદ્યોગકારો પણ વીજકાપને લીધે સરકારથી ખફા છે ત્યારે કારમી મોંઘવારીથી પીડાતી ગુજરાતની આમજનતા માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. સરકારી વીજ કંપનીઓએ મધ્યમવર્ગીય પરિવારો, વેપારીઓ અને ઉદ્યોગકારો પર રૂ. ૨.૪૫નો બેઝ ચાર્જ અને ૩.૯૯ ટકા વેરિએબલ સરચાર્જ ઝીંકી દીધો છે પરિણામે હવે વીજળી વાપરવી પણ મોંઘી થઈ છે.

## સરકારની 'દિવાળી ગિફ્ટ': ઘર-દુકાન,ઓફિસના બિલમાં યુનિટ દીઠ ૩૦-૪૫ પૈસાનો વધારો થશે, લઘુ ઉદ્યાગો પર બોજ

એક બાજુ, ગામડાઓમાં સમારકામના બહાને કરાતાં વીજકાપ વચ્ચે હવે ખેતીવાડી ક્ષેત્રને બાદ કરતાંસામાન્ય વીજ ગ્રાહકોના ખિસ્સા પર આ આર્થિક બોજ લાદી દેવામાં આવ્યો છે. સૂત્રોના મતે. વીજ કંપનીઓએ નવો ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ

### વીજગ્રાહકોનો સવાલ, સરકાર અને વીજકંપનીઓ ઈંધણની ખરીદીનો પારદર્શક હિસાબ જાહેરમાં કેમ મૂકતી નથી?

ચાર્જ સપ્ટેમ્બરથી જાહેર કર્યો છે, પરંતુ તેની ગણતરી ૧ જુલાઈથી પાછલી અસરથી લાગુ કરવામાં નક્કી કર્યુ છે. આ કારણે જુલાઈ અને ઓગસ્ટ મહિનાની તફાવતની રકમ પણ ચાલુ મહિનાના બિલમાં એકસાથે ઉમેરી દેવાતા ગ્રાહકોના વીજ બિલ બમણા જેવા આવી રહ્યા છે. નોંધનીય છેકે, અગાઉ એપ્રિલથી જૂન દરમિયાન વેરિએબલ સરચાર્જ શૂન્ય હતો, જે હવે સીધો ૩.૯૯% કરી દેવાયો છે.

ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ ચાર્જને લીધે મધ્યમવર્ગના ઘર, દુકાનો અને આત્તફિસોના બિલમાં

(અનુસંધાન બીજા પાને)

**તમારું વીજળીનું બિલ આ રીતે વધશે**

| વીજ વપરાશ | અંદાજિત વધારો થશે |
|---|---|
| ૧૦૦ યુનિટ | રૂ. ૩૦થી રૂ. ૪૫ |
| ૩૦૦ યુનિટ | રૂ. ૯૦થી રૂ. ૧૩૫ |
| ૫૦૦ યુનિટ | રૂ. ૧૫૦ થી રૂ. ૨૨૫ |
| ૧ હજાર યુનિટ | રૂ. ૩૦૦ થી રૂ. ૪૫૦ |
| ૧૦ હજાર યુનિટ | રૂ. ૩ હજાર થી રૂ. ૪,૫૦૦ |

### અમદાવાદમાં દિવસે ૩૬.૮, રાત્રે ૨૧.૮ ડિગ્રી

# દિવસે ગરમી, મોડી રાત્રે ગુલાબી ઠંડીથી મિશ્ર સિઝન

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતના મોટાભાગના સ્થળોએ મોડી રાત્રે-વહેલી સવારે ગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ગયો છે. ગત રાત્રિના નલિયામાં ૧૯.૯ ડિગ્રી સાથે સિઝનમાં પ્રથમવાર લઘુતમ તાપમાન ૨૦થી નીચે નોંધાયું હતું.

## નલિયામાં ૧૯.૯ ડિગ્રી સાથે સિઝનમાં પ્રથમવાર તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધાયું

અમદાવાદમાં બપોરે ગરમી અને મોડી રાતના ઠંડીથી મિશ્ર સિઝન અનુભવાઈ રહી છે. આજે ૩૬.૮ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૬ ડિગ્રીનો વધારો થયો હતો જ્યારે ગત રાત્રિના ૨૧.૮ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદના સરેરાશ લઘુતમ તાપમાનમાં એક દિવસમાં ૩ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે. અમદાવાદમાં છેલ્લા ૧૫ વર્ષમાં ઓક્ટોબરમાં સૌથી નીચું ૧૪.૭ ડિગ્રી તાપમાન ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ના નોંધાયું હતું.રાજ્યમાંથી અન્યત્ર આજે રાજકોટમાં ૪૦.૩, ભુજમાં ૩૯.૬, પોરબંદરમાં ૩૮.૭, ડીસામાં ૩૮.૨ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

દુઃખદ અવસાન તથા બેસણાંની જાહેરાત માટે જુઓ પાના નં.૪

3 - 4 BHK
વ્યાજબી ભાવે
એસ. જી. હાઈવે, સોલા
હેબતપુરની આજુ બાજુ
M.9925108088

READY POSSESSION APARTMENT FOR SALE
The North 6600 SQFT
Pashmina 7700 SQFT
IKEBANA 8200 SQFT
BUNGALOWS FOR SALE AT GOKULDHAM SANATHAL
Goyal Green Park 843 SQYD
Gala Villa Lotus 1100 SQYD
Gala Villa Aqua 588-1442 SQYD
LUXEREFY 97129 76557

ઝુમ્મર
ઝુમ્મરોનું ભવ્ય
50
સેલ

# અદાણી ગેસે CNGના ભાવમાં પ્રતિ કિલોએ રૂ. ૪.૪૫નો વધારો કર્યો

અમદાવાદ,શુક્રવાર

દિવાળી નજીક આવી રહી છે ત્યારે મોંઘવારીનો વધુ એક ઝાટકો લાગ્યો છે. અદાણી ગેસ દ્વારા કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી)ના ભાવમાં પ્રતિ કિલો ૪.૪૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. તહેવારોમાં લોકો ખરીદી અને પ્રવાસનું આયોજન કરી રહ્યા છે ત્યારે આ ભાવવધારો અમલી બનતાં મોટરચાલકો અને ખાસ કરીને રિક્ષાચાલકોના ખિસ્સા પર મોટો આર્થિક બોજ આવ્યો છે. ઓગસ્ટ મહિનામાં જ અદાણી ગેસ દ્વારા પ્રતિ કિલો ચાર રૂપિયાનો વધારો કરાયો હતો. જેના કારણે એ વખતે સીએનજીનો ભાવ રૂપિયા ૯૪.૨૦ ઉપર પહોંચ્યો હતો. હવે ફરી એકવાર રૂપિયા ૪ રૂપિયા ૪૫ પૈસાનો વધારો કરાતાં અમદાવાદમાં અદાણી સીએનજીનો ભાવ વધીને પ્રતિ કિલો ૯૮.૪૭ રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચ્યો છે. છેલ્લા ૬ મહિનામાં ૧૬ રૂપિયા જેટલો ભાવ વધ્યો છે. સતત વધતા ગેસના ભાવને

(અનુસંધાન બીજા પાને)

## ભાવ વધીને હવે રૂ. ૯૮.૨૦ થયો : છેલ્લા ૬ મહિનામાં ૧૬ રૂપિયા જેટલો વધારો

**૬ મહિનામાં સીએનજીના ભાવમાં થયેલો વધારો**

| મહિનો | વધારો |
|---|---|
| ૨ એપ્રિલ | ૧.૫૦ |
| ૧૬ મે | ૨.૨૫ |
| ૨૭ મે | ૨.૦૦ |
| ૧૯ જુલાઈ | ૨.૦૦ |
| ૧ ઓગસ્ટ | ૪.૦૦ |
| ૨૩ ઓક્ટોબર | ૪.૪૫ |
| કુલ વધારો | ૧૬.૧૫ |




